અનાસક્તિયોગ

મહાત્મા ગાંધીએ ગુજરાતીમાં ઉતારેલી
શ્રીમદ્‌ભગવદ્‌ગીતા

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ- ૩૮૦૦૧૪

Digitized by the Internet Archive
in 2025

https://archive.org/details/isbn_8172291485

અનાસક્તિયોગ

મહાત્મા ગાંધીએ
ગુજરાતીમાં ઉતારેલી
શ્રીમદ્ ભગવદ્‌ગીતા

GANDHI BOOK CENTRE
Bombay Sarvodaya Mandal
299 Tardeo Road, Nana Chowk,
Mumbai 400007 INDIA ✆: 2387 2061
email: info@mkgandhi.org
www.mkgandhi.org

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ–૩૮૦ ૦૧૪

આઠ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૩૦

પહેલી આવૃત્તિ : પ્રત ૧૦,૦૦૦, ૧૯૩૦
બારમું પુનર્મુદ્રણ, પ્રત ૫,૦૦૦, માર્ચ ૨૦૦૫
કુલ પ્રત : ૧,૩૬,૦૦૦

આ પુસ્તક નવજીવન ટ્રસ્ટ તરફથી
રાહત દરે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ISBN 81-7229-148-5

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

અધિકૃત આવૃત્તિ

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો આ અનુવાદ લખતી વખતે ગાંધીજી ગીતાજીવન જીવવાની પોતાની અખંડ અને ઉત્કટ સાધનામાંથી માંડ વખત કાઢી શકચા હતા. મુસાફરીમાં પ્રથમ પ્રથમ રોજ એક એક જ શ્લોકનો અનુવાદ કરી લેતા; પણ તે અત્યંત નિયમિતપણે. આગળ જતાં એક એક દિવસે બે બે ત્રણ ત્રણ શ્લોકોનો અનુવાદ પણ કરી લેતા. આમ કરતાં હિમાલયમાં કૌસાનીના મુકામમાં તા. ૨૪-૬-'૨૯ને દિવસે આ અનુવાદ એમણે પૂરો કર્યો. અને એ આખી ચોપડી રાજદ્વારી હિલચાલની મહા ધમાલ દરમિયાન ઉતાવળે છપાઈ ગઈ.

ગાંધીજીએ એને માટે 'અનાસક્તિ-યોગ' એવું ચોટડૂક નામ આપ્યું.

આ અનુવાદ બરાબર દાંડીકૂચને દિવસે (તા. ૧૨-૩-'૩૦) પ્રકાશિત થયો; અને ગાંધીજી પોતાના ૮૦ સાથીઓ સાથે આશ્રમમાંથી બહાર પગ મૂકતા હતા તે જ વખતે એની પહેલી નકલો એમના અને એમના એ સાથીઓના હાથમાં મુકાઈ.

આ અનુવાદ સાથે મૂળ સંસ્કૃત શ્લોકો આપવા કે ન આપવા એ વિશે ઘણી ચર્ચા તે વખતે થયેલી. પોતાના અનુવાદ સાથે મૂળ સંસ્કૃત શ્લોકો આપવાની ગાંધીજીની ઇચ્છા ન હતી. તેમની પહેલી દલીલ એ હતી કે ઘેર ઘેર સંસ્કૃત ગીતા લોકો પાસે હોય જ છે. એટલે પોતાનો અનુવાદ વાંચવા ઇચ્છનારને ફરી એક વાર સંસ્કૃત શ્લોકો ખરીદવા પડે એ નકામો બોજો છે.

એમની બીજી દલીલ સંકોચને કારણે તેમણે પ્રથમ રજૂ કરી નહીં. ચર્ચા વધી ત્યારે તે એમણે અમારી આગળ સ્પષ્ટ કરી. એમણે કહ્યું કે '' 'અનાસક્તિયોગ' એ ગીતાનો પ્રામાણિક તરજુમો છે ખરો; છતાં એની અંદર આપણું આશ્રમવાસીઓનું જીવનદર્શન આવી જાય છે, એટલે કાળે કરીને ગીતાના અનુવાદ તરીકે જ નહીં પણ સ્વતંત્ર નિદાનગ્રંથ તરીકે પણ આ પુસ્તક વપરાશે.'' એમણે દાખલો આપ્યો કે અંગ્રેજીમાં બાઇબલનો જે અધિકૃત તરજુમો (authorised verison) થયેલો છે, તેને જ ઇંગ્લંડના લોકો પોતાનું બાઇબલ માને છે. મૂળ હિબ્રૂ કે ગ્રીક બાઇબલ તરફ તેઓ જતા નથી; તેનો આધાર લેતા નથી.

મેં એમને કહ્યું કે ''આપણે ત્યાં પણ એવો દાખલો છે. મહારાષ્ટ્રના વારકરી લોકો જ્ઞાનેશ્વર મહારાજની જ્ઞાનેશ્વરીને જ પોતા માટેનો પ્રમાણભૂત ધર્મગ્રંથ માને

છે. મહાભારતમાં આવેલી મૂળ સંસ્કૃત ભગવદ્‌ગીતા પરનું એ ભાષ્ય છે એની ના નથી પણ મૂળ ગીતા અને એનાં બીજાં ભાષ્યો તરફ જવાની તેઓ ના જ પાડે છે. 'જ્ઞાનેશ્વરી એ જ અમારી આધ્યાત્મિક મા છે' એમ તેઓ દૃઢતાપૂર્વક કહે છે.''

પછી ગાંધીજીએ કહ્યું કે '' 'અનાસક્તિયોગ'વાળો તરજુમો જરા ઉતાવળે થયો છે. ભાષા વગેરેની દૃષ્ટિએ એક વાર એને ફરી જોઈ જવો જોઈએ. ત્યાર પછી એમાં કશો ફેરફાર થાય નહીં એવો આપણો આગ્રહ હોવો જોઈએ. અંગ્રેજી બાઇબલનો એમણે ફરી દાખલો આપ્યો અને કહ્યું કે ''એ અધિકૃત અનુવાદની શૈલીની પણ અંગ્રેજી ભાષા ઉપર અદ્‌ભુત અસર થઈ છે.''

'અનાસક્તિયોગ' ફરી વાર જોઈ જવાની અને એને છેલ્લી વાર મઠારવાની પોતાની ઘણી ઇચ્છા હોવા છતાં ગાંધીજી તે પ્રમાણે કરી શકયા નહીં.

આખરે એક દિવસ મારા ઉપર નવજીવનના વ્યવસ્થાપક શ્રી જીવણજીનો ૨૭-૧-'૪૮નો કાગળ આવ્યો, જેમાં લખ્યું હતું : ''પૂ૰ બાપુજીના ઉપવાસ પહેલાં હું દિલ્હી ગયો હતો. એ વખતે પૂ. બાપુજી સાથે 'અનાસક્તિયોગ' વિશે વાત થઈ હતી. શ્રી કિશોરલાલભાઈએ ભાષાની દૃષ્ટિએ એમાં સુધારા કર્યા હતા તે નકલ સ્વ. મહાદેવભાઈના પુસ્તકસંગ્રહમાંથી

મળી આવી હતી. તે મેં એમને જોઈ જવા મોકલી હતી. . . . એમને હવે વખત મળે એવો સંભવ ન હોવાથી એમણે એ કામ તમારા માથે નાખ્યું છે. પહેલાં જ્યારે અનુવાદ પ્રગટ થયો ત્યારે તમે ખૂબ મહેનત કરી હતી. 'કાકાસાહેબને આ કામ સોંપો અને તેઓ કરી આપે તે છેવટનું ગણી કામ કરશો.' — આવી સૂચના મને મળી છે. એટલે તમે તમારી અનુકૂળતા મુજબ યોગ્ય કરી મને મોકલી આપશો, જેથી એ પુસ્તક પ્રગટ થઈ શકે.''

પૂ. બાપુજીને હું છેલ્લે ૮મી અને ૯મી જાન્યુઆરીએ મળ્યો હતો. ત્યાર પછીનો એમનો છેલ્લો આદેશ જ્યારે મને મળ્યો ત્યારે એને સૌથી મોટો અનુગ્રહ સમજી આ કામ માં માથે ચઢાવ્યું અને સ્વ. મહાદેવભાઈએ કરેલો 'અનાસક્તિયોગ'નો અંગ્રેજી અનુવાદ, શ્રી કિશોરલાલભાઈની વિગતવાર સૂચનાઓ, શ્રી વિનોબાની ગીતાઈ — એ બધાં સાહિત્યની મદદથી અને પૂ. બાપુજીની જોડે મહત્ત્વના એકેએક શ્લોકની જે ચર્ચા લગભગ ૨૦ વરસ પહેલાં થઈ હતી તેનું સ્મરણ બની શકે તેટલું તાજું કરી, નમ્રપણે, અને ભક્તિભાવે 'અનાસક્તિયોગ'નું આ સંપાદન કર્યું છે.

આને અંગે કેટલીક પરચૂરણ વસ્તુઓની અહીં નોંધ લઉં.

આ આવૃત્તિમાં વિષય પરત્વે આખી ગીતાનાં ૫૬

અધિકરણો પાડ્યાં છે. જેથી મૂળ ગીતાના ૧૮ અધ્યાયની રચનામાં કશો હસ્તક્ષેપ કર્યા વગર વિષય-વિવેચન માટે અનુકૂળ વિભાગ થઈ શકયા છે.

'લોકસંગ્રહ' શબ્દનો અર્થ સામાન્ય લોકો કરે છે - 'જનતાને સાચવવા, રીઝવવા માટે લોકોની લાગણીઓ અને વહેમોનો સ્વીકાર કરવો અને તેમને દૂભવવા કરતાં તેમને અજ્ઞાનમાં રહેવા દેવા'. રૂઢ થયેલો એવો અર્થ ખોટો છે એ બતાવવા 'લોકસંગ્રહ'નો શ્રી શંકરાચાર્યે કરેલો સાચો અર્થ એક નોંધમાં પાછળથી ઉમેર્યો છે.

આ નાગરી આવૃત્તિ છાપતી વખતે [જૂન ૧૯૬૦] 'ગીતાબોધ'માંનાં ગાંધીજીનાં જ કેટલાંક વાકયો બેત્રણ નોંધોમાં ઉમેરવાની તક લીધી છે. આવાં વાકયોથી ગાંધીજીનો ભાવ વધારે સ્પષ્ટ થઈ શકયો છે.

ચોથા અધ્યાયના ૧૮મા શ્લોક તળેની ગાંધીજીની નોંધ મારા ધ્યાનમાં બરાબર આવી નથી. 'અકર્તા આત્મા પોતાને કર્તા માને છે તેને માનો પક્ષઘાત થયો છે....' વગેરે જે ત્યાં લખ્યું છે તેનો અર્થ મને સ્પષ્ટ થયો નથી. શ્રી મહાદેવભાઈએ પોતાના અંગ્રેજી અનુવાદમાં આટલો ભાગ છોડી જ દીધો છે. મેં એને જેવો છે તેવો જ રહેવા દીધો છે.

૨

ભારતીય તત્ત્વજ્ઞાન પરંપરાનો એક નિયમ છે કે જે માણસ ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ગીતા ત્રણેનો સમન્વય કરી બતાવે અને એ પ્રસ્થાનત્રયીમાંથી એક જ તત્ત્વજ્ઞાન તારવી આપે તેને આચાર્ય ગણવો અને તેની જ વાત કાને ધરવી.

આનું કારણ એ છે કે ઉપનિષદના ઋષિઓએ ઉત્કટ સાધનામય જીવન જીવીને એમાંથી જે તત્ત્વજ્ઞાન શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો તે મૂળમાં અનુભવમૂલક હોવાથી એ ઋષિઓએ અનેક રીતે (બહુ-ધા) વાતો કરી હોય તોયે એનો સાર એક જ હોઈ શકે.

એ ઉપનિષદનાં જ આર્ષ વચનોમાંથી તત્ત્વજ્ઞાન એટલે કે વેદાન્તદર્શન તારવી કાઢવાનું કામ બ્રહ્મસૂત્રોએ કર્યું.

અને આખરે એ જ ઉપનિષદનાં વચનોને આધારે, અને બ્રહ્મવાચક સૂત્રોની મદદથી ગીતાએ જીવન જીવવાની સર્વોચ્ચ કળા રજૂ કરી છે. આમ તમામ ઉપનિષદોના દોહનરૂપે તૈયાર થયેલી આ શિરોમણિ ઉપનિષદ ભગવાન ગોપાલ કૃષ્ણે ગાઈ તેથી એમાં બ્રહ્મવિદ્યા પણ આખી આવી ગઈ અને એ બ્રહ્મવિદ્યાને આધારે જીવન ઘડવા માટે કઈ રીતે વર્તવું જોઈએ, એની

કૂંચી આપતું યોગશાસ્ત્ર પણ આવી ગયું. એ બ્રહ્મવિદ્યાનાં અને યોગશાસ્ત્રનાં અનેક પાસાંઓ બરાબર ધ્યાનમાં આવે એટલા માટે તે આખું વિવરણ ભગવાન વ્યાસે ગીતામાં પ્રશ્નોત્તરીરૂપે, સંવાદરૂપે આપેલું છે. એમાં અર્જુન કર્મવીર ભક્ત છે અને શ્રીકૃષ્ણ પોતે જ્ઞાનમૂર્તિ યોગેશ્વર છે.

એ યોગેશ્વર શ્રીકૃષ્ણના ઉપદેશનો અર્થ સત્યધર્મી કર્મવીર ગાંધીજીએ પોતાના પારમાર્થિક જીવનના અનુભવને આધારે અહીં સ્વભાષામાં કરી આપ્યો છે. તેથી આમાં તે જીવનવીરની જીવનદૃષ્ટિ પ્રતિબિંબિત થઈ છે. એને અનુભવનો આધાર હોઈ એ વસ્તુ સ્વતઃ પ્રમાણ છે. વાચકો એને એ દૃષ્ટિએ જોશે. ગાંધીજીના તે વખતના શબ્દોમાં જ કહીએ તો :

''આ અનુવાદની પાછળ આડત્રીસ વર્ષના આચારના પ્રયત્નનો દાવો છે. આ કારણે હું એમ ઇચ્છું ખરો કે પ્રત્યેક ગુજરાતી ભાઈબહેન, જેમને ધર્મને આચારમાં મૂકવાની ઇચ્છા છે, તેઓ એ વાંચે, વિચારે અને તેમાંથી શક્તિ મેળવે.''

મુંબઈ, ૬-૬-'૪૯ **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

પ્રસ્તાવના

૧

જેમ સ્વામી આનંદ ઇત્યાદિ મિત્રોના પ્રેમને વશ થઈને મેં સત્યના પ્રયોગો પૂરતી આત્મકથા લખવાનો આરંભ કર્યો તેમ ગીતાજીના અનુવાદને વિશે પણ થયું છે. ''તમે ગીતાનો જે અર્થ કરો છો તે અર્થ ત્યારે જ સમજાય જ્યારે તમે એક વાર આખી ગીતાનો અનુવાદ કરી જાઓ અને તેની ઉપર ટીકા કરવી હોય તે કરો ને અમે તે આખું એક વાર વાંચી જઈએ. છૂટાછવાયા શ્લોકમાંથી અહિંસાદિ ઘટાવો એ મને તો બરોબર લાગતું નથી,'' આમ સ્વામી આનંદે અસહકારના યુગમાં મને કહેલું. મને તેમની દલીલમાં તથ્ય લાગ્યું. ''નવરાશે એ કરીશ,'' એમ મેં જવાબ આપ્યો. પછી હું જેલમાં ગયો, ત્યાં તો ગીતાનો અભ્યાસ કંઈક વધારે ઊંડાણથી કરવા પામ્યો. લોકમાન્યનો જ્ઞાનનો ભંડાર[1] વાંચ્યો. તેમણે અગાઉ મને મરાઠી, હિન્દી અને ગુજરાતી અનુવાદો

---

૧. ગીતારહસ્ય. -કા.

પ્રીતિપૂર્વક મોકલ્યા હતા ને મરાઠી ન વાંચી શકું તો ગુજરાતી તો જરૂર વાંચું એમ ભલામણ કરી હતી.

જેલની બહાર તો એ વાંચવા ન પામ્યો, પણ જેલમાં ગુજરાતી અનુવાદ વાંચ્યો. આ વાંચ્યા પછી ગીતા વિશે વધારે વાંચવાની ઇચ્છા થઈ, અને ગીતાને લગતા અનેક ગ્રંથો ઉથલાવ્યા.

ગીતાની પ્રથમ ઓળખ એડવિન આર્નલ્ડના પદ્ય અનુવાદ[૧]થી સન ૧૮૮૮-'૮૯માં થઈ. તે ઉપરથી ગીતાનો ગુજરાતી તરજુમો વાંચવાની તીવ્ર ઇચ્છા થઈ અને જેટલા અનુવાદ હાથ આવ્યા તે વાંચ્યા.

પણ આવું વાચન મને મારો અનુવાદ પ્રજા આગળ મૂકવાનો મુદ્દલ અધિકાર આપતું નથી. વળી મારું સંસ્કૃતનું જ્ઞાન અલ્પ, ગુજરાતીનું જ્ઞાન જરાય સાક્ષરી નહીં. ત્યારે મેં અનુવાદ કરવાની ધૃષ્ટતા કેમ કરી?

ગીતાને હું જેમ સમજ્યો છું તેવી રીતે તેનું આચરણ કરવાનો મારો અને મારી સાથે રહેલા કેટલાક સાથીઓનો સતત પ્રયત્ન છે. ગીતા અમારે સારુ આધ્યાત્મિક નિદાનગ્રંથ[૨] છે. તદ્વત્ આચરણમાં

---

૧. Song Celestial. -કા.

૨. નિદાન = મૂંઝવણનાં કારણો શોધતું શાસ્ત્ર. -કા.

નિષ્ફળતા રોજ આવે છે; પણ તે નિષ્ફળતા અમારા પ્રયત્ન છતાં છે. એ નિષ્ફળતામાં સફળતાનાં ઊગતાં કિરણોની ઝાંખી કરીએ છીએ. આ નાનકડો જનસમુદાય જે અર્થને અમલમાં મૂકવા પ્રયત્ન કરે છે તે અર્થ આ તરજુમામાં છે.

વળી સ્ત્રીઓ, વૈશ્ય તથા શૂદ્ર જેવા, જેમને અક્ષરજ્ઞાન થોડું જ છે, જેમને મૂળ સંસ્કૃતમાં ગીતા સમજવાનો સમય નથી, ઇચ્છા નથી, પણ જેમને ગીતારૂપી ટેકાની આવશ્કયતા છે તેમને જ સારુ આ અનુવાદની કલ્પના છે.

ગુજરાતી ભાષાનું મારું જ્ઞાન ઓછું હોવા છતાં તેની વાટે ગુજરાતીઓને મારી પાસે રહેલી જે કંઈ મૂડી હાય તે આપી જવાની મને હંમેશાં ભારે અભિલાષા રહેલી છે. હું એમ ઇચ્છું ખરો, કે અત્યારે ગંદા સાહિત્યનો ધોધ વહી રહ્યો છે, તેવે સમયે હિન્દુ ધર્મમાં જે અદ્વિતીય ગ્રંથ ગણાય છે તેનો સરળ અનુવાદ ગુજરાતી પ્રજા પામે, ને તેમાંથી પેલા ધોધની સામે થવાની શક્તિ મેળવે.

આ અભિલાષામાં બીજા ગુજરાતી અનુવાદોની અવગણના નથી. તે બધાને સ્થાન ભલે હોય, – પણ તેમની પાછળ તે તે અનુવાદકો આચારરૂપી અનુભવનો દાવો કરતા હોય એવું મારી જાણમાં નથી. આ

અનુવાદની પાછળ આડત્રીસ વર્ષના આચારના પ્રયત્નનો દાવો છે. આ કારણે હું એમ ઇચ્છું ખરો કે પ્રત્યેક ગુજરાતી ભાઈબહેન, જેમને ધર્મને આચારમાં મૂકવાની ઇચ્છા છે તેઓ, એ વાંચે, વિચારે ને તેમાંથી શક્તિ મેળવે.

આ અનુવાદની પાછળ મારા સાથીઓની મહેનત રહેલી છે. મારું સંસ્કૃતજ્ઞાન ઘાગું અધૂરું હોવાને લીધે શબ્દાર્થ વિશે મને પૂરો વિશ્વાસ ન હોય તેથી તેટલા પૂરતો આ અનુવાદ વિનોબા, કાકા કાલેલકર, મહાદેવ દેસાઈ તથા કિશોરલાલ મશરૂવાળા જોઈ ગયા છે.

૨

હવે ગીતાના અર્થ ઉપર આવું.

સન ૧૮૮૮-'૮૯માં જ્યારે ગીતાનું પ્રથમ દર્શન થયું ત્યારે જ મને એમ લાગ્યું કે આ ઐતિહાસિક ગ્રંથ નથી પણ તેમાં ભૌતિક યુદ્ધના વર્ણનને નિમિત્તે પ્રત્યેક મનુષ્યના હૃદયની અંદર નિરંતર ચાલતા દ્વંદ્વયુદ્ધનું જ વર્ણન છે; માનુષી યોદ્ધાઓની રચના હૃદયગત યુદ્ધને રસિક બનાવવાને સારુ ઘડેલી કલ્પના છે. આ પ્રાથમિક સ્ફુરણા, ધર્મનો અને ગીતાનો વિશેષ વિચાર કર્યા પછી પાકી થઈ. મહાભારત વાંચ્યા પછી મજકૂર વિચાર

વળી દૃઢ થયો. મહાભારત ગ્રંથને હું આધુનિક અર્થમાં ઈતિહાસ નથી ગણતો. તેનાં સબળ પ્રમાણ આદિપર્વમાં જ છે. પાત્રોની અમાનુષી અને અતિમાનુષી ઉત્પત્તિ વર્ણવી વ્યાસ ભગવાને રાજાપ્રજાના ઈતિહાસને ભૂંસી નાખ્યો છે. તેમાં વર્ણવેલાં પાત્રો મૂળે ઐતિહાસિક ભલે હોય, પણ મહાભારતમાં તો તેમનો ઉપયોગ વ્યાસ ભગવાને કેવળ ધર્મનું દર્શન કરાવવાને સારુ જ કરેલો છે.

મહાભારતકારે ભૌતિક યુદ્ધની આવશ્યકતા સિદ્ધ નથી કરી; તેની નિરર્થકતા સિદ્ધ કરી છે. વિજેતાની પાસે રુદન કરાવ્યું છે, પશ્ચાત્તાપ કરાવ્યો છે ને દુઃખ સિવાય બીજું કંઈ રહેવા નથી દીધું.

આ મહાગ્રંથમાં ગીતા શિરોમણિરૂપે બિરાજે છે. તેનો બીજો અધ્યાય ભૌતિક યુદ્ધવ્યવહાર શીખવવાને બદલે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ શીખવે છે. સ્થિતપ્રજ્ઞને ઐહિક યુદ્ધની સાથે સંબંધ ન હોય એવું તેના લક્ષણમાં જ છે એમ મને તો ભાસ્યું છે. સામાન્ય કૌટુંબિક ઝઘડાની યોગ્યતા-અયોગ્યતાનો નિર્ણય કરવાને સારુ ગીતા જેવું પુસ્તક ન સંભવે.

ગીતાના કૃષ્ણ મૂર્તિમંત શુદ્ધ-સંપૂર્ણ જ્ઞાન છે પણ કાલ્પનિક છે. અહીં કૃષ્ણ નામે અવતારી પુરુષનો નિષેધ

નથી. માત્ર સંપૂર્ણ કૃષ્ણ કાલ્પનિક છે, સંપૂર્ણાવતારનું પાછળથી થયેલું આરોપણ છે.

અવતાર એટલે શરીરધારી પુરુષવિશેષ. જીવમાત્ર ઈશ્વરનો અવતાર છે પણ લૌકિક ભાષામાં બધાને આપણે અવતાર નથી કહેતા. જે પુરુષ પોતાના યુગમાં સૌથી શ્રેષ્ઠ ધર્મવાન છે તેને ભવિષ્યની પ્રજા અવતારરૂપે પૂજે છે. આમાં મને કંઈ દોષ નથી લાગતો; એમાં નથી ઈશ્વરની મોટાઈને ઝાંખપ, નથી એમાં સત્યને આઘાત. 'આદમ ખુદા નહીં લેકિન ખુદાકે નૂરસે આદમ જુદા નહીં.' જેનામાં ધર્મજાગૃતિ પોતાના યુગમાં સહુથી વધારે છે તે વિશેષાવતાર છે. એ વિચારશ્રેણીએ કૃષ્ણરૂપી સંપૂર્ણાવતાર આજે હિન્દુ ધર્મમાં સામ્રાજ્ય ભોગવે છે.

આ દશ્ય મનુષ્યની અંતિમ રૂડી અભિલાષાનું સૂચક છે. મનુષ્યને ઈશ્વરરૂપ થયા વિના સુખ વળતું નથી, શાન્તિ થતી નથી. ઈશ્વરરૂપ થવાના પ્રયત્નનું નામ જ ખરો અને એકમાત્ર પુરુષાર્થ અને આ જ આત્મદર્શન. આ આત્મદર્શન બધા ધર્મગ્રંથોનો વિષય છે તેમ ગીતાનોયે છે. પણ ગીતાકારે એ વિષયનું પ્રતિપાદન કરવા ગીતા નથી રચી. પણ આત્માર્થીને આત્મદર્શન કરવાનો, એક અદ્વિતીય ઉપાય બતાવવાનો ગીતાનો આશય છે. જે વસ્તુ હિન્દુ ધર્મગ્રંથોમાં છૂટીછવાઈ જોવામાં આવે છે તેને ગીતાએ અનેકરૂપે, અનેક

શબ્દોમાં, પુનરુક્તિનો દોષ વહોરીને પણ સારી રીતે સ્થાપિત કરી છે.

એ અદ્વિતીય ઉપાય છે કર્મ-ફળ-ત્યાગ.

આ મધ્યબિંદુની આસપાસ ગીતાની ફૂલગૂંથણી છે. ભક્તિ, જ્ઞાન ઇત્યાદિ તેની આસપાસ તારામંડળરૂપે ગોઠવાઈ ગયાં છે. દેહ છે ત્યાં કર્મ તો છે જ. તેમાંથી કોઈ મુક્ત નથી. છતાં દેહને પ્રભુનું મંદિર કરી તે દ્વારા મુક્તિ મળે છે એમ સર્વ ધર્મોએ પ્રતિપાદન કર્યું છે. પણ કર્મમાત્રમાં કંઈક દોષ તો છે જ. મુક્તિ તો નિર્દોષને જ હોય. ત્યારે કર્મબંધનમાંથી એટલે દોષસ્પર્શમાંથી કેમ છુટાય ? આનો જવાબ ગીતાજીએ નિશ્ચયાત્મક શબ્દોમાં આપ્યો : 'નિષ્કામ કર્મથી; યજ્ઞાર્થે કર્મ કરીને; કર્મફલત્યાગ કરીને; બધાં કર્મો કૃષ્ણાર્પણ કરીને, એટલે જ મન, વચન, કાયાને ઈશ્વરમાં હોમી દઈને.'

પણ નિષ્કામતા, કર્મફલત્યાગ, કહેવામાત્રથી નથી થતી. એ કેવળ બુદ્ધિનો પ્રયોગ નથી. એ હૃદયમંથનથી જ ઉત્પન્ન થાય છે. એ ત્યાગશક્તિ ઉત્પન્ન કરવાને સારુ જ્ઞાન જોઈએ. એક પ્રકારનું જ્ઞાન તો ઘણા પંડિતો પામે છે. વેદાદિ તેમને મોઢે હોય છે, પણ એમનામાંના ઘણા ભોગાદિમાં રચ્યાપચ્યા રહે છે. જ્ઞાનનો અતિરેક શુષ્ક પાંડિત્યરૂપે ન થાય, તેથી ગીતાકારે જ્ઞાનની સાથે ભક્તિને ભેળવી; અને તેને પ્રથમ સ્થાન આપ્યું. ભક્તિ

વિનાનું જ્ઞાન વીફરે. તેથી કહ્યું, 'ભક્તિ કરો તો જ્ઞાન મળી જ રહેવાનું' પણ ભક્તિ એ 'શીશતાણું સાટું' છે. તેથી ગીતાકારે ભક્તનાં લક્ષણ સ્થિતપ્રજ્ઞનાં જેવાં વર્ણવ્યાં છે.

એટલે ગીતાની ભક્તિ તે વેવલાપણું નહીં, અંધશ્રદ્ધા નહીં. ગીતામાં સૂચવેલા ઉપચારને બાહ્ય ચેષ્ટા કે ક્રિયાની સાથે ઓછામાં ઓછો સંબંધ છે. માળા, તિલક, અર્ઘ્યાદિ સાધનો ભલે ભક્ત વાપરે પણ તે ભક્તિનાં લક્ષણ નથી. જે કોઈનો દ્વેષ નથી કરતો, જે કરુણાનો ભંડાર છે, જે અહંતા-મમતાથી મુક્ત છે, જેને સુખદુઃખ, ટાઢતડકો સરખાં છે, જે ક્ષમાશીલ છે, જે સદાય સંતોષી છે, જેના નિશ્ચય કદી ફરતા નથી, જેણે મન અને બુદ્ધિ ઈશ્વરને અર્પણ કર્યાં છે, જેનાથી લોકો ત્રાસતા નથી, જે લોકોનો ભય નથી રાખતો, જે હર્ષ શોકભયાદિથી મુક્ત છે, જે પવિત્ર છે, જે કાર્યદક્ષ છે છતાં તટસ્થ છે, જે શુભાશુભનો ત્યાગ કરનારો છે, જે શત્રુમિત્ર પ્રત્યે સમભાવી છે, જેને માનઅપમાન સરખાં છે, જે સ્તુતિથી ફુલાતો નથી, નિંદાથી ગ્લાનિ પામતો નથી, જે મૌનધારી છે, જેને એકાન્ત પ્રિય છે, જે સ્થિરબુદ્ધિ છે, તે ભક્ત છે.

આ ભક્તિ આસક્ત સ્ત્રીપુરુષને વિશે સંભવે નહીં.

એમાંથી આપણે જોઈએ છીએ કે જ્ઞાન પામવું, ભક્ત

થવું એ જ આત્મદર્શન. આત્મદર્શન એ તેનાથી ભિન્ન વસ્તુ નથી. જેમ એક રૂપિયો દઈને ઝેર લાવી શકાય ને અમૃત પણ લાવી શકાય, તેમ જ્ઞાનને કે ભક્તિને બદલે બંધન પણ લાવી શકાય અને મોક્ષ પણ લાવી શકાય એમ નથી. અહીં તો સાધન અને સાધ્ય સાવ એક જ નહીં તો લગભગ એક જ વસ્તુ છે. સાધનની પરાકાષ્ઠા તે જ મોક્ષ. અને ગીતાનો મોક્ષ એટલે પરમ શાન્તિ.

પણ આવા જ્ઞાને અને ભક્તિએ કર્મફલત્યાગની કસોટીએ ચઢવાનું રહ્યું. લૌકિક કલ્પનામાં શુષ્ક પંડિત પણ જ્ઞાનીમાં ખપે. તેને કશું કામ કરવાનું હોય નહીં. લોટો સરખો ઉપાડવો એ પણ તેને સારુ કર્મબંધન હોય ! યજ્ઞશૂન્ય જ્યાં જ્ઞાની ગણાય ત્યાં લોટો ઉપાડવા જેવી તુચ્છ લૌકિક ક્રિયાને સ્થાન જ ક્યાંથી હોય ?

લૌકિક કલ્પનામાં ભક્ત એટલે વેવલો, માળા લઈને જપ જપનાર, સેવાકર્મ કરતાં પણ તેની માળામાં વિક્ષેપ આવે, તેથી તે ખાવાપીવા વગેરે ભોગ ભોગવવાને સમયે જ માળાને હાથમાંથી મૂકે, ઘંટી ચલાવવાને સારુ કે દરદીની સારવાર કરવાને સારુ કદી નહીં.

આ બંને વર્ગને ગીતાજીએ સ્પષ્ટ રીતે કહી દીધું, ''કર્મ વિના કોઈ સિદ્ધિ પામ્યા નથી. જનકાદિ પણ કર્મ વડે જ્ઞાની થયા. જો હું પણ આળસરહિત થઈને કર્મ ન

કર્યા કરું તો આ લોકોનો નાશ થાય.'' તો પછી લોકોને વિશે તો પૂછવું જ શું હોય ?

પણ એક તરફથી કર્મમાત્ર બંધનરૂપ છે એ નિર્વિવાદ છે. બીજી તરફથી દેહી ઇચ્છાઅનિચ્છાએ પણ કર્મ કર્યા કરે છે. શારીરિક કે માનસિક ચેષ્ટામાત્ર કર્મ છે. ત્યારે કર્મ કરતો છતો મનુષ્ય બંધનમુક્ત કેમ રહે ? આ કોરડાનો ઉકેલ ગીતાજીએ જેવી રીતે કર્યો છે તેવો બીજા એક પણ ધર્મગ્રંથે કર્યો મારી જાણમાં નથી. ગીતા કહે છે : 'ફલાસક્તિ છોડો ને કર્મ કરો', 'નિરાશી થાઓ ને કર્મ કરો', 'નિષ્કામ થઈને કર્મ કરો', એ ગીતાજીનો ન ભુલાય એવો ધ્વનિ છે. કર્મ છોડે તે પડે. કર્મ કરતો છતો તેનાં ફળ છોડે તે ચડે.

ફલત્યાગ એટલે પરિણામને વિશે બેદરકારી એવો અર્થ નથી. પરિણામનો તેમ જ સાધનનો વિચાર અને તેનું જ્ઞાન અત્યાવશ્યક છે. એ થયા પછી જે મનુષ્ય પરિણામની ઇચ્છા કર્યા વિના સાધનમાં તન્મય રહે છે તે ફલત્યાગી છે.

પણ અહીં ફલત્યાગ એટલે ત્યાગીને ફળ મળતું નથી એવોયે અર્થ કોઈ ન કરે. ગીતાજીમાં એવા અર્થને કચાંયે સ્થાન નથી. ફલત્યાગ એટલે ફળને વિશે આસક્તિનો અભાવ. ખરું જોતાં ફલત્યાગીને હજારગણું ફળ મળે છે. ગીતાના ફલત્યાગમાં તો અખૂટ શ્રદ્ધાની પરીક્ષા છે. જે

મનુષ્ય પરિણામનું ધ્યાન ધર્યા કરે છે તે ઘણી વાર કર્મ-કર્તવ્ય-ભ્રષ્ટ થાય છે. તેને અધીરાઈ આવે છે, તેથી તે ક્રોધને વશ થાય છે, ને પછી તે ન કરવાનું કરવા માંડે છે. એક કર્મમાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજામાં પડ્યે જાય છે. પરિણામનું ચિન્તવન કરનારની સ્થિતિ વિષયાન્ધના જેવી થઈ જાય છે, ને છેવટે તે વિષયીની જેમ સારાસારનો, નીતિ-અનીતિનો વિવેક છોડી દે છે, ને ફળ મેળવવા સારુ ગમે તે સાધનનો ઉપયોગ કરે છે, ને તેને ધર્મ માને છે.

ફલાસક્તિનાં આવાં કડવાં પરિણામોમાંથી ગીતાકારે અનાસક્તિનો એટલે કર્મફલત્યાગનો સિદ્ધાન્ત ઘટાવ્યો ને જગતની પાસે અતિશય આકર્ષક ભાષામાં મૂક્યો.

સામાન્ય માન્યતા એવી હોય કે ધર્મ અને અર્થ પરસ્પર વિરોધી વસ્તુ છે. ''વ્યાપાર ઇત્યાદિ લૌકિક વ્યવહારમાં ધર્મ સચવાય નહીં, ધર્મને સ્થાન હોય નહીં; ધર્મનો ઉપયોગ કેવળ મોક્ષને અર્થે કરાય. ધર્મને સ્થાને ધર્મ શોભે, અર્થને સ્થાને અર્થ.'' મારી મતિ પ્રમાણે, ગીતાકારે આ વહેમને દૂર કર્યો છે. તેણે મોક્ષ અને વ્યવહાર વચ્ચે આવો ભેદ રાખ્યો નથી. પણ વ્યવહારમાં ધર્મને ઉતાર્યો છે. જે ધર્મ વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ નથી એવી સૂચના ગીતામાં છે એમ મને લાગ્યું છે. એટલે ગીતાના અભિપ્રાય પ્રમાણે જે કર્મ આસક્તિ

વિના થઈ જ ન શકે એવાં હોય તે બધાં ત્યાજ્ય છે. આવો સુવર્ણ નિયમ મનુષ્યને અનેક ધર્મસંકટોમાંથી બચાવે છે. આ અભિપ્રાય પ્રમાણે ખૂન, જૂઠું, વ્યભિચાર ઇત્યાદિ કર્મો સહેજે ત્યાજ્ય થઈ જાય છે. મનુષ્યજીવન સરળ થાય છે ને સરળતામાંથી શાન્તિ ઉદ્‌ભવે છે.

આ વિચારશ્રેણીને અનુસરતાં મને એમ લાગ્યું છે કે ગીતાજીના શિક્ષણને અમલમાં મૂકનારને સહેજે સત્ય અને અહિંસાનું પાલન કરવું પડે છે. ફલાસક્તિ વિના મનુષ્યને નથી અસત્ય બોલવાની લાલચ થતી, નથી હિંસા કરવાની. ગમે તે હિંસાનું કે અસત્યનું કાર્ય આપણે લઈએ તો એમ જણાશે કે તેની પાછળ પરિણામની ઇચ્છા રહેલી જ છે.

પણ અહિંસાનું પ્રતિપાદન ગીતાનો વિષય નથી, કેમ કે ગીતાકાળની પૂર્વે પણ અહિંસા પરમધર્મ રૂપે મનાતી હતી. ગીતાને તો અનાસક્તિનો સિદ્ધાન્ત બતાવવો હતો. બીજા અધ્યાયમાં જ આ વાત સ્પષ્ટ થઈ જાય છે.

પણ જો ગીતાને અહિંસા માન્ય હતી અથવા અનાસક્તિમાં અહિંસા સહેજે આવી જ જાય છે તો ગીતાકારે ભૌતિક યુદ્ધને ઉદાહરણરૂપે પણ કેમ લીધું ? ગીતાયુગમાં અહિંસા ધર્મ મનાતા છતાં ભૌતિક યુદ્ધ સર્વસામાન્ય વસ્તુ હોઈ ગીતાકારને એવા યુદ્ધનું

ઉદાહરણ લેતાં સંકોચ ન થયો, ન થાય.

પણ ફલત્યાગના મહત્ત્વનું માપ કાઢતાં ગીતાકારના મનમાં શા વિચાર હતા, તેણે અહિંસાની મર્યાદા કયાં બાંધી હતી, તે આપણે વિચારવાપાણું નથી રહેતું. કવિ મહત્ત્વના સિદ્ધાન્તો જગતની આગળ મૂકે છે; તેથી તે હમેશાં પોતે આપેલા સિદ્ધાન્તોનું મહત્ત્વ સંપૂર્ણતાએ ઓળખે જ છે, અથવા ઓળખ્યા પછી બધું ભાષામાં મૂકી શકે છે, એમ નથી હોતું. એમાં કાવ્યનો અને કવિનો મહિમા છે. કવિના અર્થનો અંત જ નથી.

જેમ મનુષ્યનો તેમ જ મહાવાકચોના અર્થનો વિકાસ થયા જ કરે છે. ભાષાઓનો ઈતિહાસ તપાસીએ તો આપણે જોઈએ છીએ કે ઘણા મહાન શબ્દોના અર્થ નિત્ય નવા થયા કર્યા છે, તેમ ગીતાના અર્થને વિશે પણ છે. ગીતાકારે પોતે મહાન રૂઢ શબ્દોના અર્થ વિસ્તાર્યા છે. ગીતા ઉપરટપકે તપાસતાં પણ આપણે એ જોઈ શકીએ છીએ.

ગીતાયુગ પૂર્વે કદાચ યજ્ઞમાં પશુહિંસા માન્ય ગણાતી હોય. ગીતાના યજ્ઞમાં તેની ગંધ સરખીયે નથી. તેમાં તો જપયજ્ઞ એ યજ્ઞનો રાજા છે. ત્રીજો અધ્યાય સૂચવે છે કે યજ્ઞ એટલે મુખ્યપણે પરોપકારાર્થે શરીરનો ઉપયોગ, ત્રીજો અને ચોથો અધ્યાય મેળવીને બીજી વ્યાખ્યાઓ પણ ઘટાવી શકાય. પણ પશુહિંસા નહીં ઘટાવાય.

ગીતાના સંન્યાસના અર્થને વિશે તેમ જ છે. કર્મમાત્રનો ત્યાગ ગીતાના સંન્યાસને ભાવતો જ નથી. ગીતાનો સંન્યાસી અતિ-કર્મી છે છતાં અતિ-અ-કર્મી છે; આમ ગીતાકારે મહાન શબ્દોના વ્યાપક અર્થ કરીને પોતાની ભાષાનો પણ વ્યાપક અર્થ કરવાનું આપણને શીખવ્યું છે. ભૌતિક યુદ્ધ સંપૂર્ણ કર્મફલત્યાગીથી થઈ શકે એવું ગીતાકારની ભાષાના અક્ષરમાંથી ભલે નીકળતું હોય. પણ ગીતાના શિક્ષણને પૂર્ણતાએ અમલમાં મૂકવાનો લગભગ ૪૦ વર્ષ પર્યન્ત સરળ પ્રયત્ન કરતાં મને તો નમ્રપણે એમ લાગ્યું છે કે સત્ય અને અહિંસાના સંપૂર્ણ પાલન વિના સંપૂર્ણ કર્મફલત્યાગ મનુષ્યને વિશે અસંભવિત છે.

ગીતા સૂત્રગ્રંથ નથી. ગીતા એક મહાન ધર્મકાવ્ય છે. તેમાં જેમ ઊંડા ઊતરો તેમ તેમાંથી નવા ને સુંદર અર્થો મેળવો. ગીતા જનસમાજને સારુ હોઈ તેમાં એક વસ્તુને ઘણી રીતે કહી દીધી છે. એટલે ગીતામાં આવેલા મહાશબ્દોના અર્થ યુગે યુગે બદલાશે ને વિસ્તાર પામશે. ગીતાનો મૂળ મંત્ર કદી નહીં બદલાય. એ મંત્રને જે રીતે સાધી શકાય તે રીતે જિજ્ઞાસુ ગમે તે અર્થ કરે.

ગીતા વિધિ-નિષેધ બતાવનાર સંગ્રહ ગ્રંથ પણ નથી. એકને સારુ જે વિહિત હોય તે બીજાને સારુ નિષિદ્ધ હોય. એક કાળે કે એક દેશમાં જે વિહિત હોય તે બીજે

કાળે, બીજા દેશમાં નિષિદ્ધ હોય. નિષિદ્ધ માત્ર ફલાસક્તિ છે, વિહિત અનાસક્તિ છે.

ગીતામાં જ્ઞાનનો મહિમા જબરાયો છે. છતાં ગીતા બુદ્ધિગમ્ય નથી, એ હૃદયગમ્ય છે તેથી તે અશ્રદ્ધાળુને સારુ નથી. ગીતાકારે જ કહ્યું છે :

''જે તપસ્વી નથી, જે ભક્ત નથી, જે સાંભળવા ઇચ્છતો નથી, અને જે મારો દ્વેષ કરે છે તેને આ (જ્ઞાન) તું કદી ન કહેજે. પણ આ પરમ ગુહ્ય જ્ઞાન જે મારા ભક્તોને આપશે તે મારી પરમ ભક્તિ કરવાથી નિઃશંક મને પામશે. વળી જે મનુષ્યદ્વેષરહિત થઈને શ્રદ્ધાપૂર્વક માત્ર સાંભળશે તે પણ મુક્ત થઈને પુણ્યવાન જ્યાં વસે છે તે શુભલોકને પામશે.''

૧૮, ૬૭, ૬૮, ૭૧

કૌસાની (હિમાલય) **મોહનદાસ કરમચંદ ગાંધી**
સોમવાર, જેઠ વદ ૨, ૧૯૮૫
(તા. ૨૪-૬-'૨૯)

અનુક્રમણિકા

અધિકૃત આવૃત્તિ	કાકા કાલેલકર	૩
પ્રસ્તાવના	ગાંધીજી	૧૧
૧. અર્જુન-વિષાદ-યોગ		૩
૨. સાંખ્ય-યોગ		૧૧
૩. કર્મયોગ		૨૬
૪. જ્ઞાન-કર્મ-સંન્યાસ-યોગ		૩૮
૫. કર્મ-સંન્યાસ-યોગ		૪૯
૬. ધ્યાનયોગ		૫૮
૭. જ્ઞાન-વિજ્ઞાન-યોગ		૬૭
૮. અક્ષરબ્રહ્મયોગ		૭૩
૯. રાજવિદ્યા-રાજગુહ્ય-યોગ		૮૦
૧૦. વિભૂતિ-યોગ		૮૭
૧૧. વિશ્વરૂપ-દર્શન-યોગ		૯૪
૧૨. ભક્તિયોગ		૧૦૫
૧૩. ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ-વિભાગ-યોગ		૧૧૦
૧૪. ગુણત્રય-વિભાગ-યોગ		૧૧૮
૧૫. પુરુષોત્તમ-યોગ		૧૨૫
૧૬. દૈવાસુર-સંપદ્-વિભાગ-યોગ		૧૩૧
૧૭. શ્રદ્ધા-ત્રય-વિભાગ-યોગ		૧૩૬
૧૮. સંન્યાસયોગ		૧૪૧

અનાસક્તિયોગ

૧. અર્જુન-વિષાદ-યોગ

સારું શું અને માઠું શું એ જાણવાની ઇચ્છા સરખી જેના મનમાં ન થાય તેની પાસે ધર્મની વાતો શી? ધર્મજિજ્ઞાસા વિના જ્ઞાન મળે નહીં. દુઃખ વિના સુખ નથી. ધર્મવેદના, ધર્મસંકટ, હૃદયમંથન સહુ જિજ્ઞાસુને એક વખત થાય જ છે.

૧

ધૃતરાષ્ટ્ર બોલ્યા :

હે સંજય! મને કહો, કે યુદ્ધ કરવાની ઇચ્છાથી ધર્મક્ષેત્રરૂપ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું? ૧.

નોંધ : કુરુક્ષેત્રની લડાઈ એ નિમિત્ત માત્ર છે. અથવા ખરું કુરુક્ષેત્ર આપણું શરીર છે. પાપમાં તેની ઉત્પત્તિ છે અને પાપનું તે ભાજન થઈ રહે છે; તેથી તે કુરુક્ષેત્ર છે.

તે કુરુક્ષેત્ર છે તેમ જ ધર્મક્ષેત્ર પણ છે કેમ કે એ મોક્ષનું દ્વાર થઈ શકે છે.

જો તેને આપણે ઈશ્વરનું નિવાસસ્થાન માનીએ અને કરીએ તો તે ધર્મક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં આપણી સામે રોજ કાંઈ ને કાંઈ લડાઈ હોય છે.

કૌરવ એટલે આસુરી વૃત્તિઓ. પાંડુપુત્રો એટલે દૈવી વૃત્તિઓ. પ્રત્યેક શરીરમાં સારી અને નઠારી વૃત્તિઓ વચ્ચે યુદ્ધ ચાલ્યા જ કરે છે એમ કોણ નથી અનુભવતું ? અને આવી ઘાણીખરી લડાઈઓ તો 'આ મારું' ને 'આ તારું' એમાંથી થાય છે. સ્વજન-પરજનના ભેદમાંથી આવી લડાઈ થાય છે.

સંજય બોલ્યા :

તે સમયે પાંડવોની સેનાને ગોઠવાયેલી જોઈને રાજા દુર્યોધન આચાર્ય દ્રોણની પાસે જઈને બોલ્યા : ૨.

[દુર્યોધન બોલ્યા :]

હે આચાર્ય ! આપના બુદ્ધિમાન શિષ્ય દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને ગોઠવેલી પાંડવોની આ મોટી સેના જુઓ. ૩.

અહીં ભીમ અર્જુન જેવા લડવામાં શૂરવીર મહા-ધનુર્ધારીઓ, યુયુધાન (સાત્યકિ), વિરાટ, મહારથી દ્રુપદરાજા, ધૃષ્ટકેતુ, ચેકિતાન, તેજસ્વી કાશીરાજ, પુરુજિત્ કુંતિભોજ, અને મનુષ્યોમાં શ્રેષ્ઠ એવા શૈલ્ય, તેમ જ પરાક્રમી યુધામન્યુ, બળવાન ઉત્તમૌજા, સુભદ્રાપુત્ર (અભિમન્યુ) અને દ્રૌપદીના પુત્રો (દેખાય) છે. એ બધા જ મહારથી છે. ૪-૫-૬.

હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! હવે આપણા જે મુખ્ય યોદ્ધાઓ છે તેમને આપ જાણમાં લો. મારી સેનાના (એ)

નાયકોનાં નામ હું આપના ધ્યાન ઉપર લાવવા સારુ કહું. ૭.

એક તો આપ પોતે, [પછી] ભીષ્મ, કર્ણ, યુદ્ધમાં જયવાન એવા કૃપાચાર્ય, અશ્વત્થામા, વિકર્ણ, અને સોમદત્તના પુત્ર ભૂરિશ્રવા. એ ઉપરાંત બીજા પણ ઘણા શૂરાઓ મારે અર્થે પ્રાણ અર્પણ કરવાની તૈયારી સાથે ઊભેલા છે. તેઓ સઘળા વિવિધ પ્રકારનાં શસ્ત્રો વાપરનારા અને યુદ્ધમાં કુશળ છે. ૮-૯.

[છતાં] ભીષ્મે રક્ષેલી આપણી સેનાનું બળ અપૂર્ણ છે, જ્યારે ભીમથી રક્ષિત તેમની સેના પૂરી છે. ૧૦.

તેથી તમે બધા પોતપોતાને સ્થાનેથી બધે માર્ગે ભીષ્મ પિતામહની રક્ષા બરાબર કરજો. ૧૧.

[આમ દુર્યોધને કહ્યું પણ દ્રોણાચાર્યે જવાબમાં કશું જ કહ્યું નહીં.]

[સંજય કહે છે :]

એવામાં, કુરુઓના વડા પ્રતાપી ભીષ્મ પિતામહે તેને હર્ષ પમાડવા, ઊંચે સ્વરે સિંહનાદ કરીને શંખ વગાડ્યો. ૧૨.

એ ઉપરથી શંખો, નગારાં, ઢોલ, મૃદંગ અને રણશિંગાં એકસાથે વાગી ઊઠ્યાં. એ અવાજ ઘનઘોર હતો. ૧૩.

એવે ટાણે, સફેદ ઘોડાવાળા મોટા રથમાં બેઠેલા શ્રીકૃષ્ણે અને અર્જુને પણ દિવ્ય શંખો વગાડ્યા. ૧૪.

શ્રીકૃષ્ણે પાંચજન્ય શંખ વગાડ્યો. ધનંજય - અર્જુને દેવદત્ત શંખ વગાડ્યો. ભયાનક કર્મવાળા ભીમે પૌંડ્ર નામનો મહાશંખ વગાડ્યો. ૧૫.

કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિરે અનંતવિજય નામે શંખ વગાડ્યો ને નકુલે સુઘોષ તથા સહદેવે મણિપુષ્પક નામે શંખ વગાડ્યા. ૧૬.

તેમ જ, મોટા ધનુષવાળા કાશીરાજ, મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, રાજા વિરાટ, અજિત સાત્યકિ, દ્રુપદરાજ, દ્રૌપદીના પુત્રો, સુભદ્રાપુત્ર મહાબાહુ અભિમન્યુ આ બધાએ, હે રાજન્! પોતપોતાના જુદા જુદા શંખ વગાડ્યા. ૧૭-૧૮.

પૃથ્વી અને આકાશને ગજાવતા એ ભયંકર નાદે કૌરવોનાં હૃદયોને જાણે ચીરી નાખ્યાં. ૧૯.

હવે, હે રાજન્! જેની ધજા પર હનુમાન છે એવા અર્જુને કૌરવોને ગોઠવાયેલા જોઈને, હથિયાર ચાલવાની તૈયારીને સમયે, પોતાનું ધનુષ ચડાવી હૃષીકેશને આ વચન કહ્યાં : ૨૦.

અર્જુન બોલ્યા :

'હે અચ્યુત! મારા રથને (જરીક) બે સેનાની વચ્ચે લઈને ઊભો રાખો; જેથી, યુદ્ધની કામનાથી ઊભેલાને હું નીરખું ને જાણું કે આ રણસંગ્રામમાં મારે કોની કોની સાથે લડવાનું છે. દુર્બુદ્ધિ દુર્યોધનનું લડાઈમાં પ્રિય કરવાની ઇચ્છાવાળા જે યોદ્ધાઓ એકઠા થયેલા છે

તેમને હું જોઉં તો ખરો.' ૨૧-૨૨-૨૩.

સંજય બોલ્યા :

હે રાજન્ ! જ્યારે અર્જુને આમ શ્રીકૃષ્ણને કહ્યું ત્યારે તેમણે બંને સેનાઓ વચ્ચે, બધા રાજાઓ તેમ જ ભીષ્મ-દ્રોણની સામે તે ઉત્તમ રથ ખડો કરીને કહ્યું :

'હે પાર્થ ! એકઠા થયેલા આ કૌરવોને જો.'

૨૪-૨૫.

૨

ત્યાં બંને સેનાઓમાં રહેલા વડીલો, પિતામહ, આચાર્ય, મામા, ભાઈઓ, પુત્રો, પૌત્રો, ગોઠિયાઓ, સસરાઓ અને સ્નેહીઓ આદિને અર્જુને જોયા. એ બધા બાંધવોને આમ સામસામા ઊભેલા જોઈ ખેદ ઉત્પન્ન થવાથી દીન બનેલા કુંતીપુત્ર આ પ્રમાણે બોલ્યા : ૨૬-૨૭-૨૮.

અર્જુન બોલ્યા :

હે કૃષ્ણ ! લડવાને સારુ ઉત્સુક થઈ ભેળા થયેલા આ સગાંસ્નેહીઓને જોઈને મારાં ગાત્ર ઢીલાં થઈ જાય છે. મોઢું સુકાય છે, શરીરમાં ધ્રુજારી છૂટે છે અને રૂંવાં ઊભાં થાય છે. હાથમાંથી ગાંડીવ સરી જાય છે, ચામડી બહુ બળે છે. મારાથી ઊભા રહેવાતું નથી, કેમ કે મારું મગજ ફરતું જેવું લાગે છે. ૨૮-૨૯-૩૦.

વળી હે કેશવ! હું અહીં વિપરીત અશુભ ચિહ્નો જોઉં છું. યુદ્ધમાં સ્વજનોને મારીને હું કંઈ શ્રેય નથી જોતો. ૩૧.

હે કૃષ્ણ! તેમને મારીને હું નથી ઈચ્છતો વિજય, નથી માગતો રાજ્ય કે જાતજાતનાં સુખ; હે ગોવિન્દ! અમારે રાજ્યનો કે ભોગોનો કે જીવતરનોયે શો ખપ? ૩૨.

જેમને કાજે આપણે રાજ્ય, ભોગો અને સુખ ઈચ્છ્યું તે આ આચાર્યો, વડીલો, પુત્રો, પૌત્રો, દાદા, મામા, સસરા, સાળા અને બીજા સંબંધીજન જીવવાની અને ધનની તમા છોડીને લડાઈને સારુ ઊભેલા. ૩૩-૩૪.

ભલે તેઓ મને મારી નાખે, પણ ત્રિલોકીના રાજ્ય સારુ પણ હે મધુસૂદન, હું તેમને હણવા નથી ઈચ્છતો, તો પછી આ ભૂમિ માટે કેમ જ હણું? ૩૫.

હે જનાર્દન! ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને અમને શો આનંદ થાય? આ આતતાયીઓને પણ હણીને અમને પાપ જ લાગે. ૩૬.

તેથી હે માધવ! અમારા પોતાના જ બાંધવ એવા ધૃતરાષ્ટ્રના પુત્રોને અમારે હણવા એ યોગ્ય નથી. સ્વજનોને હણીને અમે શું સુખી થઈશું? ૩૭.

લોભથી ચિત્ત મલિન થયેલાં હોવાથી તેઓ ભલે કુલનાશથી થતા દોષને અને મિત્રદ્રોહના પાપને ન જોઈ શકે, પણ હે જનાર્દન! કુલનાશથી થતા દોષને

સમજનારા અમને આ પાપમાંથી બચવાનું કેમ ન સૂઝે ? ૩૮-૩૯.

કુલનો નાશ થયો એટલે પરાપૂર્વથી ચાલતા આવેલા કુલધર્મોનો નાશ થાય, અને ધર્મનો નાશ થયો એટલે તો અધર્મ કુલ આખાને દુબાવી દે છે. ૪૦.

હે કૃષ્ણ ! અધર્મની વૃદ્ધિ થવાથી કુલસ્ત્રીઓ દૂષિત થાય છે. અને તેમના દૂષિત થવાથી વાર્ષ્ણેયો સંકર થાય છે. ૪૧.

આવો સંકર કુલઘાતકને અને તેના કુલને નરકમાં પાડી નાખે છે અને પિંડોદકની ક્રિયાથી વંચિત થવાથી તેના પિતરોની પણ અવગતિ થાય છે. ૪૨.

કુલઘાતક લોકોના આ વાર્ષ્ણેયસંકરને-ઉત્પન્ન-કરનારા દોષોથી સનાતન કુલધર્મોનો અને જાતિધર્મોનો નાશ થાય છે. ૪૩.

હે જનાર્દન ! જેમના કુલધર્મનો ઉચ્છેદ થયો છે એવા મનુષ્યોનો અવશ્ય નરકમાં વાસ થાય છે એવું આપણે સાંભળતા આવ્યા છીએ. ૪૪.

અરેરે ! કેવું મહાપાપ કરવાને અમે તૈયાર થયા છીએ કે રાજ્યસુખને લોભે સ્વજનોને હણવા તત્પર થયા ! ૪૫.

ધૃતરાષ્ટ્રના શસ્ત્રધારી પુત્રો જો શસ્ત્ર વિનાના અને સામે ન થનારા મને રણમાં હણે તો તે મારે સારુ વધારે કલ્યાણકારક થાય. ૪૬.

સંજય બોલ્યા :

શોકથી વ્યગ્રચિત્ત થયેલા અર્જુન રણમધ્યે આમ બોલી ધનુષબાણને પડતાં મૂકી રથની બેઠક પર બેસી ગયા. ૪૭.

ॐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'અર્જુન-વિષાદ-યોગ' નામનો પહેલો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૨. સાંખ્ય-યોગ

મોહને વશ થઈ મનુષ્ય અધર્મને ધર્મ માને છે. મોહને લીધે પોતીકા અને પારકા એવો ભેદ અર્જુને કર્યો. એ ભેદ મિથ્યા છે એમ સમજાવતાં શ્રીકૃષ્ણ પ્રથમ દેહ અને આત્માની ભિન્નતા બતાવે છે, દેહની અનિત્યતા અને પૃથક્‌તા તથા આત્માની નિત્યતા અને તેની એકતા બતાવે છે.

પછી સમજાવે છે કે મનુષ્ય કેવળ પુરુષાર્થનો અધિકારી છે, પરિણામોનો નથી. તેથી તેણે કર્તવ્યનો નિશ્ચય કરી, નિશ્ચિંત રહી તેને વિશે પરાયણ રહેવું જોઈએ. એવી પરાયણતાથી તે મોક્ષને સાધી શકે છે.

૩

સંજય બોલ્યા :

આમ કરુણા[1]થી ઘેરાયેલા અને અશ્રુપૂર્ણ વ્યાકુળ નેત્રોવાળા દુઃખી અર્જુન પ્રત્યે મધુસૂદને આ વચન કહ્યાં : ૧.

શ્રીભગવાન બોલ્યા :

હે અર્જુન ! શ્રેષ્ઠ પુરુષોને અયોગ્ય, સ્વર્ગથી વિમુખ રાખનાર અને અપજશ દેનાર એવો આ મોહ તને આવી વિષમ ઘડીએ ક્યાંથી થઈ આવ્યો ? ૨.

---

૧. કરુણા = ઢીલાપણું, પોચાપણું, ગ્લાનિ.

હે પાર્થ! તું નામર્દ ન થા. આ તને ન શોભે. હૃદયની પામર નિર્બળતાનો ત્યાગ કરી હે પરંતપ! તું ઊઠ. ૩.

અર્જુન બોલ્યા :

હે મધુસૂદન! રણભૂમિમાં બાણો વડે હું ભીષ્મ અને દ્રોણની સામે કેમ લડું? હે અરિસૂદન! એઓ તો પૂજનીય છે. ૪.

મહાનુભાવ ગુરુજનોને ન મારતાં આ લોકમાં મારે ભિક્ષાથી નિર્વાહ કરવો એ પણ વધારે સારું છે, કેમ કે ગુરુજનોને મારીને તો મારે લોહીથી ખરડાયેલા અર્થ અને કામરૂપી ભોગો જ ભોગવવા રહ્યા. ૫.

હું જાણતો નથી કે બેમાંથી શું સારું ગણાય, અમે જીતીએ એ? કે તેઓ અમને જીતે એ? જેમને મારીને અમે જીવવાયે ન ઇચ્છીએ તે જ ધૃતરાષ્ટ્રના પુત્રો આ સામે ઊભા છે. ૬.

દીનતાને કારણે મારો મૂળ સ્વભાવ હણાઈ ગયો છે. કર્તવ્ય વિશે હું મૂંઝવણમાં પડ્યો છું. તેથી જેમાં મારું હિત હોય તે મને નિશ્ચયપૂર્વક કહેવા તમને વીનવું છું. હું તમારો શિષ્ય છું. તમારે શરણ આવ્યો છું. મને દોરો. ૭.

આ લોકમાં ધનધાન્યસંપન્ન નિષ્કંટક રાજ્ય મળે, તેમ જ દેવલોકમાં ઇન્દ્રાસન મળે તો તેથીયે, ઇન્દ્રિયોને ચૂસી લેનારા આ મારા શોકને ટાળી શકે એવું કશું હું જોતો નથી. ૮.

સંજય બોલ્યા :

હે રાજન્ ! હૃષીકેશ ગોવિન્દને ઉપર પ્રમાણે કહી, શત્રુને અકળાવનાર તરીકે જેની નામના છે એવા ગુડાકેશ અર્જુન 'નથી લડવાનો' એમ બોલી ચૂપ થયા. ૯.

હે ભારત ! બંને સેના વચ્ચે આમ ઉદાસ થઈ બેઠેલા એ અર્જુનને હસતા નહીં હોય તેમ હૃષીકેશે આ વચન કહ્યાં : ૧૦.

૪

શ્રીભગવાન બોલ્યા :

શોક ન કરવા યોગ્યનો તું શોક કરે છે, અને પંડિતાઈના બોલ બોલે છે, પણ પંડિતો તો મૂઆજીવતાની પાછળ શોક નથી કરતા. ૧૧.

કેમ કે ખરું જોતાં હું, તું કે આ રાજાઓ કોઈ કાળમાં નહોતા અથવા હવે પછી નહીં હોઈએ એવું છે જ નહીં. ૧૨.

દેહધારીને જેમ આ દેહને વિશે કૌમાર, યૌવન અને જરાની પ્રાપ્તિ થાય છે તેમ જ અન્ય દેહની પ્રાપ્તિ પણ થાય છે. તેને વિશે બુદ્ધિમાન પુરુષ અકળાતો નથી. ૧૩.

હે કૌન્તેય ! ઈન્દ્રિયોના વિષયો જોડેના સ્પર્શો ઠંડી, ગરમી, સુખ અને દુઃખ દેનારા હોય છે. તે અનિત્ય

હોઈ, આવે છે ને અલોપ થાય છે. હે ભારત ! તેમને તું સહન કરી છૂટ. ૧૪.

હે પુરુષશ્રેષ્ઠ ! સુખદુઃખમાં સમ એવા જે બુદ્ધિમાન પુરુષને આ વિષયો વ્યાકુળ નથી કરતા તે મોક્ષને યોગ્ય બને છે. ૧૫.

અસત્‌ની હસ્તી નથી, ને સત્‌નો નાશ નથી. આ બંનેનો નિર્ણય જ્ઞાનીઓએ જાણ્યો છે. ૧૬.

જે વડે આ અખિલ જગત વ્યાપ્ત છે તેને તું અવિનાશી જાણજે. આ અવ્યયનો વિનાશ કરવા કોઈ પણ સમર્થ નથી. ૧૭.

નિત્ય રહેનારા તેમ જ મન અને ઇન્દ્રિયોની સમજમાં ન આવનારા એવા અવિનાશી દેહી(આત્મા)ના આ દેહો નાશવંત કહ્યા છે, તેથી હે ભારત ! તું યુદ્ધ કર. ૧૮.

જે આને હણનાર તરીકે માને છે તેમ જ જે આને હણાયેલો માને છે એ બંને કંઈ જાણતા નથી. આ (આત્મા) નથી હણતો, નથી હણાતો. ૧૯.

આ કદી જન્મતો નથી, કે મરતો નથી; આ હતો અને હવે થવાનો નથી એવુંયે નથી; તેથી તે અજન્મા છે, નિત્ય છે, શાશ્વત છે, પુરાતન છે; શરીર હણાયાથી તે હણાતો નથી. ૨૦.

હે પાર્થ ! જે પુરુષ, આત્માને અવિનાશી, નિત્ય, અજન્મા અને અવ્યય માને છે તે કેવી રીતે કોઈને

હણાવે કે કોઈને હણે ? ૨૧.

મનુષ્ય જેમ જૂનાં વસ્ત્રો નાખી દઈ બીજાં નવાં ધારણ કરે છે, તેમ દેહધારી જીવ જીર્ણ થઈ ગયેલા દેહને છોડી બીજા નવા દેહને પામે છે. ૨૨.

એ(આત્મા)ને શસ્ત્રો છેદતાં નથી, અગ્નિ બાળતો નથી, પાણી પલાળતું નથી, વાયુ સૂકવતો નથી. ૨૩.

આ છેદી શકાતો નથી, બાળી શકાતો નથી, પલાળી શકાતો નથી કે સૂકવી શકાતો નથી. આ નિત્ય છે, સર્વગત છે, સ્થિર છે, અચળ છે, અને સનાતન છે. ૨૪.

વળી એ ઇન્દ્રિયોને અને મનને અગમ્ય છે, વિકારરહિત કહેવાયો છે, માટે એને તેવો જાણીને તારે એનો શોક કરવો ઉચિત નથી. ૨૫.

અથવા જો તું આને નિત્ય જન્મવાવાળો અને નિત્ય મરવાવાળો માને તોયે હે મહાબાહો ! તારે એને વિશે શોક કરવો ઉચિત નથી. ૨૬.

જન્મેલાને મૃત્યુ અને મરેલાને જન્મ અનિવાર્ય છે. તેથી જે અનિવાર્ય છે તેનો શોક કરવો તને યોગ્ય નથી. ૨૭.

હે ભારત ! ભૂતમાત્રની જન્મ પૂર્વેની અને મરણ પછીની સ્થિતિ જોઈ શકાતી નથી; તે અવ્યક્ત છે, વચ્ચેની સ્થિતિ જ વ્યક્ત એટલે કે પ્રગટ થાય છે. આમાં ચિંતાને અવકાશ કયાં છે ? ૨૮.

નોંધ : ભૂત એટલે સ્થાવર-જંગમ તમામ સૃષ્ટિ.

કોઈ આ(આત્મા)ને આશ્ચર્ય સરખો જુએ છે, બીજા તેને આશ્ચર્ય સરખો વર્ણવે છે; વળી બીજા તેને આશ્ચર્ય સરખો વર્ણવાયેલો સાંભળે છે, અને સાંભળવા છતાં કોઈ તેને જાણતું નથી. ૨૯.

હે ભારત ! બધાના દેહમાં રહેલો આ દેહધારી આત્મા નિત્ય અને અવધ્ય છે; તેથી તારે ભૂતમાત્રને વિશે શોક કરવો ઘટતો નથી. ૩૦.

નોંધ : આટલે લગી શ્રીકૃષ્ણે બુદ્ધિપ્રયોગથી આત્માનું નિત્યત્વ અને દેહનું અનિત્યત્વ બતાવી સૂચવ્યું કે જો કોઈ સ્થિતિમાં દેહનો નાશ કરવો યોગ્ય ગણાય, તો સ્વજન પરજનનો ભેદ કરી કૌરવ સગા છે તેથી તેમને કેમ હણાય એ વિચાર મોહજન્ય છે.

હવે અર્જુનને ક્ષત્રિયધર્મ શો છે તે બતાવે છે.

૫

સ્વધર્મનો વિચાર કરીને પણ તારે અચકાવું ઉચિત નથી, કારણ કે ધર્મયુદ્ધ કરતાં ક્ષત્રિયને માટે બીજું કંઈ વધારે શ્રેયસ્કર હોય નહીં. ૩૧.

હે પાર્થ ! આમ પોતાની મેળે પ્રાપ્ત થયેલું, ને જાણે સ્વર્ગદ્વાર જ ખૂલ્યું નહીં હોય એવું યુદ્ધ તો ભાગ્યશાળી ક્ષત્રિયોને જ મળે છે. ૩૨.

જો તું આ ધર્મપ્રાપ્ત સંગ્રામ નહીં કરે તો સ્વધર્મ અને કીર્તિ બંને ખોઈ પાપ વહોરી લઈશ. ૩૩.

બધા લોકો તારી નિંદા નિરંતર કર્યા કરશે. અને માન પામેલાને માટે અપકીર્તિ એ મરણ કરતાં પણ બૂરી વસ્તુ છે. ૩૪.

જે મહારથીઓમાં તું માન પામ્યો તેઓ તને ભયને લીધે રણમાંથી નાઠેલો માનશે અને તેમની વચ્ચે તારો દરજ્જો ઊતરી જશે. ૩૫.

અને તારા શત્રુઓ તારા બળને નિંદતા નિંદતા ન બોલવાના અનેક બોલ બોલશે, આથી વધારે દુઃખકર બીજું શું હોઈ શકે ? ૩૬.

જો તું હણાઈશ તો તને સ્વર્ગ મળશે. જો જીતીશ તો તું પૃથ્વી ભોગવશે. તેથી હે કૌન્તેય ! લડવાનો નિશ્ચય કરીને તું ઊભો થા. ૩૭.

નોંધ : ભગવાને પ્રથમ આત્માનું નિત્યત્વ અને દેહનું અનિત્યત્વ બતાવ્યું. ત્યાર પછી સહજપ્રાપ્ત યુદ્ધ કરવામાં ક્ષત્રિયને ધર્મનો બાધ હોય નહીં એમ પણ બતાવ્યું. એટલે ૩૧મા શ્લોકથી ભગવાને પરમાર્થની સાથે ઉપયોગનો [લાભહાનિની વ્યવહારદૃષ્ટિનો] મેળ સાધ્યો.

ભગવાન હવે, ગીતાના મુખ્ય બોધનો પ્રવેશ એક શ્લોકમાં કરાવે છે.

સુખ અને દુઃખ, લાભ અને હાનિ, જય અને

પરાજય સરખાં માની લડવા સારુ તત્પર થા. એમ કરવાથી તને પાપ નહીં લાગે. ૩૮.

આ મેં તને સાંખ્યસિદ્ધાંત (જ્ઞાનનિષ્ઠા) પ્રમાણે તારા કર્તવ્યની સમજ પાડી.

૬

હવે યોગવાદ પ્રમાણે સમજ પાડું છું તે સાંભળ. એનો આશ્રય લેવાથી તું કર્મનાં બંધનો તોડી શકીશ. ૩૯.

આ નિષ્ઠાથી થયેલા આરંભનો નાશ નથી, એમાં વિપરીત પરિણામ પણ આવતું નથી. આ ધર્મનું યત્કિંચિત્ પાલન પણ મહાભયમાંથી ઉગારી લે છે. ૪૦.

હે કુરુનન્દન! (યોગવાદીની) નિશ્ચયાત્મક બુદ્ધિ એકરૂપ હોય છે, જ્યારે અનિશ્ચયવાળાની બુદ્ધિઓ એટલે કે વાસનાઓ બહુ શાખાવાળી અને અનંત હોય છે. ૪૧.

નોંધ : બુદ્ધિ એક મટી અનેક (બુદ્ધિઓ) થાય છે ત્યારે તે બુદ્ધિ મટી વાસનાનું રૂપ લે છે. તેથી બુદ્ધિઓ એટલે વાસના.

અજ્ઞાની વેદિયા, 'આ સિવાય બીજું કંઈ નથી' એવું બોલનારા, કામનાવાળા, અને સ્વર્ગને જ શ્રેષ્ઠ

માનનારા લોકો જન્મમરણરૂપી કર્મનાં ફળો દેનારી, ભોગ અને ઐશ્વર્ય મેળવવાને માટે કરવાનાં (વિવિધ) કર્મોના વર્ણનથી ભરેલી વાણી મલાવી-મલાવીને બોલે છે; ભોગ અને ઐશ્વર્યને વિશે આસક્ત થયેલા તેમની તે બુદ્ધિ મરાઈ જાય છે; તેમની બુદ્ધિ નથી નિશ્ચયવાળી હોતી, અને નથી સમાધિને વિશે તે સ્થિર થઈ શકતી.
૪૨-૪૩-૪૪.

નોંધ : યોગવાદની વિરુદ્ધ કર્મકાંડનું એટલે જ વેદવાદનું વર્ણન ઉપલા ત્રણ શ્લોકમાં આવ્યું. કર્મકાંડ અથવા વેદવાદ એટલે ફળ ઉપજાવવા મથનારી અસંખ્ય ક્રિયાઓ. આ ક્રિયાઓ વેદાન્તથી એટલે કે વેદના રહસ્યથી, અલગ અને અલ્પ પરિણામવાળી હોવાથી નિરર્થક છે.

હે અર્જુન! જે ત્રણ ગુણો વેદનો વિષય છે તેમનાથી તું અલિપ્ત રહે. સુખદુઃખાદિ દ્વંદ્વોથી છૂટો થા. નિત્ય સત્ય વસ્તુ વિશે સ્થિત રહે. કંઈ વસ્તુ મેળવવા-સાચવવાની ભાંજગડમાંથી મુક્ત રહે, અને આત્મપરાયણ થા. ૪૫.

જે અર્થ કૂવાથી સરે છે તે બધો બધી રીતે સરોવરમાંથી જેમ સરે છે, તેમ જ જે કાંઈ બધા વેદમાં છે તે જ્ઞાનવાન બ્રહ્મપરાયણને આત્માનુભવમાંથી મળી રહે છે. ૪૬.

કર્મને વિશે જ તને અધિકાર (કાબૂ) છે, તેમાંથી

નીપજતાં અનેક ફળોને વિશે કદી નહીં. કર્મનું ફળ તારો હેતુ ન હજો. કર્મ ન કરવા વિશે પણ તને આગ્રહ ન હજો. ૪૭.

હે ધનંજય ! આસક્તિ છોડી યોગસ્થ રહી એટલે કે સફળતા-નિષ્ફળતાને વિશે સમાન ભાવ રાખી તું કર્મ કર. સમતા એ જ યોગ કહેવાય છે. ૪૮.

હે ધનંજય ! સમત્વબુદ્ધિ સાથે સરખાવતાં કેવળ કર્મ ઘણું તુચ્છ છે. તું સમત્વબુદ્ધિનો આશ્રય લે. ફળની લાલસા રાખનારા પામરો દયાપાત્ર છે. ૪૯.

બુદ્ધિયુક્ત એટલે સમતાવાળો પુરુષ અહીં જ પાપપુણ્યનો સ્પર્શ થવા દેતો નથી; તેથી તું સમત્વને સારુ પ્રયત્ન કર. સમતા એ જ કાર્યકુશળતા છે. ૫૦.

કેમ કે સમત્વબુદ્ધિવાળા મુનિઓ કર્મથી ઉત્પન્ન થતાં ફળનો ત્યાગ કરીને જન્મબંધનમાંથી મુક્ત થઈ નિષ્કલંક એવા મોક્ષપદને પામે છે. ૫૧.

જ્યારે તારી બુદ્ધિ મોહરૂપી કીચડને પાર ઊતરી જશે ત્યારે તને સાંભળેલાને વિશે તેમ જ સાંભળવાનું બાકી હશે તેને વિશે ઉદાસીનતા પ્રાપ્ત થશે. ૫૨.

અનેક પ્રકારના સિદ્ધાન્તો સાંભળવાથી વ્યગ્ર થઈ ગયેલી તારી બુદ્ધિ જ્યારે સમાધિમાં સ્થિર થશે ત્યારે જ તું સમત્વને એટલે કે યોગને પામીશ. ૫૩.

૭

અર્જુન બોલ્યા :

હે કેશવ ! સ્થિતપ્રજ્ઞનાં એટલે કે સમાધિસ્થનાં શાં ચિહ્ન હોય ? સ્થિતપ્રજ્ઞ કેવી રીતે બોલે, બેસે ને ચાલે ? ૫૪.

શ્રીભગવાન બોલ્યા :

હે પાર્થ! જ્યારે મનમાં ઊઠતી બધી કામનાઓનો મનુષ્ય ત્યાગ કરે છે અને આત્મામાં આત્મા વડે જ સંતુષ્ટ રહે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૫૫.

નોંધ : આત્મામાં આત્મા વડે જ સંતુષ્ટ રહેવું એટલે આત્માનો આનંદ અંદરથી શોધવો, સુખદુઃખ દેનારી બહારની વસ્તુઓ ઉપર આનંદનો આધાર ન રાખવો.

આનંદ એ સુખથી નોખી વસ્તુ છે એ ધ્યાનમાં રાખવું ઘટે. મને પૈસા મળે તેમાં હું સુખ માનું એ મોહ. હું ભિખારી હોઉં, ભૂખનું દુઃખ હોય છતાં હું ચોરીની કે બીજી લાલચમાં ન પડું તેમાં જે વસ્તુ રહેલ છે તે આનંદ આપે છે, તેને આત્મસંતોષ કહી શકાય.

દુઃખોથી જે દુઃખી ન થાય, સુખોની ઈચ્છા ન રાખે અને જે રાગ, ભય અને ક્રોધથી રહિત હોય તે મુનિ સ્થિરબુદ્ધિ કહેવાય છે. ૫૬.

જે બધે રાગરહિત છે અને શુભ પામતાં તેને નથી આવકાર આપતો અથવા અશુભ પામીને નથી અકળાતો તેની બુદ્ધિ સ્થિર છે. ૫૭.

કાચબો સર્વ કોરથી અંગો સમેટી લે તેમ આ પુરુષ જ્યારે ઇન્દ્રિયોને તેમના વિષયોમાંથી સમેટી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થઈ છે એમ કહેવાય. ૫૮.

દેહધારી જ્યારે નિરાહારી રહે છે ત્યારે તેના વિષયો મોળા પડે છે જરૂર; પણ [વિષય પરત્વેનો] એનો રસ નથી જતો; તે રસ તો પરવસ્તુના દર્શનથી, પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી શમે છે. ૫૯.

નોંધ : આ શ્લોક ઉપવાસાદિનો નિષેધ નથી કરતો પણ તેની મર્યાદા સૂચવે છે. વિષયોને શાંત કરવા સારુ ઉપવાસાદિ આવશ્યક છે, પણ તેમની જડ એટલે તેમને વિશે રહેલો રસ તો કેવળ ઈશ્વરની ઝાંખી થયે જ શમે. ઈશ્વરસાક્ષાત્કારનો જેને રસ લાગ્યો તે બીજા રસોને ભૂલી જ જાય.

હે કૌન્તેય! ડાહ્યો પુરુષ યત્ન કરતો હોય છતાં ઇન્દ્રિયો એવી તો વલોવી નાખનારી છે કે તેનું મન બળાત્કારે હરી લે છે. ૬૦.

એ બધી ઇન્દ્રિયોને વશમાં રાખી યોગીએ મારામાં તન્મય થઈ રહેવું જોઈએ. કેમ કે પોતાની ઇન્દ્રિયો જેના વશમાં છે તેની જ બુદ્ધિ સ્થિર રહે છે. ૬૧.

નોંધ : એટલે કે ભક્તિ વિના – ઈશ્વરની સહાય વિના, પુરુષ-પ્રયત્ન મિથ્યા છે.

વિષયોનું ચિંતવન કરનાર પુરુષના મનમાં તેમને વિશે આસક્તિ ઉત્પન્ન થાય છે. આસક્તિમાંથી કામના થાય છે અને કામનામાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ૬૨.

નોંધ : કામનાવાળાને ક્રોધ અનિવાર્ય છે, કેમ કે કામ કોઈ દિવસે તૃપ્ત થતો જ નથી.

ક્રોધમાંથી મૂઢતા પેદા થાય છે, મૂઢતામાંથી ભાન ભુલાય છે ને ભાન જવાથી જ્ઞાનનો નાશ થાય છે અને જેના જ્ઞાનનો નાશ થયો તે જાતે જ નાશ પામે છે. (તેની સર્વ પ્રકારે અધોગતિ થાય છે.) ૬૩.

પણ જેનું મન પોતાના કાબૂમાં છે અને જે રાગદ્વેષરહિત એવી તથા પોતાને વશ વર્તનારી ઈન્દ્રિયોથી (ઘટતા) વિષયોનું ગ્રહણ કરે છે તે પુરુષ ચિત્તની પ્રસન્નતા મેળવે છે. ૬૪.

ચિત્તની પ્રસન્નતાથી એનાં બધાં દુઃખો ટળે છે અને પ્રસન્નતા પામેલાની બુદ્ધિ તરત જ સ્થિર થાય છે. ૬૫.

જેને સમત્વ નથી તેને વિવેક નથી, ભક્તિ નથી. અને જેને ભક્તિ નથી તેને શાંતિ નથી. હવે જ્યાં શાંતિ નથી ત્યાં સુખ ક્યાંથી જ હોય ? ૬૬.

વિષયોમાં ભટકતી ઈન્દ્રિયોની પાછળ જેનું મન દોડી જાય છે તેનું એ મન – વાયુ જેમ પાણીમાં નૌકાને

તાણી લઈ જાય છે તેમ - તેની બુદ્ધિને ગમે ત્યાં તાણી લઈ જાય છે. ૬૭.

તેથી હે મહાબાહો! જેની ઈન્દ્રિયો ચોમેર વિષયોમાંથી નીકળીને પોતાના વશમાં આવી ગયેલી હોય છે તેની બુદ્ધિ સ્થિર થાય છે. ૬૮.

જે ટાણે સર્વ પ્રાણી સૂતાં હોય છે તે ટાણે સંયમી જાગતો હોય છે અને જેમાં લોકો જાગતા હોય છે તેમાં જ્ઞાનવાન મુનિ સૂતો હોય છે. ૬૯.

નોંધ : ભોગી મનુષ્યો રાત્રિના બારએક વાગ્યા સુધી નાચ, રંગ, ખાનપાનાદિમાં પોતાનો સમય ગાળે છે ને પછી સવારના સાતઆઠ વાગ્યા સુધી સૂએ છે. સંયમી રાત્રિના સાતઆઠ વાગ્યે સૂઈ મધરાતે ઊઠી ઈશ્વરનું ધ્યાન ધરે છે.

વળી જ્યાં ભોગી સંસારનો પ્રપંચ વધારે છે ને ઈશ્વરને ભૂલે છે ત્યાં સંયમી સંસારી પ્રપંચથી આઘાપાછા રહે છે ને ઈશ્વરનો સાક્ષાત્કાર કરે છે. એમ બેના પંથ ન્યારા છે એમ આ શ્લોકમાં ભગવાને સૂચવ્યું છે.

બધેથી સતત ભરાતાં છતાં જેની મર્યાદા અચળ રહે છે એવા સમુદ્રમાં જેમ પાણી સમાઈ જાય છે તેમ જે મનુષ્યને વિશે સંસારના ભોગો શમી જાય છે તે જ શાંતિ પામે છે, નહીં કે કામનાવાળો મનુષ્ય. ૭૦.

બધી કામનાઓને છોડી જે પુરુષ ઈચ્છા, મમતા અને અહંકારરહિત થઈ વિચરે છે તે જ શાંતિ પામે છે. ૭૧.

હે પાર્થ ! ઈશ્વરને ઓળખનારની સ્થિતિ આવી વર્તે છે. તે પામ્યા પછી તે મોહને વશ નથી થતો, અને મરણકાળે પણ આવી જ સ્થિતિ નભે એટલે તે બ્રહ્મનિર્વાણ પામે છે. ૭૨.

ૐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'સાંખ્ય-યોગ' નામનો બીજો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૩. કર્મયોગ

આ અધ્યાય ગીતાનું સ્વરૂપ જાણવાની કૂંચી છે એમ કહેવાય. તેમાં કર્મ કેમ કરવું અને કયું કરવું, તથા ખરું કર્મ કોને કહેવું જોઈએ તે સ્પષ્ટ કર્યું છે. અને બતાવ્યું છે કે ખરું જ્ઞાન પારમાર્થિક કર્મોમાં પરિણમવું જ જોઈએ.

૮

અર્જુન બોલ્યા :

હે જનાર્દન! જો તમે કર્મના કરતાં બુદ્ધિને ચડિયાતી માનો છો તો હે કેશવ! તમે મને ઘોર કર્મને વિશે કેમ પ્રેરો છો? ૧.

નોંધ : બુદ્ધિ એટલે સમત્વબુદ્ધિ.

તમારાં મિશ્ર વચનથી મારી બુદ્ધિને તમે જાણે શંકાશીલ બનાવો છો. માટે તમે મને એક જ વાત નિશ્ચયપૂર્વક કહો કે જેથી મારું કલ્યાણ થાય. ૨.

નોંધ : અર્જુન મૂંઝાય છે; કેમ કે એક તરફથી ભગવાન તેને શિથિલ થવાને સારુ ઠપકો દે છે અને બીજી તરફથી બીજા અધ્યાયના ૪૯-૫૦ શ્લોકોમાં કર્મત્યાગનો આભાસ આવી જાય છે.

ઊંડે વિચારતાં એમ નથી એમ ભગવાન હવે બતાવશે.

શ્રીભગવાન બોલ્યા :

હે પાપરહિત અર્જુન ! હું પૂર્વે કહી ગયો છું કે આ લોકને વિશે બે પ્રકારની નિષ્ઠા હોય છે : એક તો જ્ઞાનયોગ વડે સાંખ્યોની અને કર્મયોગ વડે યોગીઓની. ૩.

કર્મનો [કેવળ] આરંભ ન કરવાથી મનુષ્ય નૈષ્કર્મ્ય અનુભવતો નથી અને કર્મના કેવળ બાહ્ય ત્યાગથી સિદ્ધિ એટલે કે મોક્ષ મેળવતો નથી. ૪.

નોંધ : નૈષ્કર્મ્ય એટલે મનથી, વાણીથી અને શરીરથી કર્મનું ન કરવાપણું. પણ આવી નિષ્કર્મતાનો અનુભવ કર્મ ન કરીને કોઈ નથી લઈ શકતું. ત્યારે એનો અનુભવ કેમ મળે એ હવે જોવાનું છે.

ખરેખર, એક ક્ષણભર પણ કર્મ કર્યા વિના કોઈ નથી રહી શકતું. પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણો જ પરવશ પડેલા પ્રત્યેક જણ પાસેથી કર્મ કરાવે છે. ૫.

જે મનુષ્ય કર્મ કરનારી ઇન્દ્રિયોને રોકે છે પણ તે તે ઇન્દ્રિયોના વિષયનું ચિંતવન મનથી કરે છે તે મૂઢાત્મા મિથ્યાચારી કહેવાય છે. ૬.

નોંધ : જેમ કે જે વાણીને રોકે છે પણ મનમાં કોઈને ગાળ કાઢે છે તે નિષ્કર્મ નથી પણ મિથ્યાચારી છે.

આનો અર્થ એવો નથી કે મન રોકાય નહીં ત્યાં લગી શરીરને રોકવું નિરર્થક છે. શરીરને રોક્યા વિના મન ઉપર અંકુશ આવતો જ નથી. પણ શરીરના અંકુશની સાથે મન

ઉપર અંકુશ રાખવાનો પ્રયત્ન હોવો જ જોઈએ.

જેઓ બીક, શરમ કે એવાં બાહ્ય કારણોને લીધે શરીરને રોકે છે પણ મનને વાળતા નથી, એટલું જ નહીં પણ મનથી તો વિષય ભોગવે છે અને લાગ ફાવે તો શરીરથી પણ ભોગવે તેવા મિથ્યાચારીની અહીં નિંદા છે.

હવે પછીનો શ્લોક આથી ઊલટો ભાવ દર્શાવે છે.

પણ હે અર્જુન! જે મનુષ્ય ઈન્દ્રિયોને મનથી નિયમમાં રાખી સંગરહિત થઈ કર્મ કરનારી ઈન્દ્રિયો વડે કર્મયોગનો આરંભ કરે છે તે શ્રેષ્ઠ પુરુષ છે. ૭.

નોંધ : આમાં બહાર ને અંતરનો મેળ સાધ્યો છે. મનને અંકુશમાં રાખતાં છતાં મનુષ્ય શરીર વડે એટલે કે કર્મેન્દ્રિયો વડે કંઈ ને કંઈક તો કરશે જ. પણ જેનું મન અંકુશમાં છે તેના કાન દૂષિત વાતો નહીં સાંભળે પણ ઈશ્વરભજન સાંભળશે, સત્પુરુષોના ગુણોનું કથન સાંભળશે. જેનું મન પોતાને વશ છે તે આપણે જેને વિષય તરીકે ઓળખીએ છીએ તેમાં રસ નહીં લે. આવો મનુષ્ય આત્માને શોભે તેવાં જ કર્મો કરશે. આવાં કર્મો કરવાં તે કર્મમાર્ગ. જે વડે આત્માનો શરીરના બંધનમાંથી છૂટવાનો યોગ સધાય તે કર્મયોગ. આમાં વિષયાસક્તિને સ્થાન હોય જ નહીં.

તેથી તું નિયત કર્મ કર. કર્મ ન કરવા કરતાં કર્મ કરવાં એ વધુ સારું છે. તારા શરીરનો વ્યાપાર પણ કર્મ વિના નહીં ચાલે. ૮.

નોંધ : નિયત શબ્દ મૂળ શ્લોકમાં છે. તેનો સંબંધ આગલા શ્લોક સાથે છે. તેમાં મન વડે ઇંન્દ્રિયોને નિયમમાં રાખી સંગરહિત થઈ કર્મ કરનારની સ્તુતિ છે. એટલે અહીં નિયત કર્મની એટલે ઇન્દ્રિયોને નિયમમાં રાખીને કરવાના કર્મની ભલામણ છે.

૯

યજ્ઞાર્થે કરેલાં કર્મ સિવાયનાં બીજાં કર્મોથી આ લોકમાં બંધન પેદા થાય છે. તેથી હે કૌન્તેય! તું રાગરહિત થઈને યજ્ઞાર્થે કર્મ કર. ૯.

નોંધ : યજ્ઞ એટલે પરોપકારાર્થે, લોકકલ્યાણાર્થે, ઈશ્વરાર્થે કરેલાં કર્મ.

પ્રજાને યજ્ઞસહિત ઉત્પન્ન કરીને પ્રજાપતિ બ્રહ્મા બોલ્યા: 'આ યજ્ઞ દ્વારા તમે વૃદ્ધિને પામજો. એ તમને ઇચ્છિત ફળ આપો. તમે યજ્ઞ દ્વારા દેવોને પોષો અને એ દેવો તમને પોષે. આમ એકબીજાને પોષીને તમે પરમ કલ્યાણને પામો. યજ્ઞ વડે સંતુષ્ટ થયેલા દેવો તમને ઇચ્છિત ભોગ આપશે. જે કોઈ, વળતર આપ્યા વિના, તેમણે આપેલું ભોગવે છે તે અવશ્ય ચોર છે.' ૧૦-૧૧-૧૨.

નોંધ : અહીં દેવ એટલે ભૂતમાત્ર, ઈશ્વરની સૃષ્ટિ. ભૂતમાત્રની સેવા તે દેવસેવા અને તે જ યજ્ઞ.

જેઓ યજ્ઞમાંથી વધેલું જમનારા છે તે બધાં પાપોથી મુક્ત થાય છે. જેઓ પોતાને જ અર્થે પકાવે છે તેઓ પાપ ખાય છે. ૧૩.

અન્નમાંથી ભૂતમાત્ર પેદા થાય છે. અન્ન વરસાદથી પેદા થાય છે. વરસાદ યજ્ઞથી થાય છે. અને યજ્ઞ કર્મથી થાય છે. તું જાણ કે કર્મ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે, પ્રકૃતિ અક્ષરબ્રહ્મ થકી, અને તેથી સર્વવ્યાપક બ્રહ્મ હમેશાં યજ્ઞને વિશે રહેલ છે. ૧૪-૧૫.

આમ પ્રવર્તેલા ચક્રને જે નથી અનુસરતો તે મનુષ્ય પોતાનું જીવન પાપી બનાવે છે, ઇન્દ્રિય-સુખમાં મચ્યો રહે છે, અને હે પાર્થ! તે વ્યર્થ જીવે છે. ૧૬.

પણ જે મનુષ્ય આત્મામાં રમનારો છે, જે તેથી જ તૃપ્ત રહે છે અને તેમાં જ સંતોષ માને છે તેને કંઈ કરવાપણું હોતું નથી. ૧૭.

કરવા ન કરવામાં તેનો કંઈ જ સ્વાર્થ નથી. ભૂતમાત્રને વિશે તેને કશો અંગત સ્વાર્થ નથી. ૧૮.

એટલે તું તો સંગરહિત થઈને નિરંતર કર્તવ્ય-કર્મ કર. અસંગ રહીને જ કર્મ કરનારો પુરુષ મોક્ષ પામે છે. ૧૯.

જનક જેવા અનેક લોકો કર્મ થકી જ પરમસિદ્ધિને પામી ગયા છે.

૧૦

લોકસંગ્રહ જોતાં પણ તારે કર્મ કરવું ઘટે છે. ૨૦.

[નોંધ : લોકો અવળે માર્ગે જઈ સમાજનો નાશ ન કરે એ હેતુથી માર્ગદર્શન દ્વારા લોકકલ્યાણ સાધવું તે લોકસંગ્રહ. **- કા૦]**

(કેમ કે) જે જે આચરણ ઉત્તમ પુરુષો કરે છે તેનું અનુકરણ સામાન્ય લોકો કરે છે. જે(આદર્શ)ને તેઓ પ્રમાણ બનાવે છે તેને લોકો અનુસરે છે. ૨૧.

હે પાર્થ! મારે ત્રણે લોકોમાં કંઈ જ કરવાપણું નથી. મેળવવા યોગ્ય કંઈ મને નથી મળ્યું એમ પણ નથી; તોયે હું કર્મમાં પ્રવૃત્ત રહું છું. ૨૨.

નોંધ : સૂર્ય, ચંદ્ર, પૃથ્વી ઇત્યાદિની નિરંતર અને અચૂક ગતિ ઈશ્વરનાં કર્મો સૂચવે છે. આ કર્મો માનસિક નહીં પણ શારીરિક ગણાય.

'ઈશ્વર નિરાકાર હોવા છતાં શારીરિક કર્મો કરે છે, એમ કેમ કહેવાય?' એવી શંકા કરવાને સ્થાન નથી. કેમ કે તે અશરીરી છતાં શરીરીની જેમ વર્તતો દેખાય છે. તેથી જ તે કર્મ કરતો છતો 'અકર્મકૃત્' અને અલિપ્ત છે.

મનુષ્યને સમજવાનું તો એ છે કે જેમ ઈશ્વરની પ્રત્યેક કૃતિ યંત્રવત્ કામ કરે છે તેમ મનુષ્યે પણ બુદ્ધિપૂર્વક છતાં યંત્રની જેમ જ નિયમિત કામ કરવાં ઘટે છે. યંત્રગતિનો અનાદર કરી સ્વચ્છંદી થવામાં મનુષ્યની વિશેષતા નથી, પણ

તે ગતિનું જ્ઞાનપૂર્વક અનુકરણ કરવામાં છે.

અલિપ્ત રહી, અસંગ થઈ, યંત્રવત્ કાર્ય કરે તો તેને ઘસારો લાગતો જ નથી. તે મરણ પર્યંત તાજો રહે છે. દેહ દેહના નિયમને અનુસરી તેના કાળે પડે છે, પણ તેમાં રહેલો આત્મા જેવો હતો તેવો જ રહે છે.

જો હું કદી પણ આળસ મરડવા સરખોયે થોભ્યા વિના કર્મને વિશે પ્રવૃત્ત ન રહું તો હે પાર્થ! લોકો બધી રીતે મારા વર્તનને અનુસરશે. જો હું કર્મ ન કરું તો આ લોકો નષ્ટ થાય; હું અવ્યવસ્થાનો કર્તા બનું અને આ લોકોનો નાશ કરું. ૨૩-૨૪.

હે ભારત! જેમ અજ્ઞાની લોકો આસક્ત થઈને કામ કરે છે તેમ જ્ઞાનીએ આસક્તિરહિત થઈને લોકકલ્યાણને ઇચ્છીને કામ કરવું જોઈએ. ૨૫.

કર્મને વિશે આસક્ત એવા અજ્ઞાની મનુષ્યોની બુદ્ધિને જ્ઞાની પુરુષ ડામાડોળ ન કરે, પણ સમત્વ જાળવી સારી રીતે કર્મો કરી તેમને સર્વ કર્મોને વિશે પ્રેરે. ૨૬.

બધાં કર્મો પ્રકૃતિના ગુણો વડે જ કરેલાં હોય છે. ત્યાં અહંકારથી મૂઢ બનેલો મનુષ્ય 'હું કર્તા છું' એમ માની બેસે છે. જ્યારે, હે મહાબાહો! ગુણ અને કર્મના વિભાગના રહસ્યને જાણનારો પુરુષ 'ગુણો ગુણોને વિશે વર્તે છે' એમ ધ્યાનમાં આણીને તેમાં આસક્ત નથી થતો. ૨૭-૨૮.

નોંધ : જેમ શ્વાસોચ્છ્વાસ આદિ ક્રિયા પોતાની મેળે થાય છે; તેને વિશે મનુષ્ય આસક્ત નથી થતો, અને જ્યારે તે અવયવોને વ્યાધિ હોય ત્યારે જ મનુષ્યને તેની ચિંતા કરવી પડે છે, અથવા તેને તે અવયવની હસ્તીનું પણ ભાન થાય છે, તેમ સ્વાભાવિક કર્મો પોતાની મેળે થતાં હોય તો તેમને વિશે આસક્તિ ન હોય. જેનો સ્વભાવ ઉદારતાનો છે તે પોતે ઉદાર છે એમ જાણતો પણ નથી; તેનાથી દાન કર્યા વિના રહેવાતું જ નથી. આવી અનાસક્તિ અભ્યાસ અને ઈશ્વરકૃપા વડે જ આવે.

પ્રકૃતિના ગુણોથી મોહ પામેલા મનુષ્યો ગુણોનાં કાર્યોમાં આસક્ત રહે છે. એવા અલ્પજ્ઞાની મંદબુદ્ધિ લોકોને જ્ઞાનીઓએ અસ્થિર ન કરવા જોઈએ. ૨૯.

૧૧

અધ્યાત્મ વૃત્તિ રાખી બધાં કર્મો મને અર્પણ કરીને આસક્તિ અને મમત્વ છોડી રાગરહિત થઈ તું યુદ્ધ કર. ૩૦.

નોંધ : દેહમાં રહેલા આત્માને જે ઓળખે છે અને તે પરમાત્માનો જ અંશ છે એમ જાણે છે તે બધું પરમાત્માને જ અર્પણ કરશે. જેમ સેવક સ્વામીની ઓથે નભે છે અને બધું તેને અર્પણ કરે છે તેમ.

શ્રદ્ધા રાખી, દ્વેષને ત્યાગી જે મનુષ્યો મારા આ અભિપ્રાય પ્રમાણે હમેશાં ચાલે છે તેઓ પણ કર્મબંધનથી મુક્ત થાય છે. ૩૧.

પણ જેઓ મારા આ અભિપ્રાયનો દોષ કાઢી તેને નથી અનુસરતા તેઓ જ્ઞાનહીન મૂર્ખ છે. તેમનો નાશ થયેલો જાણ. ૩૨.

[એ વાત સાચી છે કે] જ્ઞાની પણ પોતાના સ્વભાવ પ્રમાણે જ વર્તે છે, પ્રાણીમાત્ર પોતાના સ્વભાવને અનુસરે છે, ત્યાં બળાત્કાર શું કરે ? ૩૩.

નોંધ : બીજા અધ્યાયના ૬૧ કે ૬૮મા શ્લોકનો આ વિરોધી શ્લોક નથી. ઈન્દ્રિયોનો નિગ્રહ કરતાં કરતાં મનુષ્યે મરી છૂટવાનું છે, પણ તેમ છતાં સફળતા ન મળે તો નિગ્રહ એટલે બળાત્કાર નિરર્થક છે. આમાં નિગ્રહની નિંદા નથી સૂચવી. સ્વભાવનું સામ્રાજ્ય બતાવ્યું છે. 'આ તો મારો સ્વભાવ છે' એમ કહી કોઈ ખોટો થઈ બેસે તે આ શ્લોકનો અર્થ નથી સમજતો.

સ્વભાવની આપણને ખબર પડતી નથી. ટેવમાત્ર સ્વભાવ નથી. અને આત્માનો સ્વભાવ ઊર્ધ્વગમન છે. એટલે આત્મા જ્યારે નીચે ઊતરે ત્યારે તેની સામે થવું એ કર્તવ્ય છે. તેથી જ નીચેનો શ્લોક સ્પષ્ટ કરે છે.

ઈન્દ્રિયોને પોતપોતાના વિષયોને વિશે રાગદ્વેષ રહેલા જ છે [એ ધ્યાનમાં રાખીને] મનુષ્યે તે રાગદ્વેષને વશ થવું ન ઘટે. કેમ કે તે બંને મનુષ્યના વાટશત્રુ છે. ૩૪.

નોંધ : કાનનો વિષય સાંભળવું એ છે. સારું લાગે તે જ સાંભળવું તેને ગમે - એ રાગ; જે માઠું માને તે સાંભળવું ન ગમે - તે દ્વેષ.

'એ તો સ્વભાવ છે' એમ કહી રાગદ્વેષને વશ થવાને બદલે તેમની સામે થવું ઘટે.

આત્માનો સ્વભાવ સુખદુઃખથી અસ્પૃષ્ટ રહેવાનો છે. તે સ્વભાવને મનુષ્યે પહોંચવાનું છે.

પરાયો ધર્મ સુલભ હોય છતાં તેના કરતાં પોતાનો ઊતરતો ધર્મ પણ વધારે સારો છે. સ્વધર્મમાં મોત પણ સારું છે; પરધર્મ ભયાનક છે. ૩૫.

નોંધ : સમાજમાં એકનો ધર્મ ઝાડુ કાઢવાનો હોય ને બીજાનો ધર્મ હિસાબ રાખવાનો હોય. હિસાબ રાખનાર ભલે ઉત્તમ ગણાતો હોય છતાં ઝાડુ કાઢનાર જો પોતાનો ધર્મ છોડે તો તે ભ્રષ્ટ થાય ને સમાજને હાનિ પહોંચે.

ઈશ્વરના દરબારમાં બંનેની સેવાની કિંમત તેમની નિષ્ઠા પ્રમાણે અંકાશે. ધંધાની કિંમત ત્યાં તો એક જ હોય. બંને ઈશ્વરાર્પણબુદ્ધિથી પોતાનું કર્તવ્ય કરે તો મોક્ષને સરખા યોગ્ય બને છે.

૧૨

અર્જુન બોલ્યા :

હે વાર્ષ્ણેય ! ન ઈચ્છતો છતો કોનાથી પ્રેરાઈને મનુષ્ય બળાત્કારે જોડાતો ન હોય તેમ પાપ કરે છે? ૩૬.

શ્રીભગવાન બોલ્યા :

રજોગુણથી ઉત્પન્ન થયેલો એ (પ્રેરક) કામ છે, ક્રોધ છે; એનું પેટ જ ભરાતું નથી, એ મહાપાપી છે. એને આ લોકમાં શત્રુરૂપ સમજ. ૩૭.

નોંધ : આપણો ખરો શત્રુ અંતરમાં રહેલો કામ કહો કે ક્રોધ કહો તે જ છે.

જેમ ધુમાડાથી અગ્નિ અથવા મેલથી અરીસો અથવા ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે, તેમ કામાદિરૂપ શત્રુથી આ જ્ઞાન ઢંકાયેલું રહે છે. ૩૮.

હે કૌન્તેય ! તૃપ્ત ન કરી શકાય એવો આ કામરૂપ અગ્નિ નિત્યનો શત્રુ છે, તેનાથી જ્ઞાનીનું જ્ઞાન ઢંકાયેલું છે. ૩૯.

ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ આ શત્રુનું નિવાસસ્થાન છે. એ વડે જ્ઞાનને ઢાંકીને આ શત્રુ દેહીને મૂર્છિત કરે છે. ૪૦.

નોંધ : ઇન્દ્રિયોમાં કામ વ્યાપે છે તેથી મન મિલન થાય છે, તેથી વિવેકશક્તિ મંદ થાય છે, તેથી જ્ઞાનનો નાશ થાય છે. જુઓ અ. ૨, શ્લોક ૬૨-૬૪.

તેથી હે ભરતર્ષભ ! તું પહેલાં તો ઇન્દ્રિયોને નિયમમાં રાખી જ્ઞાન અને અનુભવનો નાશ કરનાર આ પાપીનો અવશ્ય ત્યાગ કર. ૪૧.

ઇન્દ્રિયો સૂક્ષ્મ છે, તેથી વધારે સૂક્ષ્મ મન છે, તેથી વધારે સૂક્ષ્મ બુદ્ધિ છે. જે બુદ્ધિથી પણ અત્યંત સૂક્ષ્મ છે તે આત્મા છે. ૪૨.

નોંધ : એટલે જો ઇન્દ્રિયો વશમાં રહે તો સૂક્ષ્મ કામને જીતવો સહેલ થઈ પડે.

આમ બુદ્ધિથી પર એવા આત્માને ઓળખીને અને આત્મા વડે મનને વશ કરીને હે મહાબાહો ! કામરૂપ દુર્જય શત્રુનો સંહાર કર. ૪૩.

નોંધ : મનુષ્ય જો દેહમાં રહેલ આત્માને જાણે તો મન તેને વશ રહે, ઇન્દ્રિયોને વશ ન રહે. અને મન જિતાય તો કામ શું કરી શકે ?

ॐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'કર્મયોગ' નામનો ત્રીજો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૪. જ્ઞાન-કર્મ-સંન્યાસ-યોગ

આ અધ્યાયમાં ત્રીજાનું વધારે વિવેચન છે, અને જુદા જુદા પ્રકારના કેટલાક યજ્ઞોનું વર્ણન છે.

૧૩

શ્રીભગવાન બોલ્યા :

આ અવિનાશી યોગ મેં વિવસ્વાનને (સૂર્યને) કહ્યો. તેણે તે મનુને અને મનુએ ઇક્ષ્વાકુને કહ્યો. ૧.

આમ પરંપરાથી મળેલો, તે યોગ રાજર્ષિઓ જાણતા હતા. પણ પછી દીર્ઘકાળને બળે તે લુપ્ત થયો. ૨.

તે જ પુરાતન યોગ, ઉત્તમ મર્મની વાત હોઈ, મેં આજે તને કહ્યો છે, કેમ કે તું મારો ભક્ત પણ છે અને સખા પણ છે. ૩.

અર્જુન બોલ્યા :

તમારો જન્મ તો હમણાંનો છે, વિવસ્વાનનો પૂર્વે થયેલો છે. ત્યારે હું કેમ જાણું કે તે (યોગ) તમે સૌથી પહેલો કહ્યો હતો ? ૪.

શ્રીભગવાન બોલ્યા :

હે અર્જુન ! મારા, અને તારા પણ, જન્મો ઘણાયે થઈ ગયા. તે બધા હું જાણું છું તું નથી જાણતો. ૫.

હું અજન્મ, અવિનાશી ને વળી ભૂતમાત્રનો ઈશ્વર છું; છતાં મારા સ્વભાવ પર આરૂઢ થઈને મારી માયાના બળથી હું જન્મ ધારણ કરું છું. ૬.

હે ભારત! જ્યારે જ્યારે ધર્મ મંદ પડે છે, તથા અધર્મ જોર કરે છે, ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું. ૭.

સાધુઓની રક્ષાને અર્થે અને દુષ્ટોના નાશને અર્થે તથા ધર્મનો પુનરુદ્ધાર કરવાને સારુ યુગે યુગે હું જન્મ લઉં છું. ૮.

નોંધ : અહીં શ્રદ્ધાળુને આશ્વાસન છે; અને સત્યના – ધર્મના – અવિચળપણાની પ્રતિજ્ઞા છે. આ જગતમાં ભરતીઓટ થયાં જ કરે છે. પણ અંતે ધર્મનો જ જય થાય છે. સંતોનો નાશ નથી થતો, કેમ કે સત્યનો નાશ નથી થતો. દુષ્ટોનો નાશ જ છે, કેમ કે અસત્યને અસ્તિત્વ નથી. આમ જાણી મનુષ્ય પોતે કર્તાપણાના અભિમાનથી હિંસા ન કરે, દુરાચારે ન ચાલે. ઈશ્વરની અકળ માયા પોતાનું કામ કર્યે જ જાય છે. આ જ છે અવતાર કે ઈશ્વરનો જન્મ. વસ્તુતાએ ઈશ્વરને જન્મવાપાણું હોય જ નહીં.

આમ જે મારા દિવ્ય જન્મ અને કર્મના રહસ્યને જાણે છે તે, હે અર્જુન! દેહનો ત્યાગ કર્યા પછી પુનર્જન્મ નથી પામતો, પણ મને પામે છે. ૯.

નોંધ : કેમ કે જ્યારે મનુષ્યને એવો દૃઢ વિશ્વાસ થાય છે કે ઈશ્વર ખરેખર સત્યનો જ જય કરાવે છે, ત્યારે તે સત્યને

છોડતો નથી, ધીરજ રાખે છે, દુઃખો સહન કરે છે અને મમતારહિત થવાથી જ જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે. ઈશ્વરનું જ ધ્યાન ધરીને તેમાં લય પામે છે.

રાગ, ભય અને ક્રોધરહિત થયેલા, મારું જ ધ્યાન ધરતાં મારો જ આશ્રય લેનારા, જ્ઞાનરૂપી તપથી પવિત્ર થયેલા ઘણા મારા સ્વરૂપને પામ્યા છે. ૧૦.

જેઓ જે પ્રમાણે મારો આશ્રય લે છે તે પ્રમાણે હું તેમને ફળ આપું છું. ગમે તે પ્રકારે પણ હે પાર્થ! મનુષ્યો મારા માર્ગને અનુસરે છે – મારા શાસન નીચે રહે છે. ૧૧.

નોંધ : એટલે કે કોઈ ઈશ્વરી કાયદાનું ઉલ્લંઘન નથી કરી શકતું. જેવું વાવે છે તેવું લણે છે; જેવું કરે છે તેવું ભરે છે. ઈશ્વરી કાયદાને – કર્મના કાયદાને અપવાદ નથી. સહુને સરખો એટલે પોતપોતાની યોગ્યતા પ્રમાણે ન્યાય મળે છે.

કર્મોની સિદ્ધિ ઈચ્છનારા મનુષ્યો આ લોકમાં દેવતાઓને પૂજે છે. આ મનુષ્યલોકમાં કર્મજન્ય ફળ તેમને તુરત મળે છે. ૧૨.

નોંધ : દેવતા એટલે સ્વર્ગમાં રહેનારી ઈન્દ્રવરુણાદિ વ્યક્તિઓ નહીં. દેવતા એટલે ઈશ્વરના અંશરૂપ શક્તિ. એ અર્થમાં મનુષ્ય પણ દેવતા છે. વરાળ, વીજળી વગેરે મહાન શક્તિઓ દેવતા છે. તેની આરાધના કરવાનું ફળ તુરત અને આ લોકમાં મળે છે એમ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. તે ફળ ક્ષણિક છે. તે આત્માને સંતોષ પણ નથી આપતું તો પછી

મોક્ષ તો ક્યાંથી જ આપે ?

ગુણ અને કર્મના વિભાગ પ્રમાણે ચાર વર્ણ મેં ઉત્પન્ન કર્યા છે, તેમનો કર્તા છતાં મને તું અવિનાશી અકર્તા જાણજે. ૧૩.

મને કર્મો સ્પર્શ કરતાં નથી. મને એમના ફળને વિશે લાલસા નથી. આમ જે મને સારી રીતે જાણે છે તે કર્મથી બંધન પામતા નથી. ૧૪.

નોંધ : કેમ કે મનુષ્યની પાસે કર્મ કરતાં છતાં અકર્મી રહેવાનો એ સર્વોત્તમ દૃષ્ટાંત છે.

અને બધાનો કર્તા ઈશ્વર જ છે, આપણે નિમિત્તમાત્ર જ છીએ, તો પછી કર્તાપણાનું અભિમાન કેમ હોય ?

આમ જાણીને પૂર્વેના મુમુક્ષુ લોકોએ કર્મ કર્યાં છે. તેથી તું પણ, પૂર્વજો સદા કરતા આવ્યા છે તેમ, કર્મને જ કરતો રહે. ૧૫.

૧૪

કર્મ શું, તેમ જ અકર્મ શું. એ વિશે ડાહ્યા પુરુષો પણ મોહ પામ્યા છે. માટે કર્મ વિશે હું તને બરાબર કહીશ, જે જાણીને તું અશુભથી બચી શકીશ. ૧૬.

કર્મનો, વિકર્મ(એટલે કે નિષિદ્ધ કર્મ)નો અને અકર્મનો ભેદ જાણવો જોઈએ. કર્મની ગતિ ગૂઢ છે. ૧૭.

કર્મમાં જે અકર્મ જુએ છે અને અકર્મમાં જે કર્મ જુએ છે તે લોકોમાં બુદ્ધિમાન ગણાય. તે યોગી છે અને તે સંપૂર્ણપાણે કર્મ કરવાવાળો છે. ૧૮.

નોંધ : કર્મ કરતો છતો જે કર્તાપણાનું અભિમાન નથી રાખતો તેનું કર્મ અકર્મ છે, અને જે કર્મનો બહારથી ત્યાગ કરતો છતો મનમાં મહેલ બાંધ્યા જ કરે છે તેનું તે અકર્મ પણ કર્મ છે.

જેને પક્ષઘાત થયો છે તે ઈરાદાપૂર્વક – અભિમાનપૂર્વક – રહી ગયેલું અંગ હલાવે ત્યારે હલે છે. આ માંદો પોતાનું અંગ હલાવવારૂપ ક્રિયાનો કર્તા બન્યો. આત્માનો ગુણ અકર્તાનો છે. જે મૂર્છિત થઈને પોતાને કર્તા માને છે તે આત્માને માનો કે પક્ષઘાત થયો છે, ને તે અભિમાની થઈ કર્મો કરે છે.

આ પ્રમાણે જે કર્મની ગતિ જાણે છે તે જ બુદ્ધિમાન યોગી કર્તવ્યપરાયણ ગણાય. 'હું કરું છું' એમ માનનારો કર્મવિકર્મનો ભેદ ભૂલી જાય છે, ને સાધનના સારાસારનો વિચાર નથી કરતો. આત્માની સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ છે, એટલે જ્યારે મનુષ્ય નીતિમાર્ગ છોડે છે ત્યારે એનામાં હુંપાણું છે જ એમ કહી શકાય. અભિમાનરહિત પુરુષનાં બધાં કર્મો સહેજે સાત્ત્વિક હોય છે.

જેના સર્વ આરંભો કામના અને સંકલ્પ વિનાના છે, અને જેનાં કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયાં છે; આવાને જ્ઞાની લોકો પંડિત કહે છે. ૧૯.

કર્મફળની આસક્તિ છોડીને, જે સદાય સંતુષ્ટ રહે છે, જેને કશા આશ્રયની લાલસા નથી તે કર્મમાં સારી રીતે પરોવાયેલો હોવા છતાં કંઈ જ કરતો નથી એમ કહેવાય. ૨૦.

નોંધ : એટલે કે તેને કર્મનું બંધન ભોગવવું નથી પડતું.

જે આશારહિત છે, જેનું મન પોતાને વશ છે, જેણે સંગ્રહમાત્ર છોડી દીધો છે અને જેનું શરીર જ માત્ર કર્મ કરે છે તે કરતો છતો દોષિત થતો નથી. ૨૧.

નોંધ : અભિમાનપૂર્વક કરેલું કોઈ પણ કર્મ ગમે તેવું સાત્ત્વિક હોય તોયે બંધન કરનારું છે. તે જ્યારે ઈશ્વરાર્પણ બુદ્ધિથી અભિમાન વિના થાય છે ત્યારે બંધનરહિત બને છે. જેનો 'હું' શૂન્યતાને પામ્યો છે તેનું શરીર જ માત્ર કામ કરે છે. ઊંઘતા મનુષ્યનું શરીર જ માત્ર કામ કરે છે એમ કહી શકાય. જે કેદી બળાત્કારને વશ થઈ અનિચ્છાએ હળ હાંકે છે તેનું શરીર જ કામ કરે છે. જે સ્વેચ્છાએ ઈશ્વરનો કેદી બન્યો છે તેનું પણ શરીર જ માત્ર કામ કરે છે. કેમ કે તે પોતે શૂન્ય થયો છે; પ્રેરક ઈશ્વર છે.

જે સહજ મળેલાથી સંતુષ્ટ રહે છે, જે સુખ-દુઃખાદિ દ્વંદ્વથી મુક્ત થયો છે, જે દ્વેષરહિત થયો છે, અને જે સફળતા – નિષ્ફળતાને વિશે તટસ્થ છે તે કર્મ કરતો છતો બંધાતો નથી. ૨૨.

જે આસક્તિરહિત છે, જેનું ચિત્ત જ્ઞાનમાં સ્થિર છે, જે મુક્ત છે તે યજ્ઞાર્થે જ કર્મો કરનારો હોઈ તેનાં કર્મમાત્ર લય પામે છે. ૨૩.

(યજ્ઞમાં) અર્પણ એ બ્રહ્મ, હવિ એટલે હવનની વસ્તુ એ બ્રહ્મ, બ્રહ્મરૂપી અગ્નિમાં હવન કરનાર એ પણ બ્રહ્મ; આમ કર્મની સાથે જેણે બ્રહ્મનો મેળ સાધ્યો છે તે બ્રહ્મને જ પામે. ૨૪.

વળી કેટલાક યોગીઓ દેવતાઓના પૂજનરૂપ યજ્ઞ કરે છે, અને બીજા બ્રહ્મરૂપ અગ્નિમાં યજ્ઞ વડે યજ્ઞને જ હોમે છે. વળી કેટલાક શ્રવણાદિ ઈન્દ્રિયોના સંયમરૂપ પણ યજ્ઞ કરે છે, અને બીજા કેટલાક શબ્દાદિ વિષયોને ઈન્દ્રિયાગ્નિમાં હોમે છે. ૨૫-૨૬.

નોંધ : સાંભળવાની ક્રિયા ઇત્યાદિનો સંયમ કરવો તે એક; અને ઈન્દ્રિયોનો ઉપયોગ કરતાં છતાં તેમના વિષયોને પ્રભુપ્રીત્યર્થે વાપરવા – જેમ કે ભજનાદિ સાંભળવાં - તે બીજો; વસ્તુતાએ બન્ને એક જ છે.

વળી બીજા, તમામ ઈન્દ્રિયકર્મોને અને પ્રાણકર્મોને જ્ઞાનદીપકથી સળગાવેલા આત્મસંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે. ૨૭.

નોંધ : એટલે પરમાત્મામાં તન્મય થઈ જાય છે.

આમ કોઈ યજ્ઞાર્થે દ્રવ્ય આપનારા હોય છે; કોઈ તપ કરનારા હોય છે. કેટલાક અષ્ટાંગયોગ સાધનારા હોય છે. જ્યારે કેટલાક સ્વાધ્યાય અને જ્ઞાનયજ્ઞ કરે છે. આ બધા તીક્ષ્ણ વ્રતધારી પ્રયત્નશીલ યાજ્ઞિક છે. ૨૮.

બીજા પ્રાણાયામમાં તત્પર રહેનારા અપાનને પ્રાણવાયુમાં હોમે છે, પ્રાણમાં અપાનને હોમે છે, અથવા પ્રાણ અને અપાન બન્નેને રોકે છે. ૨૯.

નોંધ : આ ત્રણ જાતના પ્રાણાયામ છે : રેચક, પૂરક ને કુંભક.

સંસ્કૃતમાં પ્રાણવાયુનો અર્થ ગુજરાતીના કરતાં ઊલટો છે. આ પ્રાણવાયુ અંદરથી બહાર નીકળનારો છે. આપણે જે બહારથી અંદર લઈએ છીએ તેને પ્રાણવાયુ-ઑક્સિજનને નામે ઓળખીએ છીએ.

વળી બીજા આહારનો સંયમ કરી પ્રાણોને પ્રાણમાં હોમે છે. જેમણે યજ્ઞો વડે પોતાનાં પાપોને ક્ષીણ કર્યાં છે એવા આ બધા યજ્ઞને જાણનારા છે. ૩૦.

હે કુરુસત્તમ ! યજ્ઞમાંથી શેષ રહેલું અમૃત જમનારા લોકો સનાતન બ્રહ્મને પામે છે. – યજ્ઞ નહીં કરનારને સારુ આ લોક નથી તો પરલોક કયાંથી જ હોય ? ૩૧.

આમ વેદમાં ઘણા પ્રકારના યજ્ઞોનું વર્ણન થયું છે. એ બધાને કર્મમાંથી ઉત્પન્ન થયેલા જાણ. એ પ્રમાણે જાણીને તું મોક્ષ પામીશ. ૩૨.

નોંધ : અહીં કર્મનો વ્યાપક અર્થ છે. એટલે કે શારીરિક, માનસિક અને આત્મિક. આવાં કર્મ વિના યજ્ઞ હોય નહીં. યજ્ઞ વિના મોક્ષ ન હોય. આમ જાણવું અને તે પ્રમાણે આચરવું એ યજ્ઞોને જાણવાપાણું છે.

તાત્પર્ય એ થયું કે મનુષ્ય પોતાનાં શરીર, બુદ્ધિ અને આત્માની શક્તિ પ્રભુ-પ્રીત્યર્થે – લોકસેવાને અર્થે ન વાપરે તો ચોર ઠરે છે. તે મોક્ષને લાયક નથી બની શકતો. કેવળ બુદ્ધિ-શક્તિનો ઉપયોગ આપે ને શરીર તથા આત્માને ચોરે તે પૂરો યાજ્ઞિક નથી; આ શક્તિઓને મેળવ્યા વિના તેનો પરોપકારાર્થે ઉપયોગ નથી થઈ શકતો. તેથી આત્મશુદ્ધિ વિના શુદ્ધ લોકસેવા અસંભવિત છે. સેવકે શારીરિક, બૌદ્ધિક અને આત્મિક ત્રણે શક્તિઓ સરખી રીતે કેળવવી રહી.

૧૫

હે પરંતપ ! દ્રવ્યયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ વધારે સારો છે, કેમ કે હે પાર્થ! કર્મમાત્ર જ્ઞાનમાં જ પરાકાષ્ઠાને પહોંચે છે. ૩૩.

નોંધ : પરોપકારવૃત્તિથી અપાયેલું દ્રવ્ય પણ જો જ્ઞાનપૂર્વક ન અપાયું હોય તો ઘણી વાર હાનિ કરે છે, એ કોણે નથી અનુભવ્યું ? સારી વૃત્તિથી થયેલાં બધાં કર્મ ત્યારે જ શોભે જ્યારે તેમની સાથે જ્ઞાનનો મેળાપ થાય. તેથી કર્મ માત્રની પૂર્ણાહુતિ તો જ્ઞાનમાં જ હોય.

એ જ્ઞાન તું તત્ત્વને જાણનારા જ્ઞાનીઓની સેવા કરીને અને નમ્રતાપૂર્વક વિવેકથી ફરી ફરી પ્રશ્નો કરીને

જાણી લેજે. તેઓ તારી જિજ્ઞાસા તૃપ્ત કરશે. ૩૪.

નોંધ : જ્ઞાન મેળવવાની ત્રણ શરતો – પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવા-આ યુગમાં ખૂબ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. પ્રણિપાત એટલે નમ્રતા, વિવેક; પરિપ્રશ્ન એટલે ફરી ફરી પૂછવું તે; સેવા વિનાની નમ્રતા ખુશામતમાં ખપવાનો સંભવ છે. વળી જ્ઞાન શોધ્યા વિના નથી સંભવતું, એટલે ન સમજાય ત્યાં લગી શિષ્યે ગુરુને નમ્રતાપૂર્વક પ્રશ્નો પૂછ્યા કરવા એ જિજ્ઞાસાની નિશાની છે. આમાં શ્રદ્ધાની જરૂર છે. જેને વિશે શ્રદ્ધા ન હોય તેની તરફ હાર્દિક નમ્રતા ન હોય; તેની સેવા તો કચાંથી જ હોય ?

તે જ્ઞાન પામ્યા પછી હે પાંડવ ! તને ફરી આવો મોહ નહીં થાય; તે જ્ઞાન વડે તું ભૂતમાત્રને પોતાને વિશે અને મારે વિશે જોઈશ. ૩૫.

નોંધ : 'યથા પિંડે તથા બ્રહ્માંડે'નો આ જ અર્થ. જેને આત્મદર્શન થયું છે તે પોતાના આત્મા અને બીજાની વચ્ચે ભેદ નથી જોતો.

બધા પાપીઓમાંયે તું મોટામાં મોટો પાપી હોય તોપણ જ્ઞાનરૂપી નૌકા વડે બધાં પાપને તું તરી જઈશ. ૩૬.

હે અર્જુન ! જેમ પ્રગટાવેલો અગ્નિ બળતણને બાળી નાખે છે તેમ જ જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને બાળી નાખે છે. ૩૭.

જ્ઞાનના જેવું આ જગતમાં બીજું કંઈ પવિત્ર એટલે કે શુદ્ધ કરનારું નથી. યોગમાં – સમત્વમાં પૂર્ણ થયેલો મનુષ્ય કાળે કરીને પોતે પોતાનામાં તે જ્ઞાન પામે છે. ૩૮.

શ્રદ્ધાવાન, ઈશ્વરપરાયણ, જિતેન્દ્રિય પુરુષ જ્ઞાન પામે છે અને જ્ઞાન પામીને તુરત પરમ શાન્તિ મેળવે છે. ૩૯.

જે અજ્ઞાન અને શ્રદ્ધારહિત હોઈ સંશયવાન છે તેનો નાશ થાય છે. સંશયવાનને નથી આ લોક કે નથી પરલોક; તેને કચાંયે સુખ નથી. ૪૦.

જેણે સમત્વરૂપી યોગ વડે કર્મોનો એટલે કર્મફળનો ત્યાગ કર્યો છે અને જ્ઞાન વડે સંશયને છેદી નાખ્યા છે તેવા આત્મદર્શીને હે ધનંજય! કર્મો બંધન કરતાં નથી. ૪૧.

તેથી હે ભારત! હૃદયમાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ સંશયનો આત્મજ્ઞાનરૂપી તલવારથી નાશ કરીને યોગનું સમત્વ ધારણ કરીને ઊભો થા. ૪૨.

ॐ तत्सत्

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'જ્ઞાન-કર્મ-સંન્યાસ-યોગ' નામનો ચોથો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૫. કર્મ-સંન્યાસ-યોગ

આ અધ્યાયમાં કર્મયોગ વિના કર્મસંન્યાસ હોય જ નહીં અને વસ્તુતાએ બન્ને એક જ છે એમ બતાવ્યું છે.

૧૬

અર્જુન બોલ્યા :

હે કૃષ્ણ! કર્મોના ત્યાગની અને વળી કર્મોના યોગની પણ તમે સ્તુતિ કરો છો એ બેમાંથી શ્રેયસ્કર શું છે તે મને બરોબર નિશ્ચયપૂર્વક કહો. ૧.

શ્રીભગવાન બોલ્યા :

કર્મોનો સંન્યાસ અને યોગ બન્ને મોક્ષદાયક છે. તેમાંયે કર્મસંન્યાસ કરતાં કર્મયોગ ચડી જાય છે. ૨.

જે મનુષ્ય દ્વેષ નથી કરતો અને ઇચ્છા નથી કરતો તેને સદાનો સંન્યાસી જાણવો. કારણ કે હે મહાબાહો! જે સુખદુઃખાદિ દ્વંદ્વથી મુક્ત છે તે સહેલાઈથી બંધનમાંથી છૂટે છે. ૩.

નોંધ : મતલબ કે કર્મનો ત્યાગ એ સંન્યાસનું ખાસ લક્ષણ નથી, પણ દ્વંદ્વાતીત થવું એ જ છે. – એક મનુષ્ય કર્મ કરતો છતો સંન્યાસી હોય. બીજો કર્મ ન કરતો છતો મિથ્યાચારી હોય. જુઓ અધ્યાય ૩, શ્લોક ૬.

સાંખ્ય અને યોગ – જ્ઞાન અને કર્મ – એ બે નોખાં છે, એમ અજાણ લોકો કહે છે, પંડિતો નથી કહેતા. એકમાં પણ સારી રીતે સ્થિર રહેનાર બન્નેનું ફળ મેળવે છે. ૪.

નોંધ : લોકસંગ્રહરૂપી કર્મયોગનું જે વિશેષ ફળ છે તે જ્ઞાનયોગી સંકલ્પમાત્રથી પામે છે. જ્યારે કર્મયોગી પોતાની અનાસક્તિને લીધે બાહ્ય કર્મ કરતો છતો જ્ઞાનયોગીની શાંતિ સહેજે ભોગવે છે.

જે સ્થાન સાંખ્યમાર્ગી પામે છે તે જ યોગી પણ પામે છે. જે સાંખ્ય અને યોગને એકરૂપે જુએ છે તે જ ખરો જોનારો છે. ૫.

હે મહાબાહો! કર્મયોગ વિના કર્મસંન્યાસ કષ્ટસાધ્ય છે, પણ સમત્વવાળો મુનિ શીઘ્રતાથી મોક્ષ પામે છે. ૬.

જેણે યોગ સાધ્યો છે, જેણે હૃદય વિશુદ્ધ કર્યું છે, અને જેણે મન અને ઇન્દ્રિયોને જીત્યાં છે તેમ જ જે ભૂતમાત્રને પોતાના જેવાં જ સમજે છે એવો મનુષ્ય કર્મ કરતો છતો તેનાથી અલિપ્ત રહે છે. ૭.

જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સૂઘતાં, ખાતાં, ચાલતાં, સૂતાં, શ્વાસ લેતાં, બોલતાં, છોડતાં કે લેતાં, અને આંખ ઉઘાડતાં-મીંચતાંયે, કેવળ ઇન્દ્રિયો જ પોતાનું કાર્ય કરે છે એવી ભાવના રાખીને તત્ત્વજ્ઞ યોગી એમ સમજે કે 'હું કંઈ કરતો જ નથી.' ૮-૯.

નોંધ : જ્યાં લગી વાસના ને દેહાભિમાન છે ત્યાં લગી આવી અલિપ્ત સ્થિતિ નથી આવતી. તેથી વિષયાસક્ત મનુષ્ય

'વિષયો હું નથી ભોગવતો; ઇન્દ્રિયો પોતાનું કામ' કરે છે,' એમ કહી છૂટી નથી શકતો. એવો અનર્થ કરનાર નથી ગીતા સમજતો કે નથી ધર્મ જાણતો. આ વસ્તુને નીચેનો શ્લોક સ્પષ્ટ કરે છે.

જે મનુષ્ય કર્મોને બ્રહ્મા૫ણ કરી આસક્તિ છોડી આચરે છે તે જેમ પાણીમાં રહેલું કમળ અલિપ્ત રહે છે તેમ પાપથી અલિપ્ત રહે છે. ૧૦.

શરીરથી, મનથી, બુદ્ધિથી કે કેવળ ઇન્દ્રિયોથી પણ યોગીજન આસક્તિરહિત થઈને આત્મશુદ્ધિને અર્થે કર્મ કરે છે. ૧૧.

સમતાવાન યોગી કર્મફળનો ત્યાગ કરીને પરમ શાંતિ પામે છે. જ્યારે રાગદ્વેષવાળો માણસ કામનાથી પ્રેરિત હોઈ ફળમાં લપટાઈને બંધનમાં પડે છે. ૧૨.

સંયમી પુરુષ મનથી બધાં કર્મોનો ત્યાગ કરીને નવ દ્વારવાળા નગરરૂપી શરીરમાં રહેતો છતો, કંઈ ન કરતો ન કરાવતો સુખમાં રહે છે. ૧૩.

નોંધ : બે નસકોરાં, બે કાન, બે આંખ, મળત્યાગનાં બે સ્થાન અને મોઢું એમ શરીરને નવ મુખ્ય દ્વારો છે, બાકી તો ચામડીનાં અસંખ્ય છિદ્રો પણ દરવાજા જ છે.

એ દરવાજાનો ચોકીદાર જો તેમાં આવજા કરનાર અધિકારીઓને જ આવજા કરવા દઈ પોતાનો ધર્મ પાળે તો

તેને વિશે કહી શકાય કે આ આવજા થાય છે છતાં તે તેનો ભાગીદાર નથી પણ માત્ર સાક્ષી છે, તેથી તે નથી કરતો કે નથી કરાવતો.

૧૭

જગતનો પ્રભુ નથી કર્તાપાણું રચતો, નથી કર્મ રચતો; નથી કર્મ અને ફળનો મેળ સાધતો. પ્રકૃતિ જ બધું કરે છે. ૧૪.

નોંધ : ઈશ્વર કર્તા નથી. કર્મનો નિયમ અચલિત ને અનિવાર્ય છે. અને જે જેવું કરે તેવું જ તેણે ભરવું જ રહ્યું. આમાં જ ઈશ્વરની મહાદયા રહેલી છે, તેનો ન્યાય રહેલો છે. શુદ્ધ ન્યાયમાં શુદ્ધ દયા છે. શુદ્ધ ન્યાયની વિરોધી દયા તે દયા નથી, પણ ક્રૂરતા છે. પણ મનુષ્ય ત્રિકાળદર્શી નથી. તેથી દયા-ક્ષમા એ જ તેને સારુ ન્યાય છે. તે પોતે નિરંતર ન્યાયને પાત્ર હોઈ ક્ષમાનો યાચક છે. તે બીજાનો ન્યાય ક્ષમાથી જ ચૂકવી શકે. ક્ષમાનો ગુણ કેળવે તો જ છેવટે તે અકર્તા-યોગી-સમતાવાન-કર્મમાં કુશળ બને.

ઈશ્વર કોઈનું પાપ કે પુણ્ય ઓઢતો નથી. અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાઈ જાય છે; અને તેથી પ્રાણીઓ મોહમાં ફસાય છે. ૧૫.

નોંધ : અજ્ઞાનથી, એટલે કે 'હું કરું છું' એ વૃત્તિથી મનુષ્ય કર્મબંધન બાંધે છે અને છતાં સારાંમાઠાં ફળનો આરોપ ઈશ્વર ઉપર મૂકે છે, એ મોહજાળ છે.

પણ આત્મજ્ઞાન વડે જેમના અજ્ઞાનનો નાશ થયો છે તેમનું તે સૂર્યના જેવુ, પ્રકાશમય જ્ઞાન પરમતત્ત્વનાં દર્શન કરાવે છે. ૧૬.

જ્ઞાન વડે જેમનાં પાપ ધોવાઈ ગયાં છે તેવા, ઈશ્વરનું ધ્યાન ધરનારા, તન્મય થયેલા તેનામાં સ્થિર રહેનારાં, તેને જ સર્વસ્વ માનનારા લોકો મોક્ષ પામે છે. ૧૭.

વિદ્વાન અને વિનયવાન બ્રાહ્મણને વિશે કે ગાયને વિશે, મોટા હાથીને વિશે, કે કૂતરાને વિશે તેમ જ કૂતરાને ખાનાર ચાંડાળ વિશે જ્ઞાનીઓ સમદૃષ્ટિ રાખે છે. ૧૮.

નોંધ : એટલે કે સહુની તેમની આવશ્યકતા પ્રમાણે કશા ભેદભાવ વગર સેવા કરે છે. બ્રાહ્મણ અને ચાંડાળની પ્રત્યે સમભાવ રાખવો એટલે બ્રાહ્મણને સર્પ કરડે તો તેનો દંશ જેમ જ્ઞાની પ્રેમભાવથી ચૂસીને તેને વિષમુક્ત કરવાનો પ્રયત્ન કરશે તેમ જ ચાંડાલને વિશે પણ તેવી સ્થિતિમાં વર્તશે.

જેમનું મન સમત્વને વિશે સ્થિર થયું છે તેમણે આ દેહે જ સંસારને જીત્યો છે. બ્રહ્મ નિષ્કલંક અને સમ છે. તેથી તેઓ બ્રહ્મને વિશે જ સ્થિર થાય છે. ૧૯.

નોંધ : મનુષ્ય જેવું અને જેનું ચિન્તવન કરે તેવો તે થાય. તેથી સમત્વનું ચિન્તવન કરી નિર્દોષ થઈ સમત્વની મૂર્તિ

એવા નિર્દોષ બ્રહ્મને પામે છે.

જેની બુદ્ધિ સ્થિર થઈ છે, જેનો મોહ નાશ પામ્યો છે, જે બ્રહ્મને જાણે છે અને બ્રહ્મમાં સ્થિર થઈને રહે છે તે પ્રિય પામી સુખ માનતો નથી, અપ્રિય પામી દુઃખ માનતો નથી. ૨૦.

બાહ્ય વિષયોમાં જેને આસક્તિ નથી એવો પુરુષ અંતરમાં જે આનંદ ભોગવે છે તે અક્ષય્ય આનંદ પેલો બ્રહ્મપરાયણ પુરુષ અનુભવે છે. ૨૧.

નોંધ : જે અંતર્મુખ થયો છે તે જ ઈશ્વરસાક્ષાત્કાર કરી શકે અને તે જ પરમ આનંદ પામે. વિષયોથી નિવૃત્ત રહી કર્મ કરવાં અને બ્રહ્મસમાધિમાં રમવું એ બે નોખી વસ્તુ નથી, પણ એક જ વસ્તુને જોવાની બે દૃષ્ટિ છે – એક જ સિક્કાનાં બે પાસાં છે.

વિષયજન્ય ભોગો અવશ્ય દુઃખોનું કારણ છે. હે કૌન્તેય ! તે આદિ અને અંતવાળા છે. સમજુ મનુષ્ય એમાં ન રાચે. ૨૨.

શરીર છૂટે તે પહેલાં જે મનુષ્ય કામ અને ક્રોધના વેગને આ દેહે-આ ભવે જ જેરવવાની શક્તિ મેળવે છે તે સમત્વને પામ્યો છે, તે સુખી છે. ૨૩.

નોંધ : મૃત શરીરને જેમ ઇચ્છા કે દ્વેષ નથી હોતાં, સુખદુઃખ નથી હોતાં તેમ જે જીવતો છતો મૃતસમાન જડભરતની જેમ દેહાતીત રહી શકે તે આ જગતમાં જીત્યો છે

અને તે ખરું આત્મસુખ જાણે છે.

જેને અંતરનો આનંદ છે, જેને અંતરમાં શાંતિ છે, જેને અંતર્જ્ઞાન થયું છે તે યોગી બ્રહ્મરૂપ બની બ્રહ્મનિર્વાણ પામે છે. ૨૪.

જેમનાં પાપ નાશ પામ્યાં છે, જેમની શંકા-દુવિધાઓ શમી ગઈ છે, જેમણે મન ઉપર કાબૂ મેળવ્યો છે, અને જેઓ પ્રાણીમાત્રના હિતમાં જ પરોવાયેલા રહે છે એવા ઋષિઓ બ્રહ્મનિર્વાણ પામે છે. ૨૫.

જેઓ પોતાને ઓળખે છે, જેમણે કામક્રોધ જીત્યા છે, જેમણે મનને વશ કર્યું છે એવા યતિઓને સર્વત્ર બ્રહ્મનિર્વાણ જ છે. ૨૬.

બહારના વિષયભોગોનો બહિષ્કાર કરીને, દૃષ્ટિને ભ્રૂકુટી વચ્ચે સ્થિર કરીને, નાસિકા વાટે જતા આવતા પ્રાણ અને અપાનવાયુની ગતિ એકસરખી રાખીને, ઇંદ્રિય, મન અને બુદ્ધિને વશ કરીને, તથા ઇચ્છા, ભય અને ક્રોધથી રહિત થઈને જે મુનિ મોક્ષને વિશે પરાયણ રહે છે તે સદા મુક્ત જ છે. ૨૭-૨૮.

નોંધ : પ્રાણવાયુ તે અંદરથી બહાર નીકળનાર ને અપાન તે બહારથી અંદર જનાર વાયુ. આ શ્લોકોમાં પ્રાણાયામાદિ યૌગિક ક્રિયાનું સમર્થન છે. પ્રાણાયામાદિ તો બાહ્ય ક્રિયા છે, અને તેની અસર શરીરને સ્વસ્થ રાખવા અને પરમાત્માને વાસ કરવા યોગ્ય મંદિર બનાવવા પૂરતી છે.

ભોગીને સારુ જે અર્થ સામાન્ય વ્યાયામાદિ સારે છે તે અર્થ યોગીને સારુ પ્રાણાયામાદિ સારે છે. ભોગીના વ્યાયામાદિ તેની ઇન્દ્રિયોને ઉત્તેજિત કરવામાં મદદ કરે છે. શરીર નીરોગી અને કઠિન બનાવતાં છતાં ઇન્દ્રિયોને શાંત રાખવામાં પ્રાણાયામાદિ ક્રિયાઓ યોગીને મદદ કરે છે. આજકાલ પ્રાણાયામાદિ વિધિ થોડાને જ આવડે છે, ને તેમાંના પણ ઘણા થોડા તેનો સદુપયોગ કરે છે. જેણે ઇન્દ્રિય, મન અને બુદ્ધિ ઉપર કંઈ નહીં તોયે પ્રાથમિક વિજય મેળવ્યો છે; જેને મોક્ષની ધગશ છે, અને જેણે રાગદ્વેષાદિ જીતી ભયને ત્યજ્યો છે તેને પ્રાણાયામાદિ અવશ્ય ઉપયોગી અને મદદકર્તા થાય છે.

અન્ત:શૌચ વિનાના પ્રાણાયામાદિ બંધનનું એક સાધન બની મનુષ્યને મોહકૂપમાં વધારે ઊંડો લઈ જઈ શકે છે – લઈ જાય છે. એવો ઘણાનો અનુભવ છે. તેથી યોગીન્દ્ર પતંજલિએ યમનિયમને પ્રથમ સ્થાન આપી તે સાધનારને જ મોક્ષ માર્ગમાં પ્રાણાયામાદિને સહાયકારક ગણાય છે.

યમ પાંચ છે : અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

નિયમ પાંચ છે : શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન.

યજ્ઞ અને તપનો ભોક્તા, બધા લોકનો મહેશ્વર, અને ભૂતમાત્રનું હિત કરનાર એવા મને જાણીને (ઉક્ત મુનિ) શાન્તિ પામે છે. ૨૯.

નોંધ : આ અધ્યાયના ચૌદ અને પંદર તથા એવા બીજા શ્લોકોનો આ વિરોધી શ્લોક છે એમ કોઈ ન માને. ઈશ્વર સર્વશક્તિમાન હોઈ કર્તા-અકર્તા, ભોક્તા-અભોક્તા જે કહો તે છે અને નથી. તે અવાર્ણનીય છે. મનુષ્યની ભાષાથી તે અતીત છે. તેથી તેનામાં પરસ્પર વિરોધી ગુણો અને શક્તિઓનું પણ આરોપણ કરી મનુષ્ય તેની ઝાંખી કરવાની આશા રાખે છે.

ॐ तत्सत्

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'કર્મ-સંન્યાસ-યોગ' નામનો પાંચમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૬. ધ્યાનયોગ

આ અધ્યાયમાં યોગ સાધવાનાં એટલે કે સમત્વ પામવાનાં કેટલાંક સાધનો બતાવ્યાં છે.

૧૮

શ્રીભગવાન બોલ્યા :

કર્મફળનો આશ્રય લીધા વિના જે મનુષ્ય વિહિત કર્મ કરે છે તે સંન્યાસીયે છે, અને યોગી પણ છે; જે અગ્નિનો એટલે કે અગ્નિહોત્રનો અને બીજી ક્રિયા-માત્રનો ત્યાગ કરીને બેસે છે તે નહીં. ૧.

નોંધ : વિહિત એટલે કર્તવ્ય તરીકે પ્રાપ્ત થયેલું (સત્કર્મ). અગ્નિ એટલે સાધનમાત્ર. જ્યારે અગ્નિ મારફતે હોમ થતા ત્યારે અગ્નિની આવશ્યકતા હતી. સંન્યાસીઓ હોમ ન કરી શકે એટલે એમને નિરગ્નિ કહેતા.

આ યુગમાં માનો કે રેંટિયો સેવાનું સાધન છે તો તેનો ત્યાગ કરવાથી સંન્યાસી નથી થવાતું.

હે પાંડવ ! જેને સંન્યાસ કહે છે તેને તું યોગ જાણ. જેણે મનના સંકલ્પો તજ્યા નથી તે કદી યોગી થઈ શકતો નથી. ૨.

યોગ સાધનારને માટે કર્મ સાધન છે, જેણે તે સાધ્યો છે તેને માટે ઉપશમ એટલે વિરતિ, શાન્તિ એ જ સાધન છે. ૩.

નોંધ : જેની આત્મશુદ્ધિ થઈ છે, જેણે સમત્વ સાધેલ છે તેને આત્મદર્શન સહજ છે.

આનો અર્થ એવો નથી કે યોગારૂઢે લોકસંગ્રહને સારુ પણ કર્મ કરવાનાં નથી રહેતાં. લોકસંગ્રહ વિના તે જીવી જ ન શકે. એટલે સેવાકર્મ કરવાં એ પણ તેને સહજ હોય છે. તે દેખાવને અર્થે કંઈ કરતો નથી. સરખાવો ૩-૪, અને ૫-૨.

જ્યારે માણસ ઇન્દ્રિયોના વિષયોમાં કે કર્મોમાં આસક્ત નથી થતો અને બધા સંકલ્પો તજે છે ત્યારે તે યોગારૂઢ કહેવાય છે. ૪.

આત્મા વડે મનુષ્ય આત્માનો ઉદ્ધાર કરે; તેની અધોગતિ ન કરે. આત્મા જ આત્માનો બંધુ છે; અને આત્મા જ આત્માનો શત્રુ છે. ૫.

તેનો જ આત્મા એનો બંધુ છે જેણે પોતાને બળે પોતાની જાતને જીતી છે; જેણે જાતને જીતી નથી તે પોતા પ્રત્યે શત્રુની જેમ વર્તે છે. ૬.

જેણે પોતાનું મન જીત્યું છે ને જે સંપૂર્ણપણે શાન્ત થયો છે તેનો આત્મા ટાઢ-તડકો, સુખ-દુઃખ, તેમ જ માન-અપમાન વિશે એકસરખો રહે છે. ૭.

જ્ઞાન અને અનુભવથી જે તૃપ્ત થયો છે, જે અવિચળ છે, જે ઇન્દ્રિયજિત છે અને જેને માટી, પથ્થર અને સુવાર્ણ સરખાં છે એવો ઈશ્વરપરાયણ મનુષ્ય યોગી કહેવાય. ૮.

હિતેચ્છુ, મિત્ર, શત્રુ, તટસ્થ, મધ્યસ્થ,

અળખામણો કે વહાલો, એ બધા પ્રત્યે તેમ જ સાધુ અને પાપી, બન્ને પ્રત્યે જે સમાન ભાવ રાખે છે તે યોગી શ્રેષ્ઠ છે. ૯.

[**નોંધ :** બન્ને પક્ષ વિશે સરખો જ ઉદાસીન કે બેદરકાર તે તટસ્થ. સામસામે લડનાર બન્ને પક્ષનું ભલું ચાહનાર તે મધ્યસ્થ. -કા૦]

૧૯

ચિત્ત સ્થિર કરીને, વાસના અને સંગ્રહનો ત્યાગ કરીને, એકલો એકાન્તમાં રહીને યોગી નિરન્તર આત્માને પરમાત્માની સાથે જોડે. ૧૦.

પવિત્ર સ્થાનમાં, બહુ ઊંચું નહીં ને બહુ નીચું નહીં એવું, તેમ જ દર્ભ, મૃગચર્મ અને વસ્ત્ર ઉપરાઉપર પાથરેલું એવું સ્થિર આસન પોતાને સારુ કરી, ત્યાં એકાગ્ર મને બેસી ચિત્ત અને ઇંન્દ્રિયોને વશ કરી તે યોગી આત્મશુદ્ધિને સારુ યોગ સાધે. ૧૧-૧૨.

સ્થિરપણે કાયા, ડોક અને મસ્તક સમરેખામાં અચલ રાખીને, આમતેમ ન જોતાં પોતાના નાસિકાગ્ર ઉપર નજર ટેકવીને, પૂર્ણ શાન્તિથી, ભયરહિત થઈને, બ્રહ્મચર્યને વિશે દૃઢ થઈને, મનને મારીને મારામાં પરાયણ થયેલો યોગી મારું ધ્યાન ધરતો બેસે. ૧૩-૧૪.

નોંધ : નાસિકાગ્ર એટલે ભ્રૂકુટી વચ્ચેનો ભાગ. (જુઓ ૫-૨૭.) બ્રહ્મચારીવ્રત એટલે કેવળ એક વીર્યસંગ્રહ જ નહીં પણ બ્રહ્મ પામવાને સારુ આવશ્યક અહિંસાદિ બધાં વ્રતો.

આમ જેનું મન નિયમમાં છે એવો યોગી આત્માનું અનુસંધાન પરમાત્માની સાથે કરે છે ને મને પામવામાં રહેલી મોક્ષરૂપ પરમ શાંતિ મેળવે છે. ૧૫.

હે અર્જુન ! આ સમત્વરૂપ યોગ નથી પ્રાપ્ત થતો એકરાંતિયાને, અને નથી થતો નકરા ઉપવાસીને; અને તેમ જ તે નથી મળતો અતિ ઊંઘનારને અથવા અતિ ઉજાગરા કરનારને. ૧૬.

જે મનુષ્ય આહાર-વિહારમાં, ઊંઘવા-જાગવામાં તેમ જ બીજાં બધાં કર્મોમાં, પ્રમાણ જાળવે છે તેને યોગ દુઃખભંજન થઈ પડે છે. ૧૭.

સારી રીતે નિયમમાં આણેલું ચિત્ત જ્યારે આત્માને વિષે સ્થિર થાય છે અને કામનામાત્રને વિશે માણસ નિઃસ્પૃહ બને છે ત્યારે તે યોગી કહેવાય છે. ૧૮.

આત્માને પરમાત્માની સાથે જોડવાનો પ્રયત્ન કરનાર સ્થિરચિત્ત યોગીની સ્થિતિ વાયુરહિત સ્થળમાં અચલિત રહેનાર દીવાના જેવી કહેવાય છે. ૧૯.

યોગના સેવનથી અંકુશમાં આવેલું મન જ્યાં શાન્તિ પામે, આત્મા વડે જ આત્માને ઓળખીને આત્માને વિશે જ્યાં મનુષ્ય સંતોષ પામે; વળી ઈન્દ્રિયોથી પર અને બુદ્ધિ વડે ગ્રહણ કરવાયોગ્ય એવા અનંત સુખનો જ્યાં

અનુભવ થાય છે; જ્યાં રહ્યો મનુષ્ય મૂળ વસ્તુથી ચલાયમાન થતો નથી; વળી જે પામ્યા પછી તેનાથી બીજા કોઈ લાભને તે અધિક માનતો નથી; અને જેને વિશે સ્થિર થયેલો મહાદુઃખથી પણ ડગતો નથી, તે દુઃખના પ્રસંગથી રહિત એવી સ્થિતિનું નામ યોગની સ્થિતિ જાણવી. એ યોગ કંટાળ્યા વિના દૃઢતાપૂર્વક સાધવાયોગ્ય છે. ૨૦-૨૧-૨૨-૨૩.

સંકલ્પથી ઉત્પન્ન થતી બધી કામનાઓને પૂરેપૂરી તજીને, મન વડે જ ઇન્દ્રિય-સમૂહને બધી દિશાએથી સારી રીતે નિયમમાં આણીને, અડગ બુદ્ધિ વડે યોગી ધીમે ધીમે વિરમે અને મનને આત્મામાં પરોવીને બીજા કશાનો વિચાર ન કરે. ૨૪-૨૫.

ચંચળ અને અસ્થિર મન જ્યાં જ્યાં ભમવા જાય ત્યાં ત્યાંથી તેને નિયમમાં આણીને (યોગી) પોતાને વશ લાવે. ૨૬.

જેનું મન સારી રીતે શાન્ત થયું છે, જેના વિકાર શમ્યા છે એવો બ્રહ્મમય થયેલો નિષ્પાપ યોગી અવશ્ય ઉત્તમ સુખને પામે છે. ૨૭.

આ રીતે આત્માની સાથે નિરન્તર અનુસંધાન કરતો પાપરહિત થયેલો આ યોગી સહેલાઈથી બ્રહ્મપ્રાપ્તિરૂપ અનન્ત અપાર સુખનો અનુભવ કરે છે. ૨૮.

બધે સમભાવ રાખનારો યોગી પોતાને ભૂતમાત્રમાં અને ભૂતમાત્રને પોતામાં જુએ છે. ૨૯.

જે મને બધે જુએ છે અને બધાને મારે વિશે જુએ છે તે મારી નજર આગળથી ખસતો નથી, અને હું તેની નજર આગળથી ખસતો નથી. ૩૦.

આમ મારામાં લીન થયેલો જે યોગી ભૂતમાત્રને વિશે રહેલા મને ભજે છે તે બધી રીતે (કર્મોમાં) વર્તતો છતાં મારે વિશે જ વર્તે છે. ૩૧.

નોંધ : 'પોતે' જ્યાં લગી છે ત્યાં લગી તો પરમાત્મા પર છે. 'પોતે' મટી – શૂન્ય થાય તો જ એક પરમાત્માને બધે જુએ.

આગળ અધ્યાય ૧૩ – ૨૩ની નોંધ જુઓ.

હે અર્જુન ! જે મનુષ્ય બધાને પોતાના જેવા જ ગણીને, સુખ હો કે દુઃખ, બધે સમાનભાવે જુએ છે તે યોગી શ્રેષ્ઠ ગણાય. ૩૨.

[**નોંધ :** શ્રી શંકરાચાર્ય કહે છે કે કોઈ પ્રત્યે પ્રતિકૂળ ન આચરનારો એ અહિંસક, સમગ્ર દર્શનનિષ્ઠ યોગી સર્વ યોગીઓમાં શ્રેષ્ઠ છે. -કા૦]

૨૦

અર્જુન બોલ્યા :

હે મધુસૂદન ! આ સમત્વરૂપી યોગ જે તમે કહ્યો તેની સ્થિરતા હું મનના ચંચળપણાને લીધે જોઈ શકતો નથી. ૩૩.

ખરેખર, હે કૃષ્ણ! ચંચળ મન બહુ બળવાન હોઈ મનુષ્યને વલોવી નાખે છે. જેમ વાયુને દબાવવો કે રોકવો બહુ કઠણ છે તેમ મનને વશ કરવું પણ હું કઠણ માનું છું. ૩૪.

શ્રીભગવાન બોલ્યા :

હે મહાબાહો! એમાં શંકા જ નથી કે મન ચંચળ હોવાથી વશ કરવું કઠણ છે. છતાં હે કૌન્તેય! અભ્યાસ અને વૈરાગ્યથી તે પણ વશ કરી શકાય. ૩૫.

મારો અભિપ્રાય છે કે જેનું મન પોતાને વશ નથી તેને યોગસાધના બહુ કઠિન છે; પણ જેનું મન પોતાને વશ છે ને જે યત્નવાન છે તે ઉપાયો વડે તે સાધી શકે છે. ૩૬.

અર્જુન બોલ્યા :

હે કૃષ્ણ! જે શ્રદ્ધાવાન તો છે પણ યત્નમાં મંદ હોવાથી યોગભ્રષ્ટ થાય છે તે સફળતા ન પામવાથી શી ગતિને પામે છે? ૩૭.

હે મહાબાહો! યોગથી ભ્રષ્ટ થયેલો, ને બ્રહ્મમાર્ગમાં ભૂલો પડેલો તે, છૂટા વિખરાયેલાં વાદળોની જેમ, ઉભય-ભ્રષ્ટ થઈ નાશ તો નથી પામતો? ૩૮.

હે કૃષ્ણ! આ મારો સંશય તમારે જ સમૂળ દૂર કરવો જોઈએ. તમારા સિવાય બીજો કોઈ આ સંશય દૂર કરનાર મળે તેમ નથી. ૩૯.

શ્રીભગવાન બોલ્યા :

હે પાર્થ ! એવા મનુષ્યોનો નાશ નથી આ લોકમાં કે નથી પરલોકમાં. કલ્યાણમાર્ગે જનાર કોઈની પણ, બાપુ ! કદી દુર્ગતિ નથી જ થતી. ૪૦.

પુણ્યશાળી માણસો જે સ્થાન પામે છે તેને પામીને ત્યાં લાંબો સમય રહ્યા પછી યોગભ્રષ્ટ થયેલો મનુષ્ય પવિત્ર અને સાધનવાળાને ઘેર જન્મે છે. ૪૧.

અથવા જ્ઞાનવાન યોગીના જ કુળમાં તે જન્મ લે છે. [જોકે] જગતમાં આવો જન્મ અવશ્ય બહુ દુર્લભ છે. ૪૨.

ત્યાં તેને પૂર્વજન્મના બુદ્ધિસંસ્કાર મળે છે, અને ત્યાંથી હે કુરુનન્દન ! તે મોક્ષને સારુ આગળ પ્રગતિ કરે છે. ૪૩.

તે જ પૂર્વના અભ્યાસને લીધે તે અવશ્ય યોગ પ્રત્યે ખેંચાય છે. યોગનો કેવળ જિજ્ઞાસુ પણ સકામ વૈદિક કર્મ કરનારી સ્થિતિને ઓળંગી જાય છે. ૪૪.

વળી ખંતપૂર્વક પ્રયત્ન કરતો યોગી [ક્રમે ક્રમે] પાપમુક્ત બની અનેક જન્મથી વિશુદ્ધ થતો પરમગતિને પામે છે. ૪૫.

તપસ્વીના કરતાં યોગી ચડિયાતો છે; જ્ઞાનીના કરતાં પણ તે અધિક મનાય છે, તેમ જ કર્મકાંડી કરતાં તે અધિક છે. તેથી હે અર્જુન ! તું યોગી થા. ૪૬.

નોંધ : અહીં, તપસ્વીની તપશ્ચર્યા ફલેચ્છાવાળી છે; અને જ્ઞાની એટલે અનુભવજ્ઞાની નહીં પણ શાસ્ત્રપંડિત.

બધા યોગીઓમાં પણ જે મારામાં મન પરોવીને મને શ્રદ્ધાપૂર્વક ભજે છે તેને હું સર્વશ્રેષ્ઠ યોગી માનું છું. ૪૭.

ॐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'ધ્યાનયોગ' નામનો છઠ્ઠો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૭. જ્ઞાન-વિજ્ઞાન-યોગ

આ અધ્યાયમાં ઈશ્વર-તત્ત્વ અને ઈશ્વર-ભક્તિ શું છે તે સમજાવવાનો આરંભ છે.

૨૧

શ્રીભગવાન બોલ્યા :

હે પાર્થ ! મારામાં મન પરોવીને તથા મારો આશ્રય લઈને યોગ સાધતો તું નિશ્ચયપૂર્વક ને સંપૂર્ણપણે મને કેમ ઓળખી શકે તે સાંભળ. ૧.

અનુભવયુક્ત આ જ્ઞાન હું તને પૂર્ણપણે કહીશ. તે જાણ્યા પછી આ લોકમાં ફરી કંઈ જાણવાનું રહેતું નથી. ૨.

હજારો મનુષ્યોમાંથી કોઈક જ સિદ્ધિને સારુ પ્રયત્ન કરે છે. પ્રયત્ન કરનારા સિદ્ધોમાંથી પણ કોઈક જ મને વાસ્તવિક રીતે ઓળખે છે. ૩.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંભાવ એમ આઠ પ્રકારની મારી પ્રકૃતિ છે. ૪.

નોંધ : આ આઠ તત્ત્વોવાળું સ્વરૂપ તે ક્ષેત્ર અથવા ક્ષર પુરુષ. જુઓ ૧૩-૫; અને ૧૫-૧૬.

આ કહી તે અપરા પ્રકૃતિ. તેથી પણ ઊંચી જીવરૂપ પરા પ્રકૃતિ છે. હે મહાબાહો ! આ જગત તેને આધારે નભી રહ્યું છે. ૫.

ભૂતમાત્રની ઉત્પત્તિનું કારણ તું આ બન્નેને જાણ. આખા જગતનાં ઉત્પત્તિ અને લયનું કારણ હું છું. ૬.

હે ધનંજય ! મારા કરતાં પર એવું બીજું કંઈ નથી. જેમ સૂત્રમાં મણકા પરોવાયેલા હોય છે તેમ આ બધું (વિશ્વ) મારામાં પરોવાયેલું છે. ૭.

હે કૌન્તેય ! પાણીમાં હું રસ છું; સૂર્યચંદ્રની અંદરની કાંતિ છું; સર્વ વેદોમાં ઓમ્કાર છું; આકાશમાં શબ્દ છું અને પુરુષોનું હું પરાક્રમ છું. ૮.

પૃથ્વીમાં સુગન્ધ હું છું, અગ્નિમાં તેજ છું, પ્રાણીમાત્રનું જીવન હું છું, તપસ્વીનું તપ હું છું. ૯

હે પાર્થ ! બધા જીવોનું સનાતન બીજ મને જાણ; બુદ્ધિમાનોની હું બુદ્ધિ છું, તેજસ્વીઓનું તેજ પણ હું જ છું. ૧૦.

બળવાનોનું હું કામ અને રાગ વિનાનું બળ છું, અને હે ભરતર્ષભ ! પ્રાણીઓમાં હું ધર્મનો અવિરોધી કામ છું. ૧૧.

જે જે સાત્ત્વિક, રાજસી અને તામસી ભાવો એટલે કે પદાર્થો છે તે મારા થકી ઉત્પન્ન થયેલા જાણજે. પણ હું તેમાં છું એમ નથી, તે મારામાં છે. ૧૨.

નોંધ : આ ભાવોની ઉપર પરમાત્મા નિર્ભર નથી પણ તે ભાવો તેની ઉપર નિર્ભર છે. તેને આધારે રહે છે ને તેને વશ છે.

૨૨

આ ત્રિગુણી ભાવો વડે આખું જગત મોહિત થયેલું છે, અને તેથી, તેનાથી ઊંચા અને જુદા એવા મને અવિનાશીને તે ઓળખતું નથી. ૧૩.

આ મારી ત્રણ ગુણવાળી દૈવી એટલે કે અદ્‌ભુત માયા તરવી મુશ્કેલ છે. પણ જેઓ મારું જ શરણ લે છે તેઓ તે માયાને તરી જાય છે. ૧૪.

દુરાચારી, મૂઢ, અધમ મનુષ્યો મારે શરણે આવતા નથી. તેઓ આસુરી ભાવવાળા હોય છે અને માયાએ તેમનું જ્ઞાન હરી લીધું હોય છે. ૧૫.

હે અર્જુન ! ચાર પ્રકારના સદાચારી મનુષ્યો મને ભજે છે. દુઃખી, જિજ્ઞાસુ, કંઈ પ્રાપ્તિની ઈચ્છાવાળા હિતાર્થી અને જ્ઞાની. ૧૬.

તેમનામાં પણ નિત્ય, સમભાવી અને એકને જ ભજનારો એવો જે જ્ઞાની તે શ્રેષ્ઠ છે. હું જ્ઞાનીને અત્યન્ત પ્રિય છું અને જ્ઞાની મને પ્રિય છે. ૧૭.

આ બધા જ ભક્તો સારા છે, તેમાંય જ્ઞાની તો મારો આત્મા જ છે એવો મારો મત છે. કેમ કે મને પામવા કરતાં બીજી વધારે સારી ગતિ નથી જ એમ

જાણતો તે યોગી મારો જ આશ્રય લે છે. ૧૮.

આ બધું (વિશ્વ) વાસુદેવ જ છે એમ ઘણા જન્મોને અંતે ઓળખી જ્ઞાની પુરુષ મારું શરણ લે છે. આવો મહાત્મા વિરલો જ હોય. ૧૯.

જુદી જુદી કામનાઓથી જેમનું જ્ઞાન હરાઈ ગયું છે એવા લોકો પોતાની પ્રકૃતિને વશ થઈ જુદી જુદી વિધિનો આશ્રય લઈને બીજા દેવતાઓને શરણે જાય છે. ૨૦.

જે જે મનુષ્ય જે જે સ્વરૂપને શ્રદ્ધાપૂર્વક ભજવા ઇચ્છે છે તે તે સ્વરૂપ વિશે તેની શ્રદ્ધાને હું દૃઢ કરું છું. ૨૧.

એવી શ્રદ્ધાને બળે તે, તે સ્વરૂપની તે આરાધના કરે છે અને તે વાટે મેં નિર્મિત કરેલી ને તેણે ઇચ્છેલી કામનાઓ તે પૂરી કરે છે. ૨૨.

પણ, તે અલ્પબુદ્ધિ લોકોને જે ફળ મળે છે તે નાશવંત હોય છે. દેવોને ભજનારા દેવોને પામે છે, મને ભજનારા મને પામે છે. ૨૩.

મારા પરમ, અવિનાશી અને અનુપમ સ્વરૂપને ન જાણનારા બુદ્ધિહીન લોકો ઇન્દ્રિયોથી અતીત એવા મને ઇન્દ્રિયગમ્ય થયેલો માને છે. ૨૪.

મારી યોગમાયાથી ઢંકાયેલો હું બધાંને પ્રકટ નથી. આ મૂઢ જગત મુજ અજન્મા અને અવ્યયને સારી રીતે ઓળખતું નથી. ૨૫.

નોંધ : આ દશ્ય જગતને પેદા કરવાની શક્તિ ધરાવવા છતાં અલિપ્ત હોવાને લીધે પરમાત્માનું અદશ્ય રહેવાપણું તે તેની યોગમાયા.

હે અર્જુન ! થઈ ગયેલાં, વર્તમાન અને થનારાં બધાં ભૂતોને હું જાણું છું, પણ મને કોઈ જાણતું નથી. ૨૬.

૨૩

હે પરંતપ ભારત ! ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલ સુખદુઃખાદિ દ્વંદ્વના મોહે કરીને પ્રાણીમાત્ર આ જગતમાં ભુલાવામાં રહે છે. ૨૭.

પણ સદાચારી થવાને કારણે જે લોકોનાં પાપોનો અંત આવ્યો છે ને જે દ્વંદ્વના મોહમાંથી છૂટ્યા છે તે અડગ વ્રતવાળા મને ભજે છે. ૨૮.

જેઓ મારો આશ્રય લઈને જરા અને મરણમાંથી મુક્ત થવા મથે છે તેઓ પૂર્ણબ્રહ્મને, અધ્યાત્મને અને અખિલ કર્મને જાણે છે. ૨૯.

અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞવાળા એવા મને જેમણે ઓળખ્યો છે તે સમત્વને પામેલા લોકો મરણસમયે પણ મને ઓળખે છે. ૩૦.

નોંધ : અધિભૂતાદિનો અર્થ આઠમા અધ્યાયમાં આવે છે.

આ શ્લોકની મતલબ એ છે કે આ જગતમાં ઈશ્વર સિવાય બીજું કંઈ જ નથી ને બધાં કર્મનો કર્તા-ભોક્તા તે છે એમ સમજી જે મરણસમયે શાંત રહી ઈશ્વરમાં જ તન્મય રહે છે અને કશી વાસના તે સમયે જેને નથી હોતી તેણે ઈશ્વરને ઓળખ્યો છે ને તે મોક્ષ પામ્યો છે.

ॐ तत्सत्

જે બ્રહ્મવિદ્યા પણ છે, તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'જ્ઞાન-વિજ્ઞાન-યોગ' નામનો સાતમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૮. અક્ષરબ્રહ્મયોગ

આ અધ્યાયમાં ઈશ્વરતત્ત્વની વિશેષ સમજ છે.

૨૪

અર્જુન બોલ્યા :

હે પુરુષોત્તમ ! એ બ્રહ્મનું શું સ્વરૂપ છે ? અધ્યાત્મ શું છે ? કર્મ શું છે ? અધિભૂત શાને કહે છે ? અધિદૈવ શું કહેવાય છે ? ૧.

હે મધુસૂદન ! આ દેહને વિશે અધિયજ્ઞ શું અને કઈ રીતે છે ? અને સંયમી તમને મરણસમયે કેમ જાણી શકે ? ૨.

શ્રીભગવાન બોલ્યા :

જે સર્વોત્તમ અવિનાશી છે તે બ્રહ્મ; પ્રાણીમાત્રને વિશે સ્વસત્તાથી જે રહે છે તે અધ્યાત્મ. અને પ્રાણીમાત્રને ઉત્પન્ન કરનાર સૃષ્ટિવ્યાપાર તે કર્મ કહેવાય છે. ૩.

અધિભૂત તે મારું નાશવંત સ્વરૂપ છે. અધિદૈવત તે તેને વિશે રહેલું મારું જીવસ્વરૂપ છે અને હે મનુષ્યમાં શ્રેષ્ઠ ! અધિયજ્ઞ આ દેહને વિશે રહેલું, પણ યજ્ઞ વડે શુદ્ધ થયેલું, જીવસ્વરૂપ છે. ૪.

નોંધ : એટલે કે અવ્યક્ત બ્રહ્મથી માંડીને નાશવંત દશ્ય પદાર્થમાત્ર પરમાત્મા જ છે, અને બધું તેની જ કૃતિ છે.

તો પછી મનુષ્યપ્રાણી પોતે કર્તાપણાનું અભિમાન રાખવાને બદલે પરમાત્માનો દાસ બની બધું તેને સમર્પણ કાં ન કરે ?

અંતકાળે મારું જ સ્મરણ કરતો કરતો જે કોઈ દેહને છોડે છે તે મારા સ્વરૂપને પામે છે તેમાં કશો સંશય નથી. ૫.

અથવા તો હે કૌન્તેય ! મનુષ્ય જે જે સ્વરૂપનું ધ્યાન ધરે છે તે તે સ્વરૂપનું અંતકાળે પણ સ્મરણ કરતો તે દેહ છોડે છે અને તે ભાવથી સદા ભાવિત એટલે કે પુષ્ટ થવાથી તે તે સ્વરૂપને જ પામે છે. ૬.

એટલા સારુ હંમેશાં મારું સ્મરણ કર અને (કર્મક્ષેત્રમાં) ઝૂઝતો રહે; એમ મારામાં મન અને બુદ્ધિ રાખવાથી અવશ્ય મને પામીશ. ૭.

હે પાર્થ ! ચિત્તને અભ્યાસ વડે સ્થિર કરી બીજે કચાંય ન દોડવા દઈને જે એકધ્યાન થાય છે તે દિવ્ય એવા પરમ પુરુષને પામે છે. ૮.

જે મનુષ્ય મરણકાળે અચળ મનથી, ભક્તિભીનો થઈ અને યોગબળે પ્રાણને ભ્રૂકુટીની વચ્ચે સારી રીતે સ્થાપિત કરી સર્વજ્ઞ, પુરાતન, નિયંતા, સૂક્ષ્મતમ, બધાંના પાલનહાર, અચિંત્ય, સૂર્ય જેવા તેજસ્વી, અજ્ઞાનરૂપી અંધકારથી પર એવા સ્વરૂપનું ઠીક સ્મરણ

કરે છે તે દિવ્ય પરમપુરુષને પામે છે. ૯-૧૦.

વેદ જાણનારા જેને અક્ષર નામથી વર્ણવે છે, જેમાં વીતરાગી મુનિઓ પ્રવેશે છે, અને જેની પ્રાપ્તિની ઇચ્છાથી લોકો બ્રહ્મચર્યનું પાલન કરે છે તે પદનું ટૂંકું વર્ણન હું તને આપીશ. ૧૧.

ઇન્દ્રિયોનાં બધાં દ્વારોને રોકીને, મનને હૃદયમાં સ્થિર કરીને, મસ્તકમાં પ્રાણને ધારણ કરીને, સમાધિસ્થ થઈને ૐ એવા એકાક્ષરી બ્રહ્મનું ઉચ્ચારણ કરતો અને મારું ચિંતન કરતો જે મનુષ્ય દેહ છોડે તે પરમગતિને પામે છે. ૧૨-૧૩.

હે પાર્થ! બીજે કચાંય ચિત્ત રાખ્યા વિના જે નિત્ય અને નિરંતર મારું જ સ્મરણ કરે છે તે નિત્ય-યુક્ત યોગી મને સહેજે પામે છે. ૧૪.

મને પામીને પરમગતિએ પહોંચેલા મહાત્માઓ દુઃખનું ઘર એવા અશાશ્વત પુનર્જન્મને નથી પામતા. ૧૫.

૨૫

હે કૌંતેય! બ્રહ્મલોકથી માંડીને બધા લોકો ફરી ફરી આવનારા છે. પરંતુ મને પામ્યા પછી મનુષ્યને ફરી જન્મવાપણું નથી હોતું. ૧૬.

હજાર યુગ લગીનો બ્રહ્માનો એક દિવસ અને હજાર યુગ સુધીની એક રાત્રિ જેઓ જાણે છે તેઓ રાતદિવસ જાણનારા છે. ૧૭.

નોંધ : મતલબમાં, આપણા ચોવીસ કલાકનાં રાતદિવસ એ કાળચક્રની અંદર એક ક્ષણ કરતાં પણ સૂક્ષ્મ છે. તેમની કશી કિંમત નથી. તેથી તેટલા કાળમાં મળતા ભોગો આકાશપુષ્પ જેવા છે એમ સમજી આપણે તેમને વિશે ઉદાસીન રહીએ; અને તેટલો જ જે કાળ આપણી પાસે છે તેને ભગવદ્‌ભક્તિમાં, સેવામાં ગાળી સાર્થક કરીએ, તથા આજ ને આજ આત્માનું દર્શન ન થાય તો ધીરજ રાખીએ.

(બ્રહ્માનો) દિવસ ઊગતાં બધાં ભૂતો અવ્યક્તમાંથી વ્યક્ત થાય છે અને રાત્રિ પડતાં તેમનો પ્રલય થાય છે એટલે કે અવ્યક્તમાં લય પામે છે. ૧૮.

નોંધ : આમ જાણીને પણ મનુષ્ય સમજે કે તેના હાથમાં ઘણી થોડી સત્તા છે. ઉત્પત્તિ અને નાશની જોડી સાથે સાથે ચાલ્યાં જ કરે છે.

હે પાર્થ ! આ પ્રાણીઓનો સમુદાય આમ પેદા થઈ થઈને રાત્રિ પડતાં પરાણે લય પામે છે, અને દિવસ ઊગતાં વિવશપણે ઉત્પન્ન થાય છે. ૧૯.

આ અવ્યક્તથી પર એવો બીજો સનાતન અવ્યક્ત ભાવ છે. બધાં પ્રાણીઓ(ભૂતો)નો નાશ થતાં છતાં આ સનાતન અવ્યક્ત-ભાવ નાશ નથી પામતો. ૨૦.

જે અવ્યક્ત, અક્ષર (અવિનાશી) કહેવાય છે તેને જ પરમગતિ પણ કહે છે. જેને પામ્યા પછી [illegible]ન પુનર્જન્મ નથી થતો એવું તે મારું પરમધામ છે. ૨૧.

હે પાર્થ! ભૂતમાત્ર જેને વિશે રહેલાં છે અને આ બધું જેના વડે વ્યાપ્ત છે, તે ઉત્તમ પુરુષનાં દર્શન અનન્ય ભક્તિ વડે થાય છે. ૨૨.

૨૬

જે કાળે મરણ પામી યોગીઓ મોક્ષ પામે છે અને જે કાળે મરણ પામીને તેમને પુનર્જન્મ થાય છે તે (બન્ને) કાળ હે ભરતર્ષભ! હું તને કહીશ. ૨૩.

ઉત્તરાયણના છ માસમાં, શુક્લપક્ષમાં, દિવસના જ્યારે અગ્નિની જ્વાળા ચાલી રહી હોય ત્યારે જેમનું મરણ થાય છે તે બ્રહ્મને જાણનારા બ્રહ્મને પામે છે. ૨૪.

દક્ષિણાયનના છ માસમાં, કૃષ્ણપક્ષમાં, રાત્રિમાં, જ્યારે ધુમાડો ફેલાયો હોય ત્યારે મરનારા ચન્દ્રલોકને પામી પુનર્જન્મને પામે છે. ૨૫.

નોંધ : ઉપરના બે શ્લોકોનો શબ્દાર્થ ગીતાના શિક્ષણની સાથે બંધ બેસે તેમ નથી. તે શિક્ષણ પ્રમાણે તો જે ભક્તિભીનો છે, જે સેવામાર્ગ સેવે છે ને જેને જ્ઞાન થયું છે તે ગમે ત્યારે મરે તોપણ તેને મોક્ષ જ છે. તે શિક્ષણથી આ શ્લોકોનો શબ્દાર્થ વિરોધી છે.

તેમનો ભાવાર્થ એ નીકળે ખરો કે જે યજ્ઞ કરે છે એટલે પરોપકારમાં જ જે જીવન વ્યતીત કરે છે, જેને જ્ઞાન થયું છે, જે બ્રહ્મવિદ એટલે જ્ઞાની છે, તે મરણસમયે પણ જો તેની

એવી સ્થિતિ હોય તો, મોક્ષ પામે છે. એથી ઊલટું જે યજ્ઞ નથી કરતો, જેને જ્ઞાન નથી, જે ભક્તિ નથી જાણતો તે ચંદ્રલોકમાં એટલે ક્ષણિક લોકને પામી પાછો ભવચક્રમાં ફરે છે. ચંદ્રને પોતાનો જ્યોતિ નથી.*

જગતમાં પ્રકાશનો અને અંધારાનો, એટલે કે જ્ઞાનનો અને અજ્ઞાનનો એવા બે પરાપૂર્વથી ચાલતા આવેલા હંમેશના માર્ગ મનાયા છે. તમાંના એક એટલે જ્ઞાનને માર્ગે મનુષ્ય મોક્ષે પહોંચે છે; અને બીજા એટલે અજ્ઞાનમાર્ગે તે ફરી ફરી પુનર્જન્મ પામે છે. ૨૬.

હે પાર્થ! આ બે માર્ગ જાણનારો કોઈ પણ યોગી મોહમાં પડતો નથી. તેથી હે અર્જુન! બધે કાળે તું યોગયુક્ત રહેજે. ૨૭.

---

*ઉત્તરાયણ અને શુક્લપક્ષ એ નિષ્કામ સેવામાર્ગ. અને દક્ષિણાયન અને કૃષ્ણપક્ષ તે સ્વાર્થમાર્ગ. સેવામાર્ગે મુક્તિ અને સ્વાર્થમાર્ગે બંધન. સેવામાર્ગ તે જ્ઞાનમાર્ગ. સ્વાર્થમાર્ગ તે અજ્ઞાનમાર્ગ. જ્ઞાનમાર્ગે ચાલનારને મોક્ષ. અજ્ઞાનમાર્ગે ચાલનારને બંધન. આ બે માર્ગને જાણ્યા પછી મોહમાં રહી અજ્ઞાનમાર્ગને કોણ પસંદ કરશે?

આટલું જાણ્યા પછી મનુષ્યમાત્રે બધાં પુણ્યફળ છોડી, અનાસક્ત રહી, કર્તવ્યમાં જ પરાયણ રહી ઉત્તમ સ્થાન મેળવવાનો જ પ્રયત્ન કરવો ઘટે છે. **-ગીતાબોધ**

નોંધ : બે માર્ગને જાણનારો અને સમભાવ રાખનારો યોગી અંધારાનો-અજ્ઞાનનો માર્ગ નહીં લે, એ મોહમાં ન પડવાનો અર્થ છે.

આ વસ્તુ જાણ્યા પછી વેદમાં, યજ્ઞમાં, તપમાં અને દાનમાં જે પુણ્યફળ કહ્યું છે તે બધાને ઓળંગીને યોગી ઉત્તમ મૂળ સ્થાન પામે છે. ૨૮.

નોંધ : એટલે જેણે જ્ઞાન, ભક્તિ અને સેવાકર્મથી સમભાવ મેળવ્યો છે તેને બધાં પુણ્યનું ફળ મળી રહે છે, એટલું જ નહીં પણ તેને પરમમોક્ષપદ મળે છે.

ॐ तत्सत्

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'અક્ષરબ્રહ્મયોગ' નામનો આઠમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૯. રાજવિદ્યા-રાજગુહ્ય-યોગ

આમાં ભક્તિનો મહિમા ગાયો છે.

૨૭

શ્રીભગવાન બોલ્યા :

અદેખાઈ કરનારો દોષદર્શી તું નથી તેથી તને હું ગુહ્યમાં ગુહ્ય અનુભવવાળું જ્ઞાન આપીશ, જે જાણીને તું અકલ્યાણમાંથી બચશે. ૧.

વિદ્યાઓમાં આ રાજા છે; ગૂઢ વસ્તુઓમાં પણ શ્રેષ્ઠ છે. આ વિદ્યા પવિત્ર છે, ઉત્તમ છે, પ્રત્યક્ષ અનુભવમાં આવે તેવી અને ધર્માનુકૂલ છે. તેમ જ આચારમાં મૂકવામાં સહેલી અને અવિનાશી છે. ૨.

હે પરંતપ ! આ ધર્મને વિશે જેને શ્રદ્ધા નથી એવા લોકો મને ન પામતાં મૃત્યુમય સંસારમાર્ગમાં ફરી ફરીને અથડાય છે. ૩.

મેં જ મારા અવ્યક્ત સ્વરૂપથી આ આખું જગત વ્યાપ્યું છે. મારામાં-મારે આધારે-સર્વ પ્રાણી છે; હું તેમને આધારે નથી. ૪.

છતાં પ્રાણીઓ મારામાં નથી એમ પણ કહેવાય. એ મારું યોગબળ તું જો. હું જીવોનું ભરણ કરનારો છું; છતાં હું તેમનામાં નથી. પણ હું તેમનું ઉત્પત્તિનું કારણ છું. ૫.

નોંધ : મારામાં સર્વ જીવ છે અને નથી. તેમનામાં હું છું અને નથી. આ છે ઈશ્વરનું યોગબળ, તેની માયા, તેનો ચમત્કાર. ઈશ્વરનું વર્ણન ભગવાનને પણ મનુષ્યની ભાષામાં જ કરવું રહ્યું, એટલે અનેક પ્રકારના ભાષાપ્રયોગ કરીને તેને સંતોષે છે. બધું ઈશ્વરમય છે, તેથી બધું તેનામાં છે. તે અલિપ્ત છે, પ્રાકૃત કર્તા નથી, તેથી તેનામાં જીવો નથી એમ કહી શકાય. પણ જેઓ તેના ભક્ત છે તેનામાં તે છે જ. જે નાસ્તિક છે તેનામાં તેની દૃષ્ટિએ તો તે નથી. અને આ તેનો ચમત્કાર જ નહીં તો તેને શું કહીએ ?

જેમ બધે ઠેકાણે વિચરતો મહાન વાયુ નિત્ય આકાશને વિશે રહેલો છે જ, તેમ બધાં પ્રાણી મારે વિશે છે એમ જાણ. ૬.

હે કૌંતેય ! બધાં પ્રાણી કલ્પને અંતે મારી પ્રકૃતિમાં લય પામે છે, કલ્પનો આરંભ ફરી થતાં હું તેમને પાછાં સરજું છું. ૭.

પ્રકૃતિના તાબામાં હોવાથી પરવશ એવાં પ્રાણીઓના આ તમામ સમુદાયને, મારી જ એ માયા-પ્રકૃતિને હાથમાં લઈને હું ફરી ફરી ઉત્પન્ન કરું છું. ૮.

હે ધનંજય ! એ કર્મો મને બંધન કરતાં નથી, કેમ કે હું તેમને વિશે ઉદાસીન જેવો અને આસક્તિરહિત વર્તું છું. ૯.

મારી દેખરેખ નીચે પ્રકૃતિ સ્થાવર અને જંગમ જગતને પેદા કરે છે અને એ કારણસર હે કૌંતેય !

જગત (ઘટમાળની જેમ) ફર્યા કરે છે. ૧૦.

૨૮

પ્રાણીઆદિ ભૂતમાત્રના મહેશ્વરરૂપ મારા શ્રેષ્ઠ ભાવને ન જાણીને મૂર્ખ લોકો મનુષ્યરૂપ ધારણ કરેલાની મારી અવજ્ઞા કરે છે. ૧૧.

નોંધ : કેમ કે જેઓ ઈશ્વરની સત્તાને માનતા નથી તેઓ દેહમાં રહેલા અંતર્યામીને ઓળખતા નથી અને તેની હસ્તીનો ઈનકાર કરી જડવાદી રહે છે.

મોહ ઉપજાવનારી એવી રાક્ષસી કે આસુરી પ્રકૃતિનો આશ્રય લઈને રહેલા, અવળી બુદ્ધિવાળા એ લોકોની આશાઓ, એમનાં કર્મો તેમ જ એમનું જ્ઞાન વ્યર્થ નીવડે છે. ૧૨.

એથી ઊલટું, હે પાર્થ! ભૂતમાત્રના આદિકારણ એવા અવિનાશી મને જાણીને મહાત્માઓ દૈવી પ્રકૃતિનો આશ્રય લઈ એકનિષ્ઠાથી મને ભજે છે. ૧૩.

દૃઢ નિશ્ચય સાથે પ્રયત્ન કરનારા તેઓ નિરંતર મારું કીર્તન કરે છે, મને ભક્તિપૂર્વક નમન કરે છે, અને નિત્ય ધ્યાન ધરતા મારી ઉપાસના કરે છે. ૧૪.

વળી બીજા અદ્વૈતરૂપે કે દ્વૈતરૂપે કે બહુરૂપે બધે રહેલા મને જ્ઞાનયજ્ઞ વડે ઉપાસે છે. ૧૫.

[એવા] યજ્ઞનો સંકલ્પ હું છું, યજ્ઞ હું છું, યજ્ઞ દ્વારા

પિતરોનો આધાર હું છું, યજ્ઞની વનસ્પતિ હું છું, મંત્ર હું છું, ઘીની આહુતિ હું છું, અગ્નિ હું છું અને હવનદ્રવ્ય પણ હું છું. ૧૬.

આ જગતનો પિતા હું, માતા હું, ધારણ કરનાર હું, પિતામહ હું, જાણવાયોગ્ય પવિત્ર હું, ૐકાર હું, ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું જ છું. ૧૭.

(બધાનું) છેવટનું સ્થાન હું, પોષક હું, પ્રભુ હું, સાક્ષી હું, નિવાસ હું, આશ્રય હું, હિતેચ્છુ હું, ઉત્પત્તિ હું, સ્થિતિ હું, ભંડાર હું અને અવ્યય બીજ પણ હું છું. ૧૮.

તડકો હું આપું છું, વરસાદને હું જ રોકી રાખું છું કે પડવા દઉં છું. અમરતા હું છું, મૃત્યુ હું છું, અને હે અર્જુન ! સત્ અને અસત્ પણ હું જ છું. ૧૯.

૨૯

ત્રણ વેદનાં કર્મો કરીને, સોમરસ પીને પાપરહિત થયેલા જનો યજ્ઞ વડે મને પૂજીને સ્વર્ગલોક માગે છે. અને પુણ્યથી મળતા ઈન્દ્રલોકને પામીને તેઓ સ્વર્ગમાં દિવ્ય ભોગ ભોગવે છે. ૨૦.

નોંધ : વૈદિક ક્રિયાઓ બધી ફલપ્રાપ્તિને સારુ થતી હતી અને તેમાંની કેટલીકને અંગે સોમપાન થતું તેનો અહીં ઉલ્લેખ છે. એ ક્રિયાઓ શી હતી, સોમરસ શું હતો તે આજે વસ્તુતાએ કોઈ ન કહી શકે.

એ વિશાળ સ્વર્ગલોકને ભોગવ્યા બાદ પુણ્ય ક્ષીણ થતાં તેઓ મૃત્યુલોકમાં પાછા પ્રવેશ કરે છે. આમ ત્રણ વેદનાં કર્મો કરનારા, ફળના લોભીઓને જન્મમરણના ફેરા ફરવા પડે છે. ૨૧.

જે લોકો અનન્યભાવે મારું ચિંતવન કરતાં મને ભજે છે તે નિત્ય મારામાં જ રત રહેલાના યોગક્ષેમનો ભાર હું ઉઠાવું છું. ૨૨.

નોંધ : આમ યોગીને ઓળખવાની ત્રણ સુંદર નિશાનીઓ છે-સમત્વ, કર્મમાં કૌશલ, અનન્યભક્તિ. આ ત્રણે એકબીજામાં ઓતપ્રોત હોવાં જોઈએ. ભક્તિ વિના સમત્વ ન મળે, સમત્વ વિના ભક્તિ ન મળે, અને કર્મ-કૌશલ વિના ભક્તિ અને સમત્વ આભાસમાત્ર હોવાનો ભય રહે છે.

યોગક્ષેમ શબ્દમાં યોગ એટલે ન મળેલી વસ્તુ મેળવવી તે અને ક્ષેમ એટલે મળેલી સાચવી રાખવી તે.

વળી હે કૌંતેય ! જેઓ શ્રદ્ધાપૂર્વક બીજા દેવોને ભજે છે તેઓ પણ, ભલે વિધિ વિના છતાં, મને જ ભજે છે. ૨૩.

નોંધ : વિધિ વિના એટલે અજ્ઞાનમાં, મને એક નિરંજન નિરાકારને ન જાણીને.

હું જ બધા યજ્ઞનો ભોગવનારો સ્વામી છું. પણ આમ મને તેઓ સાચે સ્વરૂપે નથી ઓળખતા તેથી તેઓ પડે છે. ૨૪.

દેવતાઓનું પૂજન કરનાર દેવલોકને પામે છે, પિતરોનું પૂજન કરનારા પિતૃલોકને પામે છે, ભૂતપ્રેતાદિને પૂજનારા ભૂતગણોના લોકોને પામે છે, અને મને ભજનારા મને પામે છે. ૨૫.

૩૦

પત્ર, ફૂલ, ફળ કે જળ જે કોઈ મને ભક્તિપૂર્વક અર્પણ કરે છે તે શુદ્ધહૃદય મનુષ્યે ભક્તિપૂર્વક અર્પણ કરેલાનું હું સેવન કરું છું. ૨૬.

નોંધ : એટલે કે ઈશ્વરપ્રીત્યર્થે જે કંઈ સેવાભાવથી પ્રાણીઓને અપાય છે તેનો સ્વીકાર તે તે પ્રાણીને વિશે રહેલ અંતર્યામીરૂપે ભગવાન જ કરે છે.

તેથી હે કૌંતેય! જે કરે, જે ખાય, જે હવનમાં હોમે, જે તું દાનમાં દે, અથવા જે તપ કરે તે બધું મને અર્પીને કરજે. ૨૭.

આથી તું શુભાશુભ ફળ દેનારા કર્મબંધનથી છૂટી જઈશ, અને ફલત્યાગરૂપી સમત્વને પામી, જન્મમરણથી મુક્ત થઈ મને પામીશ. ૨૮.

બધાં પ્રાણીઓને વિશે હું સમભાવે રહું છું. મને કોઈ અપ્રિય કે પ્રિય નથી. છતાં જેઓ મને ભક્તિપૂર્વક ભજે છે તેઓ મારામાં છે અને હું પણ તેમનામાં છું. ૨૯.

મોટો દુરાચારી પણ જો અનન્યભાવે મને ભજે તો તે સાધુ થયો જ માનવો. કેમ કે હવે એનો સારો સંકલ્પ છે. ૩૦.

નોંધ : કેમ કે અનન્યભક્તિ દુરાચારને સમાવી દે છે.

એ તુરંત ધર્માત્મા થાય છે ને નિરંતર શાંતિ પામે છે. હે કૌંતેય ! તું નિશ્ચયપૂર્વક જાણજે કે મારો ભક્ત કદી નાશ પામતો નથી. ૩૧.

હે પાર્થ ! જે મારો આશ્રય લે છે તેઓ પાપયોનિ હોય કે સ્ત્રીઓ, વૈશ્યો કે શૂદ્રો હોય પરમગતિએ પહોંચે છે. તો પછી પુણ્યવાન અને ભક્ત એવા બ્રાહ્મણો તેમ જ રાજર્ષિઓ વિશે તો કહેવું જ શું ?

માટે આ અનિત્ય અને સુખરહિત લોકમાં જન્મીને તું મને ભજ. મારામાં મન રાખ, મારો ભક્ત થા, મારે નિમિત્ત યજ્ઞ કર, મને નમસ્કાર કર, એટલે પોતાને મારી સાથે જોડી દઈ, મારામાં પરાયણ થઈ મને જ શ્રેષ્ઠ સ્થાન માનનારો તું મને પામીશ. ૩૨-૩૩-૩૪.

ॐ तत्सत्

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'રાજવિદ્યા-રાજગુહ્ય-યોગ' નામનો નવમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૧૦. વિભૂતિ-યોગ

સાતમા, આઠમા અને નવમા અધ્યાયમાં ભક્તિ ઇત્યાદિનું નિરૂપણ કર્યા પછી ભગવાન પોતાની અનંત વિભૂતિઓનું યત્કિંચિત્ દિગ્-દર્શન ભક્તોને અર્થે કરાવે છે.

૩૧

શ્રીભગવાન બોલ્યા :

હે મહાબાહો ! ફરી પણ મારું પરમ વચન સાંભળ. એ હું તને પ્રિયજનને તારા હિતને સારુ કહીશ. ૧.

દેવો અને મહર્ષિઓ મારી ઉત્પત્તિને અથવા પ્રભાવને જાણતા નથી, કેમ કે હું જ દેવોનું અને મહર્ષિઓનું સર્વ પ્રકારે આદિકારણ છું. ૨.

અજન્મા અને અનાદિ એવો હું જ લોકોનો મહેશ્વર છું, એમ જે જાણે છે તે માણસો વચ્ચે મોહરહિત થઈ બધાં પાપમાંથી મુક્ત થાય છે. ૩.

બુદ્ધિ, જ્ઞાન, અમૂઢતા, ક્ષમા, સત્ય, ઇન્દ્રિયનિગ્રહ, શાંતિ, સુખ, દુઃખ, ઉદ્‌ભવ અને નાશ, ભય, તેમ જ અભય, અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, યશ, અપયશ એમ પ્રાણીઓના જુદા જુદા ભાવો મારા થકી ઉત્પન્ન થાય છે. ૪-૫.

[**નોંધ** : ભાવ એટલે પદાર્થ, વૃત્તિ અથવા અવસ્થા.-કા૦]

સપ્તર્ષિ, તેમની પૂર્વેના સનકાદિ ચાર, અને (ચૌદ) મનુ મારા સંકલ્પથી ઉત્પન્ન થયેલા છે અને તેમાંથી આ લોકો પેદા થયેલા છે. ૬.

આ મારી વિભૂતિ અને સામર્થ્યને જે યથાર્થ જાણે છે તે અવિચળ સમતાને પામે છે એમાં સંશય નથી. ૭.

હું બધાની ઉત્પત્તિનું કારણ છું અને બધું મારા થકી જ પ્રવર્તે છે, એમ જાણીને ડાહ્યા લોકો મને ભાવપૂર્વક ભજે છે. ૮.

મારામાં ચિત્ત પરોવનારા, મને પ્રાણાર્પણ કરનારા એકબીજાને બોધ કરતાં, મારું જ નિત્ય કીર્તન કરતાં, સંતોષમાં અને આનંદમાં રહે છે. ૯.

એમ મારામાં તન્મય રહેનાર અને મને પ્રેમપૂર્વક ભજનારને હું બુદ્ધિશક્તિ અને જ્ઞાન આપું છું જેથી તેઓ મને પામે છે. ૧૦.

તેમની ઉપર અનુગ્રહ કરીને, તેમના હૃદયમાં રહેલો હું, જ્ઞાનરૂપી પ્રકાશમય દીવાથી, તેમના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરું છું. ૧૧.

૩૨

અર્જુન બોલ્યા :

હે ભગવાન ! તમે પરમ-બ્રહ્મ છો, પરમધામ છો, પરમ-પવિત્ર છો. બધા ઋષિઓ, દેવર્ષિ નારદ, અસિત, દેવલ અને વ્યાસ તમને અવિનાશી, દિવ્ય-પુરુષ, આદિદેવ, અજન્મા, અને સર્વવ્યાપી કહે છે. ને તમે પોતે પણ મને તેમ જ કહો છો. ૧૨-૧૩.

હે કેશવ ! તમે જે મને કહો છો તે હું સ્વીકારું છું. હે ભગવાન ! તમારું સ્વરૂપ નથી જાણતા દેવો કે દાનવ. ૧૪.

હે પુરુષોત્તમ ! હે જીવોના પિતા ! હે જીવેશ્વર ! હે દેવોના દેવ ! હે જગતના સ્વામી ! તમે પોતે જ પોતા વડે પોતાને જાણો છો ! ૧૫.

જે વિભૂતિઓ વડે આ લોકોને તમે વ્યાપી રહ્યા છો તે તમારી દિવ્ય વિભૂતિઓ મને કૃપા કરી પૂરેપૂરી કહો. ૧૬.

હે યોગિન્ ! તમારું નિત્ય ચિંતવન કરતો કરતો તમને હું કઈ રીતે ઓળખી શકું ? હે ભગવાન ! કયે કયે રૂપે મારે તમારું ચિંતવન કરવું ? ૧૭.

હે જનાર્દન ! તમારી શક્તિ અને તમારી વિભૂતિનું વર્ણન મારી પાસે વિસ્તારપૂર્વક ફરી કરો. તમારી અમૃતમય વાણી સાંભળતાં તૃપ્તિ થતી જ નથી. ૧૮.

શ્રીભગવાન બોલ્યા :

ભલે, ત્યારે હું મારી મુખ્ય મુખ્ય દિવ્ય વિભૂતિઓ તને કહીશ. પણ હે કુરુશ્રેષ્ઠ ! મારા વિસ્તારનો અંત તો છે જ નહીં. ૧૯.

હે ગુડાકેશ ! હું બધાં પ્રાણીઓના હૃદયને વિશે રહેલો આત્મા છું. હું જ ભૂતમાત્રનો આદિ, મધ્ય અને અંત છું. ૨૦.

આદિત્યોમાં વિષ્ણુ હું છું; જ્યોતિઓમાં ઝગઝગતો સૂર્ય હું છું; વાયુઓમાં મરીચિ હું છું, નક્ષત્રો વચ્ચે હું ચન્દ્ર છું. ૨૧.

વેદોમાં સામવેદ હું છું, દેવોમાં ઇન્દ્ર હું છું, ઇંદ્રિયોમાં હું મન છું, અને પ્રાણીઓનું ચેતન પણ હું છું. ૨૨.

રુદ્રોમાં શંકર હું છું, યક્ષ અને રાક્ષસોમાં કુબેર હું છું, વસુઓમાં અગ્નિ હું છું, પર્વતોમાં હું મેરુ છું. ૨૩.

હે પાર્થ ! પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ મને જાણ. સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું છું, અને સરોવરોમાં હું સાગર છું. ૨૪.

મહર્ષિઓમાં ભૃગુ હું છું, વાચામાં એકાક્ષરી ૐ હું છું, યજ્ઞોમાં જપયજ્ઞ હું છું, અને સ્થાવરોમાં હિમાલય હું છું. ૨૫.

બધાં વૃક્ષોમાં અશ્વત્થ (પીપળ) હું છું, દેવર્ષિઓમાં નારદ હું છું, ગાંધર્વોમાં ચિત્રરથ અને

સિદ્ધોમાં કપિલમુનિ છું. ૨૬.

અશ્વોમાં અમૃતમંથનને ટાણે ઉત્પન્ન થયેલ ઉચ્ચૈ:શ્રવા મને જાણ. હાથીઓમાં ઐરાવત અને મનુષ્યોમાં રાજા હું છું. ૨૭.

હથિયારોમાં વજ્ર હું છું, ગાયોમાં કામધેનુ હું છું, પ્રજોત્પત્તિનું કારણ કામદેવ હું છું, સર્પોમાં વાસુકિ હું છું. ૨૮.

નાગોમાં શેષનાગ હું છું, જલચરોમાં વરુણ હું છું, પિતરોમાં અર્યમા હું છું, અને નિયમનમાં રાખનારાઓમાં યમ હું છું. ૨૯.

દૈત્યોમાં પ્રહ્લાદ હું છું, ગણનારાઓમાં કાલ હું છું, પશુઓમાં સિંહ હું છું, પક્ષીઓમાં ગરુડ હું છું. ૩૦.

પાવન કરનારાઓમાં પવન હું છું, શસ્ત્રધારીઓમાં (પરશુ) રામ હું છું, માછલાંમાં મગરમચ્છ હું છું, નદીઓમાં ગંગા હું છું. ૩૧.

હે અર્જુન ! સૃષ્ટિઓના આરંભ, અંત અને મધ્ય હું છું. વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા હું છું, અને વિવાદ કરનારાઓનો વાદ હું છું. ૩૨.

અક્ષરોમાં અકાર હું છું, સમાસોમાં દ્વંદ્વ હું છું, ન ખૂટનારો કાલ હું છું, અને બધે અભિમુખ એવો વિધાતા પણ હું છું. ૩૩.

બધાને હરનાર મૃત્યુ હું છું. ભવિષ્યમાં ઉત્પન્ન થનારું ઉત્પત્તિકારણ હું છું, અને નારીજાતિનાં નામોમાં

કીર્તિ, લક્ષ્મી, વાણી, સ્મૃતિ, મેધા (બુદ્ધિ), ધૃતિ (ધીરજ) અને ક્ષમા હું છું. ૩૪.

સામોમાં બૃહત્સામસ્તોત્ર હું છું. છંદોમાં ગાયત્રી છંદ છું. મહિનામાં માર્ગશીર્ષ હું છું. ઋતુઓમાં વસંત હું છું. ૩૫.

છલ કરનારનું દ્યૂત હું છું, પ્રતાપવાનનો પ્રભાવ હું છું, જય હું છું, નિશ્ચય હું છું, સાત્ત્વિક ભાવવાળાનું સત્ત્વ હું છું. ૩૬.

નોંધ : છલ કરનારનું દ્યૂત હું છું એ વચનથી ભડકવાની જરૂર નથી. અહીં સારાસારનો નિર્ણય નથી, પણ જે કંઈ થાય છે તે ઈશ્વરની રજા વિના નથી થતું એ બતાવવાનો ભાવ છે.

અને છલ કરનાર પણ બધું તેને વશ છે એમ જાણીને પોતાનું અભિમાન છોડે ને છલને ત્યજે.

યાદવકુલમાં વાસુદેવ હું છું, પાંડવોમાં ધનંજય (અર્જુન) હું છું, મુનિઓમાં વ્યાસ હું છું, અને ક્રાન્તદર્શી કવિઓમાં ઉશના (શુક્રાચાર્ય) હું છું. ૩૭.

રાજ્યકર્તાનો દંડ હું છું, જય ઇચ્છનારની નીતિ હું છું, ગુહ્ય વાતોમાં મૌન હું છું, અને જ્ઞાનવાનનું જ્ઞાન હું છું. ૩૮.

હે અર્જુન ! બધાં પ્રાણીઓની ઉત્પત્તિનું જે કાંઈ બીજ છે તે હું છું. જે કંઈ સ્થાવર અથવા જંગમ છે તે

મારા વિનાનું નથી. ૩૯.

હે પરંતપ ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી. વિભૂતિનો આટલો વિસ્તાર મેં કેવળ દૃષ્ટાંતરૂપે જ કહ્યો છે. ૪૦.

જે કંઈ પણ વિભૂતિમાન, લક્ષ્મીવાન અથવા પ્રભાવશાળી છે તે તે મારા તેજના અંશથી જ થયેલું જાણ. ૪૧.

અથવા હે અર્જુન ! આ વિસ્તારપૂર્વક જાણીને તું શું કરશે ? મારા એક અંશમાત્રથી આ આખા જગતને ધારણ કરીને હું રહેલો છું. ૪૨.

ૐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'વિભૂતિ-યોગ' નામનો દશમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૧૧. વિશ્વરૂપ-દર્શન-યોગ

આ અધ્યાયમાં ભગવાન પોતાનું વિરાટ સ્વરૂપ અર્જુનને બતાવે છે. ભક્તોને આ અધ્યાય અતિ પ્રિય છે. આમાં દલીલ નથી પણ કેવળ કાવ્ય છે. આ અધ્યાયનો પાઠ કરતો મનુષ્ય થાકતો જ નથી.

૩૩

અર્જુન બોલ્યા :

તમે મારી ઉપર કૃપા કરીને આ આધ્યાત્મિક પરમ રહસ્ય કહ્યું. જે વચનો તમે મને કહ્યાં છે તેથી મારો આ મોહ ટળ્યો છે. ૧.

તમામ હસ્તીનાં ઉત્પત્તિ અને નાશને વિશે તમારી પાસેથી મેં વિસ્તારપૂર્વક સાંભળ્યું તેમ જ તમારું અવિનાશી માહાત્મ્ય પણ હે કમલપત્રાક્ષ ! મેં સાંભળ્યું. ૨.

હે પરમેશ્વર ! હે પુરુષોત્તમ ! તમે જેવા પોતાને ઓળખાવો છો તેવા જ તમારા તે ઈશ્વરી રૂપનાં દર્શન કરવાની મને ઇચ્છા થાય છે. ૩.

હે પ્રભો ! મારે સારુ તે દર્શન કરવાં તમે શક્ય માનો તો હે યોગેશ્વર ! તે અવ્યય રૂપનાં દર્શન કરાવો. ૪.

શ્રી ભગવાન બોલ્યા :

હે પાર્થ, નાના પ્રકારનાં, દિવ્ય તેમ જ જુદા જુદા વર્ણ

ને આકૃતિવાળાં મારાં સેંકડો અને હજારો રૂપો તું જો. ૫.

હે ભારત! આદિત્યો, વસુઓ, રુદ્રો, અશ્વિનીકુમારોની જોડી, અને મરુતોને જો. પૂર્વે નહીં દેખાયેલાં એવાં બહુ આશ્ચર્યો તું જો. ૬.

હે ગુડાકેશ! અહીં મારા દેહને વિશે એકરૂપે રહેલું આખું સ્થાવર અને જંગમ જગત અને બીજું જે કંઈ તું જોવા ઈચ્છતો હોય તે આજે જો. ૭.

પણ આ તારા ચર્મચક્ષુથી તું મને નહીં જોઈ શકે. માટે હું તને દિવ્યચક્ષુ આપું છું. તે વડે તું મારું ઈશ્વરી યોગસામર્થ્ય જો. ૮.

સંજય બોલ્યા :

હે રાજન્! મહાયોગેશ્વર કૃષ્ણે એમ કહીને અર્જુનને પોતાનું પરમ ઈશ્વરી રૂપ દેખાડ્યું. ૯.

તે અનેક મુખ અને આંખોવાળું, અનેક અદ્‌ભુત દર્શનવાળું, અનેક દિવ્ય આભૂષણવાળું અને ઉગામેલાં અનેક દિવ્ય શસ્ત્રોવાળું હતું. ૧૦.

તેણે અનેક દિવ્ય માળા અને વસ્ત્રો ધારણ કર્યાં હતાં, તેને દિવ્ય સુગંધી લેપો હતા. એવા એ સર્વ રીતે આશ્ચર્યમય, અનંત, સર્વવ્યાપી દેવ હતા. ૧૧.

આકાશમાં હજાર સૂર્યનું તેજ એકસાથે પ્રકાશી ઊઠે તો તે તેજ તે મહાત્માના તેજ જેવું કદાચિત્ થાય. ૧૨.

અનેક રીતે વિભક્ત થયેલું આખું જગત, પાંડવે,

ત્યાં, એ દેવના શરીરમાં એકરૂપે રહેલું જોયું. ૧૩.

પછી, આશ્ચર્યચકિત અને રોમાંચિત થયેલા ધનંજય માથું નમાવી, હાથ જોડી આ પ્રમાણે બોલ્યા. ૧૪.

૩૪

અર્જુન બોલ્યા :

હે દેવ ! તમારા દેહને વિશે હું દેવોને, જુદા જુદા પ્રકારનાં સર્વ પ્રાણીઓના સમુદાયોને, કમલાસને બિરાજેલા ઈશ બ્રહ્માને, બધા ઋષિઓને, તથા દિવ્ય સર્પોને જોઉં છું. ૧૫.

તમને હું અનેક હાથ, ઉદર, મુખ અને નેત્રવાળા, સર્વ બાજુએ અનંત રૂપવાળા જોઉં છું. હે વિશ્વેશ્વર ! હે વિશ્વરૂપ ! હું નથી જોતો તમારો અંત, તમારો મધ્ય કે તમારો આદિ. ૧૬.

મુકુટધારી, ગદાધારી, ચક્રધારી, તેજના પુંજ, બધે ઝળહળતી જ્યોતિવાળા એવા, વળી મુશ્કેલીથી જોઈ શકાય એવા, અમાપ અને પ્રજ્વલિત અગ્નિ અથવા સૂર્યના જેવા, બધી દિશામાં દીપતા તમને હું ભાળું છું. ૧૭.

હું માનું છું કે તમે જ જાણવાયોગ્ય પરમ અક્ષર છો. તમે જ આ જગતના અંતિમ આધાર છો; ધર્મના અવિનાશી રક્ષક છો અને તમે જ સનાતન પુરુષ છો. ૧૮.

જેને આદિ, મધ્ય કે અંત નથી, જેની શક્તિ અનંત છે; જેને અનંત બાહુ છે, જેને સૂર્યચન્દ્રરૂપ આંખો છે, જેનું મુખ પ્રજ્વલિત અગ્નિના જેવું છે, અને જે પોતાના તેજથી આ જગતને તપાવે છે એવા તમને હું જોઉં છું. ૧૯.

આકાશ અને પૃથ્વી વચ્ચેના આ અંતરને અને બધી દિશાઓને તમે એકલાએ જ વ્યાપી કાઢ્યાં છે. હે મહાત્મન્! આ તમારું અદ્‌ભુત ઉગ્ર રૂપ જોઈને ત્રણે લોક થરથરે છે. ૨૦.

વળી આ જુઓ દેવોનો સંઘ તમારામાં પ્રવેશ કરે છે. ભયભીત થયેલાં કેટલાંક તો હાથ જોડીને તમારું સ્તવન કરે છે. મહર્ષિઓ અને સિદ્ધોના સમુદાય '(જગતનું) કલ્યાણ હો,' એમ બોલતા અનેક પ્રકારે તમારો યશ ગાય છે. ૨૧.

રુદ્રો, આદિત્યો, વસુઓ, સાધ્યો, વિશ્વદેવ અશ્વનીકુમાર, મરુતો, ઊનું જ પીનારા પિતરો, ગંધર્વ, યક્ષ, અસુર અને સિદ્ધોનો સંઘ એ બધાય વિસ્મય પામતા તમને નીરખે છે. ૨૨.

[નોંધ : શરીરની ઉષ્ણતા ટકે ત્યાં સુધી જ એમાં પ્રાણ ટકી શકે છે. એ ઉષ્ણતા આપણે અન્નમાંથી મેળવીએ છીએ. સૂક્ષ્મ શરીરવાળા પિતરો પ્રત્યક્ષ અન્ન ન ખાઈ શકે પણ એની ઉષ્ણતા જ સીધી પી લે છે એવી માન્યતા તે વખતે હશે.

એટલે પિતરોને ઉષ્મપા કહ્યા છે. -કા૦]

હે મહાબાહો ! ઘણાં મુખ અને આંખોવાળું, ઘણા હાથ, જંઘ અને પગવાળું, ઘણાં પેટવાળું, ઘણી દાઢો વડે વિકરાળ દેખાતું વિશાળ એવું તમારું રૂપ જોઈને લોકો વ્યાકુળ થઈ ગયા છે તેમ જ હું પણ વ્યાકુળ થયો છું. ૨૩.

આકાશનો સ્પર્શ કરતા, ઝળહળતા, અનેક રંગવાળા, ઉઘાડાં મુખવાળા અને વિશાળ તેજસ્વી આંખોવાળા, તમને જોઈને હે વિષ્ણુ ! મારું અંતર વ્યાકુળ થયું છે ને હું નથી રાખી શકતો ધીરજ કે શાંતિ. ૨૪.

પ્રલયકાળના અગ્નિ સમાન અને વિકરાળ દાઢોવાળાં તમારાં મુખ જોઈને મને નથી સૂઝતી દિશા કે નથી પામતો હું શાન્તિ; માટે હે દેવેશ ! હે જગન્નિવાસ ! પ્રસન્ન થાઓ. ૨૫.

બધા રાજાઓના સંઘ સહિત, ધૃતરાષ્ટ્રના આ પુત્રો, ભીષ્મ, દ્રોણાચાર્ય, આ સૂતપુત્ર કર્ણ અને અમારા મુખ્ય યોદ્ધાઓ, બધા જ વિકરાળ દાઢોવાળાં તમારાં ભયાનક મોઢામાં વેગથી પ્રવેશ કરે છે. કેટલાંકનાં માથાં ચૂરાં થઈને તમારા દાંતોની વચ્ચે વળગેલાં જોવામાં આવે છે. ૨૬-૨૭.

જેમ નદીઓના મોટા ધોધ સમુદ્ર ભણી ધસે છે તેમ આ લોકનાયકો તમારા ધગધગતા મુખમાં પ્રવેશ કરે છે.૨૮.

જેમ પતંગિયાં પોતાના નાશને અર્થે, વધતે જતે

વેગે, બળતી જ્વાલામાં ઝંપલાવે છે તેમ જ તમારા મુખમાં પણ સર્વ લોકો વધતે વેગે પ્રવેશ કરે છે. ૨૯.

બધા લોકોનો બધેથી ગ્રાસ કરીને તમે તમારા ધગતા મોઢાથી ચાટી રહ્યા છો. હે સર્વવ્યાપી વિષ્ણુ! તમારો ઉગ્ર પ્રકાશ આખા જગતને પોતાનાં તેજો વડે ભરી મૂકે છે અને તપાવે છે. ૩૦.

ઉગ્રરૂપ એવા તમે કોણ છો તે મને કહો. હે દેવવર! હું તમને નમસ્કાર કરું છું. તમે પ્રસન્ન થાઓ. તમ આદિકારણને હું જાણવા ઈચ્છું છું. તમારી પ્રવૃત્તિ હું નથી કળી શકતો. ૩૧.

શ્રીભગવાન બોલ્યા :

લોકોનો નાશ કરનારો, વૃદ્ધિ પામેલો હું કાળ છું. લોકોનો નાશ કરવાને સારુ અહીં ઊપજ્યો છું. તું લડવાની ના પાડીશ તોયે, દરેક સામસામી સેનામાં જે આ બધા યોદ્ધા રહ્યા છે તેમાંના કોઈ રહેવાના નથી. ૩૨.

તેથી તું ઊભો થા, કીર્તિ મેળવ, શત્રુને જીતીને ધનધાન્યથી ભરેલું રાજ્ય ભોગવ. આમને મેં પહેલેથી જ હણેલા છે. હે સવ્ય-સાચી! તું તો માત્ર નિમિત્ત-રૂપ થા. ૩૩.

મારા હણેલા દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ અને બીજા યોદ્ધાઓને તું (નામમાત્ર) હણજે. વ્યાકુળ થા

મા; લડ; શત્રુને તું રણમાં જીતવાનો જ છે. ૩૪.

૩૫

સંજય બોલ્યા :

કેશવનાં આ વચન સાંભળીને મુકુટધારી અર્જુન ધ્રૂજતા, હાથ જોડી, વારંવાર નમસ્કાર કરતા, ફરી બીતા બીતા, પ્રણામ કરીને કૃષ્ણ પ્રત્યે ગદ્‌ગદ કંઠે આ પ્રમાણે બોલ્યા. ૩૫.

અર્જુન બોલ્યા :

હે હૃષીકેશ ! તમારું કીર્તન કરીને જગત હર્ષ પામે છે ને તમારે વિશે એને અનુરાગ ઉત્પન્ન થાય તે યોગ્ય જ છે. બીધેલા રાક્ષસો આમતેમ ભાગે છે અને સિદ્ધોનો આખો સમુદાય તમને નમસ્કાર કરે છે. (તે પણ યોગ્ય જ છે.) ૩૬.

હે મહાત્મન્ ! તમને તેઓ નમસ્કાર કાં ન કરે ? તમે બ્રહ્માથી પણ મોટા આદિકર્તા છો. હે અનંત, હે દેવેશ, હે જગન્નિવાસ ! તમે અક્ષર છો, સત્ છો, અસત્ છો, અને તેથી જે પર છે તે પણ તમે જ છો. ૩૭.

તમે આદિદેવ છો. તમે પુરાણપુરુષ છો. તમે આ વિશ્વનું પરમ આશ્રયસ્થાન છો. તમે જાણનાર પણ છો ને જાણવાયોગ્ય વસ્તુ પણ છો. તમે પરમધામ છો. હે અનંતરૂપ ! આ જગતને તમે વ્યાપી રહ્યા છો. ૩૮.

વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચન્દ્ર, પ્રજાપતિ, પ્રપિતામહ તમે જ છો. તમને હજારો વાર નમસ્કાર હજો. વળી ફરી પણ તમને નમસ્કાર હજો. ૩૯.

હે સર્વ! તમને આગળ, પાછળ, બધી બાજુએ નમસ્કાર. તમારું વીર્ય અનંત છે, તમારું પરાક્રમ અપાર છે, તમે જ સર્વ આવરી રહેલા છો. તેથી તમે સર્વ છો. ૪૦.

તમારો આ મહિમા ન જાણતાં ગોઠિયો ગણીને 'હે કૃષ્ણ! હે યાદવ! હે સખા!' એમ બોલાવીને મારાથી ભૂલમાં કે પ્રેમમાં પણ જે અવિવેક થયો હોય, અને વિનોદાર્થે રમતાં, સૂતાં, બેસતાં કે ખાતાં; એકલા કે ઘણાની વચ્ચે તમારું જે કંઈ અપમાન થયું હોય તે ક્ષમા કરવા, અકળરૂપ એવા તમને હું વીનવું છું. ૪૧-૪૨.

સ્થાવરજંગમ જગતના તમે પિતા છો. તમે તેના પૂજ્ય અને શ્રેષ્ઠ ગુરુ છો. હે અજોડ પ્રભાવવાળા! તમારા જેવું કોઈ નથી, તો તમારાથી અધિક તો ક્યાંથી જ હોય? ૪૩.

તેથી સાષ્ટાંગ નમસ્કાર કરીને પૂજ્ય ઈશ્વર એવા તમને પ્રસન્ન થવા વીનવું છું. જેમ પિતા પોતાના પુત્રને, સખા સખાને સહન કરે છે તેમ તમે મારા પ્રિય હોઈ મારા કલ્યાણાર્થે કૃપા કરીને મને સહન કરો. ૪૪.

પૂર્વે નહીં જોયેલ એવું તમારું રૂપ જોઈને મારાં રોમાંચ ખડાં થયાં છે ને ભયને લીધે મારું મન વ્યાકુળ

થયું છે. તેથી હે દેવ ! તમારું પહેલાંનું રૂપ દેખાડો. હે દેવેશ ! હે જગન્નિવાસ ! તમે પ્રસન્ન થાઓ. ૪૫.

પહેલાંની જેમ તમારાં - મુકુટગદાચક્રધારીનાં દર્શન કરવા ઇચ્છું છું. હે સહસ્રબાહો, હે વિશ્વમૂર્તિ ! તમારું તે જ પહેલું ચતુર્ભુજરૂપ ધારણ કરો. ૪૬.

૩૬

શ્રીભગવાન બોલ્યા :

હે અર્જુન ! તારી ઉપર પ્રસન્ન થઈને મેં તને મારી યોગ-શક્તિ વડે મારું તેજોમય, વિશ્વવ્યાપી, અનંત, પરમ, આદિ રૂપ દેખાડ્યું છે; તારા સિવાય બીજા કોઈએ પૂર્વે તે જોયું નથી. ૪૭.

હે કુરુપ્રવીર ! વેદાભ્યાસથી, યજ્ઞથી, બીજાં શાસ્ત્રોના અભ્યાસથી, દાનથી, ક્રિયાઓથી, કે ઉગ્ર તપોથી તારા સિવાય બીજું કોઈ આ મારું રૂપ જોવા સમર્થ નથી. ૪૮.

આ મારું વિકરાળ રૂપ જોઈને તું અકળા નહીં, મૂંઝા નહીં. બીક છોડી શાંતચિત્ત થા, અને આ મારું પરિચિત રૂપ ફરી જો. ૪૯.

સંજય બોલ્યા :

વાસુદેવે આમ કહીને અર્જુનને પોતાનું રૂપ ફરી બતાવ્યું. અને ફરી શાંતમૂર્તિ ધારણ કરીને તે મહાત્માએ બીધેલા અર્જુનને આશ્વાસન આપ્યું. ૫૦.

અર્જુન બોલ્યા :

હે જનાર્દન! આ તમારું સૌમ્ય મનુષ્ય-સ્વરૂપ જોઈને હવે હું શાંત પ્રસન્નચિત્ત થયો છું અને ઠેકાણે આવ્યો છું. ૫૧.

શ્રીભગવાન બોલ્યા :

જે મારું રૂપ તેં જોયું તેનાં દર્શન બહુ દુર્લભ છે. દેવો પણ તે રૂપ નિહાળવા ઝંખે છે. ૫૨.

જે મારાં દર્શન તેં કર્યાં છે તે દર્શન ન વેદથી, ન તપથી, ન દાનથી કે ન યજ્ઞથી થઈ શકે. ૫૩.

પણ હે અર્જુન! હે પરંતપ! મારે વિશેનું એવું જ્ઞાન, એવાં મારાં દર્શન અને મારામાં વાસ્તવિક પ્રવેશ કેવળ અનન્ય ભક્તિથી શક્ય છે. ૫૪.

હે પાંડવ! જે કોઈ બધાં કર્મ મને સમર્પણ કરે છે, મારામાં પરાયણ રહે છે, મારો ભક્ત બને છે, આસક્તિ છોડે છે અને પ્રાણીમાત્રને વિશે દ્વેષરહિત થઈ રહે છે તે મને પામે છે. ૫૫.

ॐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'વિશ્વરૂપ-દર્શન-યોગ' નામનો અગિયારમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૧૨. ભક્તિયોગ

પુરુષોત્તમનાં દર્શન અનન્ય ભક્તિથી જ થાય એમ હોવાથી ભગવાનનાં દર્શન પછી તો ભક્તિનું સ્વરૂપ જ આલેખાય.

આ બારમો અધ્યાય બધાએ મોઢે કરી લેવો જોઈએ. નાનામાં નાનામાંનો આ એક છે. આમાં આપેલાં ભક્તનાં લક્ષણ નિત્ય મનન કરવા જેવાં છે.

૩૭

અર્જુન બોલ્યા :

આમ જે ભક્તો તમારું નિરંતર ધ્યાન ધરતા તમને ઉપાસે છે ને જેઓ તમારા અવિનાશી અવ્યક્ત સ્વરૂપનું ધ્યાન ધરે છે તેમાંના કયા યોગી શ્રેષ્ઠ ગણાય ? ૧.

શ્રીભગવાન બોલ્યા :

નિત્ય ધ્યાન ધરતા, મારામાં મન આરોપીને જેઓ પરમ શ્રદ્ધાપૂર્વક મને ઉપાસે છે તેમને હું શ્રેષ્ઠ યોગી ગણું છું. ૨.

બધી ઇન્દ્રિયોને વશમાં રાખીને, બધે સમત્વ જાળવીને જેઓ અચિંત્ય, દૃઢ, અચળ, ધીર, સર્વવ્યાપી, અવ્યક્ત, અવર્ણનીય, અવિનાશી સ્વરૂપને ઉપાસે છે તે સર્વ પ્રાણીઓના હિતમાં પરોવાયેલા મને જ પામે છે. ૩-૪.

જેમનું ચિત્ત અવ્યક્તને વિશે ચોંટેલું છે તેમને કષ્ટ વધારે છે. અવ્યક્ત ગતિને દેહધારી કષ્ટ વડે જ પામી શકે. ૫.

નોંધ : દેહધારી મનુષ્ય અમૂર્ત સ્વરૂપની માત્ર કલ્પના જ કરી શકે, પણ તેની પાસે અમૂર્ત સ્વરૂપને સારુ એક પણ નિશ્ચયાત્મક શબ્દ નથી તેથી તેને નિષેધાત્મક 'નેતિ' શબ્દથી સંતોષ પામવો રહ્યો. એટલે જ મૂર્તિપૂજનો નિષેધ કરનાર પણ સૂક્ષ્મ રીતે જોતાં મૂર્તિપૂજક જ હોય છે. પુસ્તકની પૂજા કરવી, દેવળમાં જઈને પૂજા કરવી, એક જ દિશામાં મુખ રાખી પૂજા કરવી એ બધાં સાકાર-પૂજનાં લક્ષણ છે. આમ છતાં સાકારની પેલી પાર નિરાકાર અચિંત્ય સ્વરૂપ છે એમ તો બધાએ સમજ્યે જ છૂટકો. ભક્તિની પરાકાષ્ઠા એ કે ભક્ત ભગવાનમાં શમી જાય ને છેવટે કેવળ એક અદ્વિતીય, અરૂપી ભગવાન જ રહે. પણ આ સ્થિતિને સાકારની મારફતે સહેલાઈથી પહોંચાય. તેથી નિરાકારને સીધા પહોંચવાનો માર્ગ કષ્ટસાધ્ય કહ્યો.

પણ, હે પાર્થ ! જેઓ મારામાં પરાયણ રહી, બધાં કર્મો મને સમર્પણ કરી, એકનિષ્ઠાથી મારું ધ્યાન ધરતા મને ઉપાસે છે અને મારામાં જેમનું ચિત્ત પરોવાયેલું છે એવાઓને મરણધર્મી સંસારસાગરમાંથી હું ઝટ તારી લઉં છું. ૬-૭.

તારું મન મારામાં રાખ, તારી બુદ્ધિ મારામાં પરોવ, એટલે આ ભવ પછી નિઃસંશય મને જ પામીશ. ૮.

હવે જો તું મારે વિશે તારું મન સ્થિર કરવા અસમર્થ હોય તો હે ધનંજય ! અભ્યાસયોગ વડે મને પામવાની ઇચ્છા રાખ. ૯.

એવો અભ્યાસ રાખવા પણ તું અસમર્થ હોય તો

કર્મમાત્ર મને અર્પણ કર. એમ મારે નિમિત્તે કર્મ કરતો કરતો પણ તું મોક્ષ પામીશ. ૧૦.

અને જો મારે નિમિત્તે કર્મ કરવા જેટલી પણ તારી શક્તિ ન હોય તો યત્નપૂર્વક બધાં કર્મોનાં ફળનો ત્યાગ કર. ૧૧.

અભ્યાસમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગ શ્રેયસ્કર છે. જ્ઞાનમાર્ગ કરતાં ધ્યાનમાર્ગ વિશેષ છે. અને ધ્યાનમાર્ગ કરતાં કર્મફલત્યાગ સરસ છે, કેમ કે એ ત્યાગને અંતે તુરત શાન્તિ જ હોય. ૧૨.

નોંધ : અભ્યાસ એટલે ચિત્તવૃત્તિનિરોધની સાધના; જ્ઞાન એટલે શ્રવણમનનાદિ; ધ્યાન એટલે ઉપાસના. આટલાને પરિણામે જો કર્મફલત્યાગ ન જોવામાં આવે તો અભ્યાસ તે અભ્યાસ નથી, જ્ઞાન તે જ્ઞાન નથી, અને ધ્યાન તે ધ્યાન નથી.

[નોંધ: ચિત્ત અશાન્ત હોય તો ધ્યાન સંભવે નહીં, અને અશાન્તિનું કારણ તો જાતજાતની ફળ-વાસના જ છે, માટે ફળત્યાગ પ્રથમ કરવો જોઈએ. એ ત્યાગ પછી ધ્યાનને આવશ્યક એવી શાન્તિ તરત મળી શકે છે. **-કા૦]**

૩૮

જે પ્રાણીમાત્ર પ્રત્યે દ્વેષરહિત, સર્વનો મિત્ર, દયાવાન, ક્ષમાવાન, અહંતા-મમતા-રહિત, સુખ-દુઃખને વિશે સરખો, સદાય સંતોષી, યોગયુક્ત, ઇન્દ્રિય-નિગ્રહી, અને દૃઢ નિશ્ચયવાળો છે, તેમ જ મારે વિશે જેણે પોતાનાં બુદ્ધિ ને મન અર્પણ કર્યાં છે, એવો મારો ભક્ત મને પ્રિય છે. ૧૩-૧૪.

જેનાથી લોકો ઉદ્વેગ નથી પામતા, જે લોકોથી ઉદ્વેગ નથી પામતો, જે હર્ષ, ક્રોધ, અદેખાઈ, ભય, અને ઉદ્વેગથી મુક્ત છે, તે મને પ્રિય છે. ૧૫.

જે ઇચ્છા-રહિત છે, પવિત્ર છે, દક્ષ એટલે સાવધાન છે, ફલપ્રાપ્તિ વિશે તટસ્થ છે, ભય કે ચિંતારહિત છે, સંકલ્પમાત્રનો જેણે ત્યાગ કર્યો છે તે મારો ભક્ત છે, તે મને પ્રિય છે. ૧૬.

જે હર્ષ પામતો નથી, જે દ્વેષ કરતો નથી, જે ચિંતા નથી કરતો, જે આશાઓ નથી બાંધતો, જે શુભાશુભનો ત્યાગ કરનારો છે, તે ભક્તિ-પરાયણ મને પ્રિય છે. ૧૭.

શત્રુ-મિત્ર, માન-અપમાન, ટાઢ-તડકો, સુખ-દુઃખ – આ બધાંને વિશે જે સમતાવાન છે, જેણે આસક્તિ છોડી છે, જે નિંદા ને સ્તુતિમાં સરખો વર્તે છે ને મૌન ધારણ કરે છે, જે કાંઈ મળે તેથી જેને સંતોષ છે, જેને પોતાનું એવું કોઈ આશ્રયનું સ્થાન નથી, જે સ્થિર ચિત્તવાળો છે, એવો ભક્ત મને પ્રિય છે. ૧૮-૧૯.

આ પવિત્ર અમૃતરૂપ જ્ઞાન જેઓ મારામાં પરાયણ રહીને શ્રદ્ધાપૂર્વક સેવે છે તેઓ મારા અતિશય પ્રિય ભક્ત છે. ૨૦.

ૐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'ભક્તિયોગ' નામનો બારમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૧૩. ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ-વિભાગ-યોગ

આ અધ્યાયમાં શરીર અને શરીરી(આત્મા)નો ભેદ બતાવ્યો છે.

૩૯

શ્રીભગવાન બોલ્યા :

હે કૌંતેય ! આ શરીર તે ક્ષેત્ર કહેવાય છે, અને એને જે જાણે છે તેને તત્ત્વજ્ઞાનીઓ ક્ષેત્રજ્ઞ કહે છે. ૧.

અને વળી હે ભારત ! બધાં ક્ષેત્રો-શરીરો-ને વિશે રહેલા મને ક્ષેત્રજ્ઞ જાણ. ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના ભેદનું જ્ઞાન તે જ્ઞાન છે એમ મારો અભિપ્રાય છે. ૨.

એ ક્ષેત્ર શું છે, કેવું છે, કેવા વિકારવાળું છે, કયાંથી છે, અને ક્ષેત્રજ્ઞ કોણ, તેની શક્તિ શી છે, એ મારી પાસેથી ટૂંકામાં સાંભળ. ૩.

વિવિધ છંદોમાં, જુદી જુદી રીતે ઋષિઓએ આ વિષયને બહુ ગાયો છે અને દાખલા-દલીલો વડે, નિશ્ચય-વાળાં બ્રહ્મસૂચક વાકયોમાં પણ એનું નિરૂપણ છે. ૪.

મહાભૂતો, અહંતા, બુદ્ધિ, પ્રકૃતિ, દશ ઈંદ્રિયો, એક મન, પાંચ વિષયો; ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સંઘાત, ચેતનશક્તિ, ધૃતિ – આ તેના વિકારો સહિત ક્ષેત્ર ટૂંકામાં કહ્યું. ૫-૬.

નોંધ : મહાભૂતો પાંચ: પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને

આકાશ. અહંકાર એટલે શરીરને વિશે રહેલી અહંતા, અહંપ્રત્યય, અહંપણું. અવ્યક્ત એટલે અદશ્ય રહેલી માયા, પ્રકૃતિ. દશ ઈન્દ્રિયોમાં પાંચ જ્ઞાનેન્દ્રિય – નાક, કાન, આંખ, જીભ અને ચામડી, તથા પાંચ કર્મેન્દ્રિય – હાથ, પગ, મોં અને બે ગુહ્યેન્દ્રિય. પાંચ ગોચરો એટલે પાંચ જ્ઞાનેન્દ્રિયના પાંચ વિષયો-સૂંઘવું, સાંભળવું, જોવું, ચાખવું ને અડવું. સંઘાત એટલે શરીરનાં તત્ત્વોની એકબીજાની સાથે સહકાર કરવાની શક્તિ. ધૃતિ એટલે ધૈર્યરૂપી ન ડરવાનો નૈતિક ગુણ નહીં પણ આ શરીરનાં પરમાણુનો એકબીજાને વળગી રહેવાનો ગુણ. આ ગુણ અહંભાવને લીધે જ સંભવે છે, અને આ અહંતા અવ્યક્ત પ્રકૃતિમાં રહેલી છે. અમૂર્છ મનુષ્ય આ અહંતાનો જ્ઞાનપૂર્વક ત્યાગ કરે છે. અને તેથી મૃત્યુ સમયે કે બીજા આઘાતોથી તે દુઃખ પામતો નથી. જ્ઞાનીઅજ્ઞાની બધાને, છેવટે તો, આ વિકારી ક્ષેત્રનો ત્યાગ કર્યે જ છૂટકો છે.

અમાનિત્વ, અદંભિત્વ, અહિંસા, ક્ષમા, સરળતા, આચાર્યની સેવા, શુદ્ધતા, સ્થિરતા, આત્મસંયમ, ઈન્દ્રિયોના વિષયોને વિશે વૈરાગ્ય, અહંકાર-રહિતતા, જન્મ, મરણ, જરા, વ્યાધિ વિશે રહેલાં દુઃખ તેમ જ દોષોનું નિરંતર ભાન, પુત્ર, સ્ત્રી, ઘર વગેરેમાં મોહમમતાનો અભાવ, પ્રિય કે અપ્રિય જે આવી પડે તેને વિશે નિત્ય સમાનવૃત્તિ, મારે વિશે અનન્ય ધ્યાનપૂર્વક એકનિષ્ઠ ભક્તિ, એકાન્ત સ્થળનું સેવન, જનસમૂહમાં ભળવાનો આણગમો, આધ્યાત્મિક જ્ઞાન

વિશે સ્થિરનિષ્ઠા, આત્મદર્શન – આ બધું તે જ્ઞાન કહેવાય. એથી ઊલટું તે અજ્ઞાન. ૭-૮-૯-૧૦-૧૧.

જેને જાણીને માણસ મોક્ષ પામે છે તે જ્ઞેય શું છે તે તને હવે કહીશ. તે અનાદિ પરબ્રહ્મ છે, તે ન કહેવાય સત્, ન કહેવાય અસત્. ૧૨.

નોંધ : પરમેશ્વરને સત્ અથવા અસત્ એક્કે ન કહેવાય. કોઈ એક શબ્દ વડે તેની વ્યાખ્યા કે ઓળખ ન થઈ શકે એવું તે ગુણાતીત સ્વરૂપ છે.

તેને હાથ, પગ, આંખ, માથું, મોઢું અને કાન બધે જ છે. આ લોકમાં તે બધું વ્યાપીને રહેલ છે. ૧૩.

બધી ઈન્દ્રિયોના ગુણોનો આભાસ તેને વિશે થાય છે તોયે તે સ્વરૂપ ઈન્દ્રિય વિનાનું ને સર્વથી અલિપ્ત છે. છતાં સર્વને ધારણ કરનાર છે; તે ગુણરહિત છે છતાં ગુણોનું ભોક્તા છે. ૧૪.

તે ભૂતોની બહાર છે ને અંદર પણ છે. તે ગતિમાન છે અને સ્થિર પણ છે. સૂક્ષ્મ હોવાથી ન જણાય તેવું છે. તે દૂર છે ને નજીક છે. ૧૫.

નોંધ : જે તેને ઓળખે છે તે તેની અંદર છે. ગતિ અને સ્થિરતા, શાંતિ અને અશાંતિ બંને આપણે અનુભવીએ છીએ, અને એ બધા ભાવો તેનામાંથી જ પેદા થાય છે તેથી તે ગતિમાન અને સ્થિર બંને છે.

તે અવિભક્ત હોવા છતાં ભૂતોને વિશે વિભક્તના

જેવું પણ રહેલ છે. તે જાણવાયોગ્ય (બ્રહ્મ) પ્રાણીઓનું પાલક, નાશક ને ફરી ઉત્પન્નકર્તા છે. ૧૬.

જ્યોતિઓનું પણ તે જ્યોતિ છે, અંધકારથી તે પર કહેવાય છે. જ્ઞાન તે જ, જાણવાયોગ્ય તે જ, અને જ્ઞાનથી જે પમાય છે તે પણ તે જ છે. એવું તે બધાંનાં હૃદયને વિશે રહેલ છે. ૧૭.

આમ ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેયને વિશે મેં ટૂંકામાં કહ્યું. મારો ભક્ત તે જાણીને મારા સ્વરૂપ સુધી પહોંચવાને યોગ્ય બને છે. ૧૮.

૪૦

પ્રકૃતિ અને પુરુષ બંને અનાદિ છે; અને એમ પણ જાણે કે તમામ વિકારો અને ગુણો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. ૧૯.

કાર્ય-કારણ-સંબંધી ઉત્પત્તિ પ્રકૃતિને લીધે મનાય છે. જ્યારે સુખ-દુઃખનું ભોગવવાપણું પુરુષને લીધે મનાય છે. ૨૦.

પ્રકૃતિને વિશે રહેલો પુરુષ પ્રકૃતિથી ઉત્પન્ન થતા ગુણોને ભોગવે છે, અને આ ગુણસંગ જ સારીનરસી યોનિમાં તેના જન્મનું કારણ બને છે. ૨૧.

નોંધ : પ્રકૃતિને આપણે માયાને નામે લૌકિક ભાષામાં ઓળખીએ છીએ. પુરુષ તે જીવ છે. માયાને એટલે કે મૂળ સ્વભાવને વશ વર્તીને જીવ સત્ત્વ, રજસ્ અથવા તમસ્થી થતાં

કાર્યોનાં ફળ ભોગવે છે અને તેથી કર્મ પ્રમાણે પુનર્જન્મ પામે છે.

આ દેહને વિશે રહેલો તે પરમપુરુષ, સર્વસાક્ષી, અનુમંતા (અનુમતિ દેનારો), ભર્તા, ભોક્તા, મહેશ્વર અને પરમાત્મા પણ કહેવાય છે. ૨૨.

જે મનુષ્ય આમ પુરુષને અને ગુણમયી પ્રકૃતિને જાણે છે તે સર્વ રીતે કાર્ય કરતો છતો ફરી જન્મ પામતો નથી. ૨૩.

નોંધ : ૨, ૯, ૧૨ અને ઇતર અધ્યાયોની સહાયથી આપણે જાણી શકીએ છીએ કે આ શ્લોક સ્વેચ્છાચારનું સમર્થન કરનારો નથી પણ ભક્તિનો મહિમા સૂચવનારો છે. કર્મમાત્ર જીવને બંધનકારક છે, પણ માણસ જો પોતાનાં બધાં કર્મો પરમાત્માને અર્પણ કરે તો તે બંધનમુક્ત થાય છે. આમ જેનામાંથી કર્તાપણારૂપી અહંભાવ નાશ પામ્યો છે અને જે અંતર્યામીને ચોવીસે કલાક ઓળખી રહ્યો છે તે પાપકર્મ નહીં જ કરે. પાપનું મૂળ જ અભિમાન છે. 'હું' મટ્યો ત્યાં પાપ સંભવે નહીં.

આ શ્લોક પાપકર્મ ન કરવાની યુક્તિ બતાવે છે.

કોઈ ધ્યાનમાર્ગથી આત્મા વડે આત્માને પોતાને વિશે જુએ છે. કેટલાક જ્ઞાનમાર્ગથી. જ્યારે બીજા કેટલાક કર્મમાર્ગથી. ૨૪.

વળી કોઈ આ માર્ગોને ન ઓળખતા બીજાઓની પાસેથી પરમાત્માને વિશે સાંભળીને, સાંભળેલા ઉપર

શ્રદ્ધા રાખી, તેમાં પરાયણ રહી ઉપાસના કરે છે ને તેઓ પણ મૃત્યુયુક્ત સંસારને ઓળંગી જાય છે. ૨૫.

૪૧

જે કંઈ વસ્તુ ચર અથવા અચર ઉત્પન્ન થાય છે તે હે ભરતર્ષભ! ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના, એટલે કે પ્રકૃતિ-પુરુષના સંયોગથી થાય છે એમ જાણ. ૨૬.

અવિનાશી પરમેશ્વરને સર્વ નાશવંત પ્રાણીઓને વિશે સમભાવે રહેલો જે જાણે છે તે જ તેને ઓળખે છે. ૨૭.

જે મનુષ્ય ઈશ્વરને સર્વત્ર સમભાવે રહેલો જુએ છે તે પોતે પોતાનો ઘાત કરતો નથી ને તેથી પરમગતિને પામે છે. ૨૮.

નોંધ : સમભાવે રહેલા ઈશ્વરને જેનારો પોતે તેમાં શમી જાય છે ને બીજું કશું જોતો નથી. તેથી વિકારવશ થતો નથી; પરિણામે મોક્ષ પામે છે. પોતાનો શત્રુ નથી બનતો.

બધેય પ્રકૃતિ જ કર્મો કરે છે એમ જે સમજે છે ને તેથી આત્માને અકર્તારૂપે જાણે છે તે જ ખરો જાણકાર છે. ૨૯.

નોંધ : જેમ ઊંઘતા મનુષ્યનો આત્મા ઊંઘનો કર્તા નથી, પણ પ્રકૃતિ નિદ્રાનું કર્મ કરે છે તેમ.

નિર્વિકાર પુરુષની આંખ કશું મેલું નહીં જુએ. પ્રકૃતિ પોતે વ્યભિચારિણી નથી. અભિમાની પુરુષ જ્યારે તેનો સ્વામી બને છે ત્યારે તે મેળાપમાંથી વિષયવિકાર ઉત્પન્ન થાય છે.

જ્યારે તે (જાણકાર) જીવોની હસ્તી નોખી છતાં એકમાં જ રહેલી જુએ છે અને બધો વિસ્તાર તે(એક) માંથી થયેલો સમજે છે ત્યારે તે બ્રહ્મને પામે છે. ૩૦.

નોંધ : અનુભવે બધું બ્રહ્મમાં જ જોવું તે જ બ્રહ્મને પામવું છે. ત્યારે જીવ શિવથી નોખો નથી રહેતો.

હે કૌંતેય ! આ અવિનાશી પરમાત્મા અનાદિ અને નિર્ગુણ હોવાથી શરીરમાં રહેતો છતો નથી કંઈ કરતો ને નથી કશાથી લેપાતો. ૩૧.

જેમ સર્વવ્યાપી આકાશ સૂક્ષ્મ હોવાથી લેપાતું નથી, તેમ સર્વ દેહને વિશે રહેલો આત્મા લેપાતો નથી. ૩૨.

જેમ એક જ સૂરજ આ આખા જગતને પ્રકાશ આપે છે, તેમ હે ભારત ! ક્ષેત્રી આખા ક્ષેત્રને પ્રકાશે છે. ૩૩.

આ રીતે જેઓ જ્ઞાનચક્ષુ વડે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ વચ્ચેનો ભેદ તથા પ્રકૃતિના બંધનથી પ્રાણીઓની મુક્તિ કેમ થાય છે તે જાણે છે તે બ્રહ્મને પામે છે. ૩૪.

ૐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ-વિભાગ-યોગ' નામનો તેરમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૧૪. ગુણત્રય-વિભાગ-યોગ

ગુણમયી પ્રકૃતિની થોડી ઓળખ કરાવ્યા પછી સહેજે ત્રણ ગુણનું વર્ણન આ અધ્યાયમાં આવે છે. અને તે કરતાં ગુણાતીતનાં લક્ષણ પણ ભગવાન ગણાવે છે.

બીજા અધ્યાયમાં જે લક્ષણ સ્થિતપ્રજ્ઞનાં જોવામાં આવે છે, બારમામાં જે ભક્તનાં જોવામાં આવે છે, તેવાં આમાં ગુણાતીતનાં છે.

૪૨

શ્રીભગવાન બોલ્યા :

જ્ઞાનોમાંનું જે ઉત્તમ જ્ઞાન છે અને જે અનુભવીને બધા મુનિઓ આ દેહ-બંધન છૂટ્યા પછી પરમગતિને પામ્યા તે હું તને ફરી કહીશ. ૧.

આ જ્ઞાનનો આશ્રય લઈને જેઓ મારા ભાવને પામ્યા તેમને ઉત્પત્તિકાળે જન્મવાપણું નથી અને પ્રલયકાળે વ્યથા પામવાપણું નથી. ૨.

હે ભારત ! મહદ્‌બ્રહ્મ એટલે પ્રકૃતિ તે મારી યોનિ છે. તેમાં હું ગર્ભ મેલું છું અને તેમાંથી પ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે. ૩.

હે કૌંતેય! બધી યોનિઓમાં જે જે જીવોની ઉત્પત્તિ થાય છે તેમની ઉત્પત્તિનું સ્થાન મહદ્‌બ્રહ્મ એટલે કે મારી પ્રકૃતિ છે ને તેમાં બીજારોપણ કરનારો પિતા - પુરુષ - હું છું. ૪.

હે મહાબાહો! પ્રકૃતિથી ઉત્પન્ન થતા ગુણો સત્ત્વ, રજસ્ અને તમસ્ અવિનાશી દેહધારી જીવને દેહને વિશે બાંધે છે. ૫.

તેમાં સત્ત્વ નિર્મળ હોવાથી પ્રકાશક અને આરોગ્યકર છે, અને હે અનઘ! તે દેહીને સુખમાં ને જ્ઞાનમાં આસક્તિ ઉપજાવી બાંધે છે. ૬.

હે કૌંતેય! રજોગુણ અનુરાગ રૂપ હોઈ તે તૃષ્ણા અને આસક્તિનું મૂળ છે, તે દેહધારીને કર્મપાશમાં બાંધે છે. ૭.

હે ભારત! તમોગુણ અજ્ઞાનમૂલક હોઈ તે દેહધારી માત્રને મોહમાં નાખે છે અને તે અસાવધાનતા (ગફલત), આળસ અને નિદ્રાના પાશથી દેહીને બાંધે છે. ૮.

હે ભારત! સત્ત્વ આત્માને શાંતિસુખનો સંગ કરાવે છે. રજસ્ કર્મનો, અને તમસ્ જ્ઞાનને ઢાંકીને પ્રમાદનો સંગ કરાવે છે. ૯.

હે ભારત! જ્યારે રજસ્ ને તમસ્ દબાય છે ત્યારે સત્ત્વ ઉપર આવે છે. સત્ત્વ અને તમસ્ દબાય છે ત્યારે રજસ્ [ઉપર આવે છે] અને સત્ત્વ અને રજસ્ દબાય

ત્યારે તમસ્ ઉપર આવે છે. ૧૦.

બધી ઇન્દ્રિયો દ્વારા આ દેહને વિશે જ્યારે પ્રકાશ ને જ્ઞાનનો ઉદ્‌ભવ થાય છે ત્યારે સત્ત્વગુણની વૃદ્ધિ થઈ છે એમ જાણવું. ૧૧.

હે ભરતર્ષભ! જ્યારે રજોગુણની વૃદ્ધિ થાય છે ત્યારે લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરંભ, અશાંતિ (અતૃપ્તિ) અને ઇચ્છાનો ઉદય થાય છે. ૧૨.

હે કુરુનંદન! જ્યારે તમોગુણની વૃદ્ધિ થાય છે ત્યારે અજ્ઞાન, મંદતા અસાવધાની અને મૂઢતા ઉત્પન્ન થાય છે. ૧૩.

પોતામાં સત્ત્વગુણની વૃદ્ધિ થઈ હોય ત્યારે દેહધારી મૃત્યુ પામે તો તે ઉત્તમ જ્ઞાનીઓના નિર્મળ લોકને પામે છે. ૧૪.

રજોગુણમાં મૃત્યુ થાય તો દેહધારી કર્મસંગીના લોકમાં જન્મે છે, અને તમોગુણમાં મૃત્યુ પામનાર મૂઢયોનિમાં જન્મે છે. ૧૫.

નોંધ : કર્મસંગી એટલે મનુષ્યલોક અને મૂઢયોનિ એટલે પશુ ઇત્યાદિ લોક.

સત્કર્મનું ફળ સાત્ત્વિક અને નિર્મળ હોય છે. રાજસી કર્મનું ફળ દુઃખ હોય છે, અને તામસી કર્મનું ફળ અજ્ઞાન હોય છે. ૧૬.

નોંધ : જેને આપણે સામાન્ય વ્યવહારમાં સુખદુઃખ માનીએ છીએ તે સુખદુઃખનો ઉલ્લેખ અહીં ન સમજવો. સુખ એટલે આત્માનંદ, આત્મપ્રકાશ. તેથી ઊલટું તે દુઃખ. ૧૭મા શ્લોકમાં આ સ્પષ્ટ થાય છે.

સત્ત્વગુણમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. રજોગુણમાંથી લોભ, અને તમોગુણમાંથી અસાવધાની, મોહ અને અજ્ઞાન નીપજે છે. ૧૭.

સાત્ત્વિક મનુષ્યો ઊંચે ચડે છે, રાજસી મધ્યમાં રહે છે અને છેલ્લા ગુણવાળા તામસી લોકો અધોગતિને પામે છે. ૧૮.

તત્ત્વદર્શી જ્ઞાની જ્યારે જુએ છે કે ગુણો સિવાય બીજો કોઈ કર્તા છે જ નહીં અને જ્યારે તે ગુણોથી જે પર છે તેને જાણે છે ત્યારે તે મારા ભાવને પામે છે. ૧૯.

નોંધ : ગુણોને જ કર્તા તરીકે જેનારાને અહંભાવ હોય નહીં. તેથી તેનાં કામ બધાં સ્વાભાવિક હોય, અને શરીરયાત્રા જેગાં જ હોય. અને શરીરયાત્રા પરમાર્થને કારણે જ હોવાથી તેના કાર્યમાત્રમાં નિરંતર ત્યાગ અને વૈરાગ્ય જ હોવાનાં. આવો જ્ઞાની સહેજે ગુણોથી પર એવા નિર્ગુણ ઈશ્વરને કલ્પે, ઓળખે ને ભજે.

દેહના સંગથી ઉત્પન્ન થતા આ ત્રણ ગુણોને તરી જઈને દેહધારી (માણસ) જન્મ, મૃત્યુ અને જરાના

દુઃખમાંથી છૂટે છે અને મોક્ષ પામે છે. ૨૦.

૪૩

અર્જુન બોલ્યા :

હે પ્રભો ! આ ત્રણ ગુણોને તરી જનારો કયાં ચિહ્નોથી ઓળખાય છે ? તેના આચાર શા હોય ? અને એ ત્રણ ગુણોને તે કેવી રીતે તરે છે ? ૨૧.

શ્રીભગવાન બોલ્યા :

હે પાંડવ ! પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ પ્રાપ્ત થતાં જે દુઃખ નથી માનતો ને તે ન પ્રાપ્ત થવાથી તેની ઇચ્છા નથી કરતો, ઉદાસીનની જેમ જે સ્થિર છે, જેને ગુણો હલાવતા નથી, 'ગુણો જ પોતાનો ભાગ ભજવે છે' એમ માની જે સ્થિર રહે છે, વિચલિત થતો નથી, જે સુખદુઃખમાં સમતાવાન રહે છે; સ્વસ્થ રહે છે, માટીનું ઢેફું, પથ્થર ને સોનું સરખાં ગણે છે, પ્રિય અથવા અપ્રિય વસ્તુ પ્રાપ્ત થતાં એકસરખો રહે છે, પોતાની નિંદા કે સ્તુતિ જેને સરખાં છે, જેને માન ને અપમાન સરખાં છે, જે મિત્રપક્ષ અને શત્રુપક્ષને વિશે સમાનભાવ રાખે છે, અને જેણે સર્વે

આરંભોનો ત્યાગ કર્યો છે એવો બુદ્ધિમાન, તે ગુણાતીત કહેવાય છે. ૨૨-૨૩-૨૪-૨૫.

નોંધ : ૨૨થી ૨૫ શ્લોકો એકસાથે વિચારવાના છે. પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ, આગળના શ્લોકમાં જાણાવ્યું છે તેમ સત્ત્વ, રજસ્ ને તમસ્નાં અનુક્રમે પરિણામો અથવા ચિહ્ન છે. એટલે ગુણોને જે ઓળંગી ગયો છે તેની ઉપર તે પરિણામની અસર ન હોય એમ કહેવાનું આમાં તાત્પર્ય છે. પથ્થર પ્રકાશની ઇચ્છા નથી કરતો, નથી પ્રવૃત્તિ કે જડતાનો દ્વેષ કરતો; એને ઇચ્છ્યા વિના શાંતિ છે; એને કોઈ ગતિ આપે છે તો તેનો તે દ્વેષ નથી કરતો. ગતિ આપ્યા પછી તેને કોઈ સ્થિર કરી મૂકે છે તો તેથી પ્રવૃત્તિ (ગતિ) બંધ થઈ, મોહ, જડતા પ્રાપ્ત થયાં એમ તેને લાગી દુ:ખ નથી થતું; પણ ત્રણે સ્થિતિએ તે એકસરખો વર્તે છે.

પથ્થર અને ગુણાતીતમાં ભેદ એ કે ગુણાતીત ચેતનમય છે ને તેણે જ્ઞાનપૂર્વક ગુણોનાં પરિણામોનો, સ્પર્શનો ત્યાગ કર્યો છે અને એક રીતે જડ પથ્થરના જેવો બન્યો છે. પથ્થર ગુણોનાં એટલે પ્રકૃતિનાં કાર્યોનો સાક્ષી છે પણ કર્તા નથી, તેમ જ્ઞાની તેનો સાક્ષી રહે છે, કર્તા મટી જાય છે. આવા જ્ઞાનીને વિશે કલ્પી શકાય કે તે ૨૩મા શ્લોકમાં કહ્યા પ્રમાણે ગુણો પોતાનાં કાર્ય કર્યા કરે છે એમ સમજતો હોવાથી હાલતો નથી અને અચળ રહે છે; ઉદાસીનની જેમ બેસે છે એટલે અડગ રહે છે.

ગુણોમાં તન્મય થયેલા આપણે આ સ્થિતિ કેવળ કલ્પીને ધીરજપૂર્વક સમજી શકીએ છીએ, અનુભવી નથી શકતા. પણ તે કલ્પનાને નજરમાં રાખી આપણે 'હું'પણાને દિવસે દિવસે મોળું કરીએ તો છેવટે ગુણાતીતની સ્થિતિની નજીક જઈએ ને તેની ઝાંખી કરીએ. ગુણાતીત પોતાની સ્થિતિ અનુભવે છે, વર્ણવી શકતો નથી. વર્ણવી શકે છે તે ગુણાતીત નથી, કેમ કે તેનામાં અહંભાવ રહ્યો છે. બધા સહેજે અનુભવી શકે છે તે શાંતિ, પ્રકાશ, ધાંધલ - પ્રવૃત્તિ કે જડતા - મોહ હોય છે. સાત્ત્વિકતા એ ગુણાતીતની પાસેમાં પાસેની સ્થિતિ છે એમ ગીતામાં ઠેકઠેકાણે સ્પષ્ટ કર્યું છે.

તેથી મનુષ્યમાત્રનો પ્રયત્ન સત્ત્વગુણ કેળવવાનો છે. અને અંતે તેને ગુણાતીત અવસ્થા પ્રાપ્ત થશે જ એવો વિશ્વાસ એ રાખે.

જે એકનિષ્ઠ થઈ ભક્તિયોગ વડે મને સેવે છે તે આ ગુણોને વટાવીને બ્રહ્મરૂપ બનવાને યોગ્ય થાય છે. ૨૬.

આ બ્રહ્મની સ્થિતિ તે હું જ, શાશ્વત મોક્ષની સ્થિતિ તે હું, તેમ જ સનાતન ધર્મની અને ઉત્તમ સુખની સ્થિતિ પણ હું જ છું. ૨૭.

ૐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'ગુણત્રય-વિભાગ-યોગ' નામનો ચૌદમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૧૫. પુરુષોત્તમ-યોગ

આ અધ્યાયમાં ક્ષર અને અક્ષરથી પર એવું પોતાનું ઉત્તમ સ્વરૂપ ભગવાને સમજાવ્યું છે.

૪૪

શ્રીભગવાન બોલ્યા :

જેનું મૂળ ઊંચે છે, જેની શાખા નીચે છે, અને વેદો જેનાં પાંદડાં છે એવું જે અવિનાશી અશ્વત્થ સંસારવૃક્ષ કહેવાય છે તેને જે જાણે છે તે વેદને જાણનારો જ્ઞાની છે. ૧.

નોંધ : 'શ્વ:' એટલે આવતી કાલ. તેથી અ-શ્વ-ત્થ એટલે આવતી કાલ લગી ન ટકનાર એવો ક્ષણિક સંસાર. સંસારનું પ્રતિક્ષણ રૂપાંતર થયા કરે છે માટે તે અશ્વત્થ છે. પણ એવી સ્થિતિમાં તે હંમેશાં રહેનાર છે તેથી અને તેનું મૂળ ઊર્ધ્વ એટલે ઈશ્વર છે તેથી તે શાશ્વત અવિનાશી છે. તેને વેદના એટલે ધર્મના શુદ્ધ જ્ઞાનરૂપી પાતરાં ન હોય તો તે ન શોભે. આમ સંસારનું યથાર્થ જ્ઞાન જેને છે અને જે ધર્મને જાણનાર છે તે જ્ઞાની છે.

ગુણોના સ્પર્શ વડે વૃદ્ધિ પામેલી અને વિષયરૂપી કૂંપળવાળી તે અશ્વત્થની ડાળીઓ નીચે-ઉપર પ્રસરેલી છે; કર્મોનાં બંધન કરનારાં તેનાં મૂળ મનુષ્યલોકમાં નીચે ફેલાયેલાં છે. ૨.

નોંધ : સંસારવૃક્ષનું અજ્ઞાનીની દૃષ્ટિવાળું આ વર્ણન છે. તેનું ઊંચે ઈશ્વરમાં રહેલું મૂળ તે નથી જોતો, પણ વિષયોની રમણીયતામાં મુગ્ધ રહી ત્રણે ગુણો વડે એ વૃક્ષને પોષે છે ને મનુષ્યલોકમાં કર્મપાશમાં બંધાયેલો રહે છે.

આ વૃક્ષનું યથાર્થ સ્વરૂપ જોવામાં આવતું નથી. તેને અંત નથી, આદિ નથી, પાયો નથી; ખૂબ ઊંડે ગયેલા મૂળવાળા આ અશ્વત્થ વૃક્ષને અસંગરૂપી બળવાન શસ્ત્રથી છેદીને મનુષ્ય આ પ્રાર્થના કરે : 'જેમાંથી આ સનાતનપ્રવૃત્તિ – માયા પ્રસરેલી છે તે આદિપુરુષને હું શરણ જાઉં છું !' અને તે પદને શોધે કે જેને પામનારાને ફરી જન્મમરણના ચક્રમાં પડવું નથી પડતું. ૩-૪.

નોંધ : અસંગ એટલે અસહકાર, વૈરાગ્ય. જ્યાં લગી મનુષ્ય વિષયોની જોડે અસહકાર ન કરે, તેમનાં પ્રલોભનોથી દૂર ન રહે ત્યાં લગી તે તેમાં ખૂંચ્યા જ કરવાનો.

વિષયોની સાથે રમત રમવી ને તેમનાથી અસ્પૃષ્ટ રહેવું એ ન બનવા યોગ્ય છે એ આ શ્લોકો બતાવે છે.

જેણે માનમોહનો ત્યાગ કર્યો છે, જેણે આસક્તિથી થતા દોષોને દૂર કર્યા છે, જે આત્મામાં નિત્ય નિમગ્ન છે, જેના વિષયો શમી ગયા છે, જે સુખ-દુઃખરૂપી દ્વંદ્વોથી મુક્ત છે તે જ્ઞાની અવિનાશી પદને પામે છે. ૫.

ત્યાં સૂર્યને, ચંદ્રને કે અગ્નિને પ્રકાશ આપવાપણું નથી હોતું. જ્યાં જનારને ફરી જન્મવું નથી પડતું એ મારું પરમધામ છે. ૬.

૪૪ અ

મારો જ સનાતન અંશ જીવલોકમાં જીવ થઈને પ્રકૃતિમાં રહેલ પાંચ ઈન્દ્રિયો અને મનને આકર્ષે છે. ૭.

શરીરનો સ્વામી એટલે કે જીવ જ્યારે શરીર છોડે છે અથવા ધારણ કરે છે ત્યારે જેમ વાયુ પુષ્પાદિ ઠામમાંથી ગંધ લઈ જાય છે તેમ ઈન્દ્રિયો સહિત મનને સાથે લઈ જાય છે. ૮.

અને કાન, આંખ, ચામડી, જીભ, નાક તથા મનનો આશ્રય લઈને તે વિષયોને સેવે છે. ૯.

નોંધ : અહીં વિષય શબ્દોનો અર્થ બીભત્સ વિલાસ નથી, પણ તે તે ઈન્દ્રિયોની સ્વાભાવિક ક્રિયાઓ; જેમ કે આંખનો વિષય જોવું, કાનનો સાંભળવું. જીભનો ચાખવું. આ

ક્રિયાઓ વિકારવાળી, અહંભાવવાળી હોય ત્યારે દોષિત બીભત્સ ઠરે છે. જ્યારે નિર્વિકાર હોય ત્યારે તે નિર્દોષ છે. બાળક આંખે જોતું કે હાથે અડકતું વિકાર પામતું નથી. તેથી નીચેના શ્લોકમાં કહે છે :

(શરીરનો) ત્યાગ કરનાર અથવા તેમાં રહેનાર તેમ જ ગુણોનો આશ્રય લઈ ભોગ ભોગવનાર એવા (આ અંશરૂપી) ઈશ્વરને મૂર્ખાઓ નથી જોતા; દિવ્યચક્ષુ જ્ઞાનીઓ જુએ છે. ૧૦.

યત્નવાન યોગીજનો પોતાને વિશે રહેલા આ ઈશ્વરને જુએ છે. જ્યારે જેમણે પોતાની જાતને કેળવી જ નથી, આત્મશુદ્ધિ કરી નથી, એવા મૂઢજન યત્ન કરતાં છતાં પણ એને ઓળખતા નથી. ૧૧.

નોંધ : આમાં ને નવમા અધ્યાયમાં દુરાચારીને ભગવાને જે વચન આપ્યું છે તેમાં વિરોધ નથી. અકૃતાત્મા એટલે ભક્તિહીન, સ્વેચ્છાચારી, દુરાચારી.

નમ્રપણે શ્રદ્ધાથી ઈશ્વરને જે ભજે છે તે ક્રમે ક્રમે આત્મશુદ્ધ થાય છે અને ઈશ્વરને ઓળખે છે. જે યમ-નિયમાદિની દરકાર ન રાખતાં કેવળ બુદ્ધિપ્રયોગથી ઈશ્વરને ઓળખવા માગે છે તે અચેતા – ચિત્ત વિનાના, રામ વિનાના, રામને ક્યાંથી જ ઓળખે ?

૪૫

સૂર્યમાં રહેલું જે તેજ આખા જગતને પ્રકાશે છે અને જે તેજ ચંદ્રમાં અને અગ્નિમાં રહેલું છે તે મારું જ છે એમ જાણ. ૧૨.

પૃથ્વીમાં પ્રવેશ કરીને મારી શક્તિથી હું પ્રાણીઓને ધારણ કરું છું, અને રસો ઉત્પન્ન કરનાર ચંદ્ર થઈ બધી વનસ્પતિઓનું પોષણ કરું છું. ૧૩.

જઠરાગ્નિ બની પ્રાણીઓના દેહનો આશ્રય લઈ હું પ્રાણ અને અપાન વાયુ વડે ચારે પ્રકારનું અન્ન પચાવું છું. ૧૪.

[નોંધ : ચાર પ્રકારનું અન્ન તે (૧) ચાવીને ખાવાનું, (૨) પીવાનું, (૩) ચૂસી લેવાનું અને (૪) ચાટી જવાનું. -કા૦]

હું બધાનાં હૃદયને વિશે રહેલો છું; મારા વડે સ્મૃતિ, જ્ઞાન અને તેનો અભાવ થાય છે. બધા વેદોથી જાણવાયોગ્ય તે હું જ, વેદોનો જાણનાર હું, અને વેદાન્તનો પ્રગટાવનાર પણ હું જ છું. ૧૫.

૪૬

આ લોકમાં ક્ષર એટલે નાશવંત અને અક્ષર એટલે અવિનાશી એવા બે પુરુષો છે. ભૂતમાત્ર તે 'ક્ષર' છે અને તેમાં જે સ્થિર રહેલો અંતર્યામી છે તે 'અક્ષર' કહેવાય છે. ૧૬.

આ ઉપરાંત એક બીજો ઉત્તમ પુરુષ છે. તે પરમાત્મા કહેવાય છે. એ અવ્યય ઈશ્વર ત્રણે લોકમાં પ્રવેશ કરીને તેને પોષે છે. ૧૭.

કેમ કે હું ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું, તેથી વેદોમાં અને લોકોમાં પુરુષોત્તમ નામે પ્રખ્યાત છું. ૧૮.

હે ભારત! મોહરહિત થઈને મને પુરુષોત્તમને આમ જે જાણે છે તે સર્વ જાણે છે ને મને પૂર્ણભાવે ભજે છે. ૧૯.

હે અનઘ! આ ગુહ્યમાં ગુહ્ય શાસ્ત્ર મેં તને કહ્યું. હે ભારત! એ જાણીને મનુષ્ય બુદ્ધિમાન થાય અને પોતાનું જીવન સફળ કરે. ૨૦.

ૐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'પુરુષોત્તમ-યોગ' નામનો પંદરમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૧૬. દૈવાસુર-સંપદ્-વિભાગ-યોગ

આ અધ્યાયમાં દૈવી અને આસુરી સંપદ્નું વર્ણન છે.

દૈવી સંપદ્ એટલે ધર્મ-વૃત્તિ; આસુરી સંપદ્ એટલે અધર્મ વૃત્તિ.

૪૭

શ્રીભગવાન બોલ્યા :

હે ભારત ! અભય, અંત:કરણની શુદ્ધિ, જ્ઞાન અને યોગને વિશે નિષ્ઠા, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, અપૈશુન, ભૂતદયા, અલોલુપતા, મૃદુતા, મર્યાદા, અચંચળતા, તેજ, ક્ષમા, ધૃતિ, શૌચ, અદ્રોહ, નિરભિમાન – આટલા ગુણો, જે દૈવી સંપત્ લઈને જન્મ્યો છે તેનામાં હોય છે. ૧-૨-૩.

નોંધ : દમ એટલે ઇન્દ્રિયનિગ્રહ, અપૈશુન એટલે કોઈની ચાડી ન ખાવી તે; અલોલુપતા એટલે લાલસી ન થવું, લંપટ ન થવું; તેજ એટલે દરેક પ્રકારની હીનવૃત્તિનો વિરોધ કરવાની ધગશ; અદ્રોહ એટલે કોઈનું બૂરું ન ઇચ્છવું અથવા કરવું.

હે પાર્થ ! દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, કઠોરતા, અને અજ્ઞાન આટલાં આસુરી સંપત્ લઈને જન્મેલામાં હોય છે. ૪.

નોંધ : જે પોતાનામાં નથી તે દેખાડવું તે દંભ, ડોળ, પાખંડ, દર્પ એટલે બડાઈ.

દૈવી સંપત્ મોક્ષ આપનારી અને આસુરી સંપત્ બંધનમાં નાખનારી છે. હે પાંડવ ! તું વિષાદ ન કર. તું દૈવી સંપત્ લઈને જન્મ્યો છે. ૫.

૪૮

આ લોકમાં બે જાતની સૃષ્ટિ છે : દૈવી અને આસુરી. હે પાર્થ ! દૈવીનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. આસુરીનું હવે મારી પાસેથી સાંભળ. ૬.

આસુર લોકો પ્રવૃત્તિ શું, અને નિવૃત્તિ શું ? શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ જાણતા નથી. તેમ જ તેમને નથી હોતું શૌચનું કે આચારનું ભાન અને નથી હોતું એમનામાં સત્ય. ૭.

તેઓ કહે છે : જગત અસત્ય, (ધર્મના) આધાર વિનાનું ને ઈશ્વર વિનાનું છે; કેવળ નરમાદાના સંબંધથી પેદા થયેલું છે. તેમાં વિષયભોગ સિવાય બીજો શો હેતુ હોય ? ૮.

આવા અભિપ્રાયને પકડી રાખી ભયાનક કામો કરવાવાળા, મંદમતિ, દુષ્ટો, જગતના શત્રુ બનીને તેના નાશને સારુ ઊભરાય છે. ૯.

તૃપ્ત ન થાય એવી કામનાઓ સેવીને એ દંભી, માની, મદાંધ, અશુભ નિશ્ચયોવાળા મોહને લીધે, દુષ્ટ ઈચ્છાઓ ગ્રહણ કરીને પ્રવર્તે છે! ૧૦.

પ્રલય સુધી જેનો અંત જ નથી એવી અમાપ ચિંતાનો આશ્રય લઈને, કામોના ઉપભોગ પાછળ પડેલા, 'ભોગ એ જ સર્વસ્વ છે,' એવો નિશ્ચય કરવાવાળા, સેંકડો આશાની જાળમાં ફસાયેલા, કામી, ક્રોધી, વિષયભોગને અર્થે અન્યાયપૂર્વક દ્રવ્ય સંચય ઈચ્છે છે. ૧૧-૧૨.

આજે મેં આ મેળવ્યું, આ મનોરથ હવે પૂરો કરીશ; આટલું ધન મારી પાસે છે, વળી કાલે આટલું બીજું મારું થશે; આ શત્રુને તો માર્યો, બીજાઓને પણ મારીશ; હું સર્વસંપન્ન છું, ભોગી છું, સિદ્ધ છું, બળવાન છું, સુખી છું; હું શ્રીમંત છું, કુલીન છું, મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, દાન દઈશ, આનંદ માણીશ, એમ અજ્ઞાનથી મૂઢ થયેલા રાચે છે, અને અનેક ભ્રમણાઓમાં પડી મોહજાળમાં ફસાઈ વિષયભોગમાં મસ્ત થયેલા અશુભ એવા નરકમાં પડે છે. ૧૩-૧૪-૧૫-૧૬.

પોતે જ પોતાને મોટા માનનારા, અક્કડ, ધન અને માનના મદમાં મસ્ત એવા એ વિધિનો ખ્યાલ રાખ્યા વગર માત્ર નામના જ યજ્ઞ દંભથી કરે છે. ૧૭.

તેઓ અહંકાર, બળ, ઘમંડ, કામ અને ક્રોધનો

આશ્રય લેનારા, નિંદા કરનારા અને પોતાનામાં ને બીજાઓમાં રહેલો જે હું તેનો દ્વેષ કરનારા હોય છે. ૧૮.

એ નીચ, દ્વેષી, ક્રૂર, અમંગળ નરાધમોને હું આ સંસારમાંની આસુરી યોનિમાં જ વારંવાર નાખું છું. ૧૯.

હે કૌંતેય! જન્મોજન્મ આસુરી યોનિને પામીને અને મને ન પામવાથી એ મૂઢ લોકો એથીયે વધારે અધમ ગતિને પહોંચે છે. ૨૦.

૪૯

આત્માનો નાશ કરનારું નરકનું આ ત્રેવડું દ્વાર છે : કામ, ક્રોધ અને લોભ. તેથી એ ત્રાણનો માણસે ત્યાગ કરવો. ૨૧.

હે કૌંતેય! આ ત્રેવડા નરકદ્વારથી દૂર રહેનાર મનુષ્ય આત્માનું કલ્યાણ આચરે છે ને તેથી પરમગતિને પામે છે. ૨૨.

જે મનુષ્ય શાસ્ત્રવિધિને છોડીને સ્વચ્છન્દે ભોગોમાં રાચે છે તે નથી મેળવતો સિદ્ધિ કે સુખ; પરમગતિ પણ એને મળતી નથી. ૨૩.

નોંધ : શાસ્ત્રવિધિનો અર્થ ધર્મને નામે મનાતા ગ્રંથોમાં કહેલી અનેક ક્રિયાઓ નહીં, પણ અનુભવજ્ઞાનવાળા સત્પુરુષોએ ખેડેલો સંયમમાર્ગ.

તેથી કાર્ય અને અકાર્યનો નિર્ણય કરવામાં તારે શાસ્ત્રને પ્રમાણ માનવું. શાસ્ત્રવિધિ શું છે તે જાણીને અહીં તારે કર્મ કરવું ઘટે છે. ૨૪.

નોંધ : શાસ્ત્રનો ઉપર જે અર્થ કહ્યો તે જ અહીં પણ છે.

સૌ પોતપોતાનો કાયદો બનાવી સ્વેચ્છાચારી ન બને, પણ ધર્મના અનુભવીઓના વાકચને પ્રમાણ ગણવું જોઈએ એ આ શ્લોકનો આશય છે.

ॐ तत्सत्

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'દૈવાસુર-સંપદ્-વિભાગ-યોગ' નામનો સોળમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૧૭. શ્રદ્ધા-ત્રય-વિભાગ-યોગ

શાસ્ત્રને એટલે કે શિષ્ટાચારને પ્રમાણ ગણવો એમ સાંભળતાં અર્જુનને શંકા થઈ કે જે શિષ્ટાચારને કબૂલ ન કરી શકે પણ શ્રદ્ધાથી વર્તે તેની કેવી ગતિ થાય, તેનો જવાબ આપવાનો આ અધ્યાયમાં પ્રયત્ન છે. પણ શિષ્ટાચારરૂપી દીવાદાંડી છોડયા પછીની શ્રદ્ધામાં ભય રહ્યા છે તે બતાવીને ભગવાને સંતોષ માન્યો છે. અને તેથી શ્રદ્ધા અને તેની ઓથે થતાં યજ્ઞ, તપ, દાનાદિના ગુણ પ્રમાણે ત્રણ વિભાગ કરી બતાવ્યા છે ને અંતે ૐ તત્ સત્નો મહિમા ગાયો છે.

૫૦

અર્જુન બોલ્યા :

હે કૃષ્ણ ! શાસ્ત્રવિધિ એટલે શિષ્ટાચારને જતો કરી જે કેવળ શ્રદ્ધાથી જ પૂજાદિ કરે છે તેની વૃત્તિ કેવી ગણાય ? સાત્ત્વિક, રાજસી કે તામસી ? ૧.

શ્રીભગવાન બોલ્યા :

માણસને એના સ્વભાવ પ્રમાણે ત્રણ પ્રકારની શ્રદ્ધા હોય છે: સાત્ત્વિકી, રાજસી ને વળી તામસી; તે તું સાંભળ. ૨.

હે ભારત! બધાની શ્રદ્ધા તેમના પોતાના પ્રકૃતિ-સ્વભાવને અનુસરે છે, મનુષ્યને કંઈક ને કંઈક શ્રદ્ધા તો હોય જ. જેવી જેની શ્રદ્ધા તેવો તે થાય છે. ૩.

સાત્ત્વિક લોકો દેવોને ભજે છે, રાજસ લોકો યક્ષોને અને રાક્ષસોને ભજે છે, બાકી રહેલા તમાસ લોકો ભૂતપ્રેતાદિને ભજે છે. ૪.

દંભ અને અહંકારવાળા તેમ જ, કામ અને રાગના બળથી પ્રેરાયેલા જે લોકો શાસ્ત્રીય વિધિ વિનાનું ઘોર તપ કરે છે, તે મૂઢ લોકો શરીરને વિશે રહેલાં પંચમહાભૂતોને, તેમ જ અંત:કરણમાં રહેલા મને પણ કષ્ટ આપે છે. આવાને આસુરી નિષ્ઠાવાળા જાણ. ૫-૬.

આહાર પણ મનુષ્યને ત્રણ પ્રકારે પ્રિય હોય છે. તેમ જ યજ્ઞ, તપ તથા દાન પણ ત્રણ પ્રકારે પ્રિય હોય છે. તેમનો આ ભેદ તું સાંભળ. ૭.

આયુષ્ય, સાત્ત્વિકતા, બળ, આરોગ્ય, સુખ અને રુચિ વધારનારા, રસદાર, ચીકણા, પૌષ્ટિક, ને ચિત્તને સંતોષ આપનારા આહાર સાત્ત્વિક લોકોને પ્રિય હોય છે. ૮.

તીખા, ખાટા, ખારા, બહુ ગરમ, તમતમા, લૂખા, બાળે એવા આહાર રાજસ લોકોને ગમે છે, [જોકે] તે દુ:ખ, શોક ને રોગ પેદા કરનારા છે. ૯.

પહોર લગી પડી રહેલું, ઊતરી ગયેલું, ગંધાતું,

રાતવાસી, એઠું, અપવિત્ર ભોજન તમાસ લોકોને પ્રિય હોય છે. ૧૦.

જેમાં ફળની અપેક્ષા નથી, જે વિધિપૂર્વક કર્તવ્ય સમજી, મનને તેમાં પરોવીને થાય છે તે યજ્ઞ સાત્ત્વિક છે. ૧૧.

હે ભરતશ્રેષ્ઠ! જે ફળના ઉદ્દેશથી ને વળી દંભથી થાય છે તે યજ્ઞને રાજસી જાણ. ૧૨.

જેમાં વિધિ નથી, અન્નની ઉત્પત્તિ અને સંતર્પણ નથી, મંત્ર નથી, ત્યાગ નથી, શ્રદ્ધા નથી તે યજ્ઞ તામસ યજ્ઞ કહેવાય છે. ૧૩.

દેવ, બ્રાહ્મણ, ગુરુ અને જ્ઞાનીની પૂજા, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય, અહિંસા એ શારીરિક તપ કહેવાય છે. ૧૪.

દુઃખ ન દે એવું, સત્ય, પ્રિય, હિતકર વચન અને ધર્મગ્રંથનો અભ્યાસ એ વાચિક તપ કહેવાય છે. ૧૫.

મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, આત્મસંયમ, ભાવનાશુદ્ધિ એ માનસિક તપ કહેવાય છે. ૧૬.

સમભાવી પુરુષો જ્યારે ફૂલેચ્છાનો ત્યાગ કરીને પરમ શ્રદ્ધાપૂર્વક આ ત્રણ પ્રકારનું તપ કરે છે, ત્યારે તેને ડાહ્યા લોકો સાત્ત્વિક તપ કહે છે. ૧૭.

સત્કાર, માન અને પૂજાને અર્થે દંભપૂર્વક જે થાય છે તે અસ્થિર અને અનિશ્ચિત તપ રાજસ કહેવાય છે. ૧૮.

જે તપ પીડાઈને, દુરાગ્રહથી અથવા પારકાના નાશને અર્થે થાય છે તે તામસ તપ કહેવાય છે. ૧૯.

આપવું યોગ્ય છે એવી સમજથી, તેમ જ બદલો મળવાની આશા વિના, દેશ, કાળ અને પાત્ર જોઈને જે દાન થાય છે, તેને સાત્વિક દાન કહ્યું છે. ૨૦.

જે દાન બદલો મળવાને અર્થે અથવા વળી ફળનો ખ્યાલ રાખીને અને દુઃખે દેવામાં આવે છે તે રાજસી દાન કહેવાયું છે. ૨૧.

ખોટે સ્થાને, કટાણે અને કુપાત્રને આપેલું અથવા માન વિના, તિરસ્કારથી આપવામાં આવેલું દાન તામસી કહેવાય છે. ૨૨.

૫૧

બ્રહ્મનું વર્ણન ૐ તત્ સત્ એમ ત્રણ રીતે થયેલું છે, અને એ વડે પૂર્વે બ્રહ્મણો, વેદો અને યજ્ઞો નિર્મિત થયા. ૨૩.

તેથી બ્રહ્મવાદીઓની યજ્ઞ, દાન અને તપરૂપી ક્રિયાઓ હંમેશાં ૐનું ઉચ્ચારણ કરીને વિધિવત્ થાય છે. ૨૪.

વળી, 'તત્' એમ ઉચ્ચાર કરી ફલની આશા રાખ્યા વિના મોક્ષેચ્છુ યજ્ઞ, તપ અને દાનરૂપી વિવિધ ક્રિયાઓ કરે છે. ૨૫.

સત્ય તેમ જ કલ્યાણના અર્થમાં સત્ શબ્દનો પ્રયોગ થાય છે. અને હે પાર્થ! શુભ કર્મોમાં પણ સત્ શબ્દ વપરાય છે. ૨૬.

યજ્ઞ, તપ અને દાનને વિશે દૃઢતા એ પણ સત્ કહેવાય છે. તેમને અર્થે જ કર્મ છે એવો સંકલ્પ એ પણ સત્ કહેવાય છે. ૨૭.

નોંધ : ઉપલા ત્રણ શ્લોકોનો ભાવાર્થ એ થયો કે પ્રત્યેક કર્મ ઈશ્વરાર્પણ કરીને જ કરવું, કેમ કે ૐ એ જ સત્ છે, સત્ય છે. તેને અર્પેલું જ ઊગે.

હે પાર્થ! જે યજ્ઞ, દાન, તપ કે બીજું કાર્ય શ્રદ્ધા વિના થાય છે તે અસત્ કહેવાય છે. તે નથી અહીંના કામનું કે નથી પરલોકના કામનું. ૨૮.

ૐ તત્સત્

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'શ્રદ્ધા-ત્રય-વિભાગ-યોગ' નામનો સત્તરમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

૧૮. સંન્યાસયોગ

આ અધ્યાય ઉપસંહારરૂપે ગણાય. તેનો તેમ જ આખી ગીતાનો પ્રેરકમંત્ર આ કહેવાય : 'બધા ધર્મોને તજી મારું શરણ લે.' એ ખરો સંન્યાસ છે. પણ બધા ધર્મોનો ત્યાગ એટલે બધાં કર્મોનો ત્યાગ નહીં. પરોપકારી કર્મો પણ ઈશ્વરને અર્પણ કરવાં અને ફલેચ્છા છોડવી, એ જ સર્વોત્કૃષ્ટ કર્મ છે; એ જ સર્વધર્મત્યાગ કે સંન્યાસ છે.

૫૨

અર્જુન બોલ્યા :

હે મહાબાહો! હે હૃષીકેશ! હે કેશિનિષૂદન! સંન્યાસ અને ત્યાગનું નોખું નોખું રહસ્ય હું જાણવા ઇચ્છું છું. ૧.

શ્રી ભગવાન બોલ્યા :

કામનાથી ઉત્પન્ન થયેલાં (કામ્ય) કર્મોના ત્યાગને જ્ઞાનીઓ સંન્યાસને નામે જાણે છે. બધાં કર્મોનાં ફળના ત્યાગને ડાહ્યા લોકો ત્યાગ કહે છે. ૨.

કેટલાક વિચારવંત પુરુષો કહે છે: કર્મમાત્ર દોષમય હોઈ ત્યાગવા યોગ્ય છે; બીજા કહે છે: યજ્ઞ, દાન ને તપરૂપી કર્મો ત્યાગવા યોગ્ય નથી. ૩.

હે ભરતસત્તમ ! એ ત્યાગને વિશે મારો નિર્ણય સાંભળ. હે પુરુષવ્યાઘ્ર ! ત્યાગ ત્રણ પ્રકારે વર્ણવાયો છે. ૪.

યજ્ઞ, દાન ને તપરૂપી કર્મો ત્યાજ્ય નથી પણ કરવા યોગ્ય છે. યજ્ઞ, દાન અને તપ વિવેકીને પાવન કરનારાં છે. ૫.

હે પાર્થ ! આ કર્મો પણ આસક્તિ અને ફલેચ્છાનો ત્યાગ કરીને કરવાં જોઈએ એવો મારો નિશ્ચિત અને ઉત્તમ અભિપ્રાય છે. ૬.

નિયત કર્મનો ત્યાગ યોગ્ય નથી. મોહને વશ થઈને જો તેનો ત્યાગ કર્યો તો તે ત્યાગ તામસ ગણાય છે. ૭.

દુઃખકારક સમજી, કાયાના કષ્ટના ભયથી જે કર્મનો ત્યાગ કોઈ કરે છે તે રાજસ ત્યાગ છે ને તેથી તેને ત્યાગનું ફળ મળતું નથી. ૮.

હે અર્જુન ! કરવું જ જોઈએ એવી સમજથી જે નિયત કર્મ સંગ અને ફળના ત્યાગપૂર્વક કરાય છે તે ત્યાગ સાત્ત્વિક મનાયો છે. ૯.

સંશયરહિત થયેલો, શુદ્ધ ભાવનાવાળો, ત્યાગી અને બુદ્ધિમાન પુરુષ અગવડવાળાં કર્મનો દ્વેષ નથી કરતો, સગવડવાળાંથી નથી રાચતો. ૧૦.

તમામ કર્મોનો સદંતર ત્યાગ કરવો દેહધારીને સારુ શકય નથી પણ જે કર્મફળનો ત્યાગ કરે છે તે ત્યાગી કહેવાય છે. ૧૧.

ત્યાગ નહીં કરનારને કર્મનું ફળ, આગળ જતાં ત્રણ પ્રકારનું થાય છે : અશુભ, શુભ અને શુભાશુભ. જે

ત્યાગી (સંન્યાસી) છે તેને કદી નથી થતું. ૧૨.

૫૩

હે મહાબાહો! કર્મમાત્રની સિદ્ધિને વિશે સાંખ્યશાસ્ત્રમાં આ પાંચ કારણો કહ્યાં છે. તે મારી પાસેથી જાણ. ૧૩.

એ પાંચ આ છે : ક્ષેત્ર, કર્તા, જુદાં જુદાં સાધનો, જુદી જુદી ક્રિયાઓ, અને પાંચમું દૈવ. ૧૪.

શરીર, વાચા અથવા મનથી જે કંઈ પણ કર્મ મનુષ્ય નીતિસર કે નીતિવિરુદ્ધ કરે છે તેનાં આ પાંચ કારણ હોય જ છે. ૧૫.

આમ હોવા છતાં, અસંસ્કારી બુદ્ધિને લીધે જે કેવળ પોતાને જ કર્તા માને છે તે મૂઢમતિ કંઈ સમજતો નથી. ૧૬.

જેનામાં (હું કરું છું એવો) અહંકારભાવ નથી, જેની બુદ્ધિ (આસક્તિથી) મલિન નથી, તે આ જગતને હણતો છતો નથી હણતો, નથી બંધનમાં પડતો. ૧૭.

નોંધ : ઉપર ઉપરથી વાંચતાં આ શ્લોક મનુષ્યને ભુલાવામાં નાખનારો છે. ગીતાના ઘણા શ્લોકો કાલ્પનિક આદર્શને અવલંબનારા છે. તેનો સચોટ નમૂનો જગતમાં ન મળે. છતાં ઉપયોગને અર્થે પણ જેમ ભૂમિતિમાં કાલ્પનિક આદર્શ આકૃતિઓની આવશ્યકતા છે તેમ જ ધર્મ વ્યવહારને

અંગે છે. તેથી આ શ્લોકનો અર્થ આમ જ બેસાડાય :

જેની અહંતા ખાખ થઈ ગઈ છે, ને જેની બુદ્ધિમાં લેશ પણ મેલ નથી, તે ભલે આખા જગતને હણે એમ કહીએ. પણ જેનામાં અહંતા નથી તેને શરીર જ નથી. જેની બુદ્ધિ વિશુદ્ધ છે તે ત્રિકાળદર્શી છે. આવો પુરુષ તો કેવળ એક ભગવાન છે. તે કરતો છતો અકર્તા છે; હણતો છતો અહિંસક છે. તેથી મનુષ્ય પાસે તો એક ન હણવાનો અને શિષ્ટાચાર - શાસ્ત્ર - પાળવાનો જ માર્ગ છે.

કર્મની પ્રેરણામાં ત્રણ તત્ત્વો રહેલાં છે : જ્ઞાન, જ્ઞેય અને પરિજ્ઞાતા. તેમ જ કર્મનાં અંગ પણ ત્રણ પ્રકારનાં હોય છે : ઇન્દ્રિયો, ક્રિયા અને કર્તા. ૧૮.

નોંધ : આમાં વિચાર અને આચારનું સમીકરણ છે. પ્રથમ મનુષ્ય કરવાનું શું (જ્ઞેય) તેની રીત(જ્ઞાન)ને જાણે છે - પરિજ્ઞાતા બને છે. એ કર્મપ્રેરણાના પ્રકાર પછી તે ઇન્દ્રિયો (કરણ) વડે ક્રિયાનો કરનાર બને છે. આ કર્મસંગ્રહ.

જ્ઞાન, કર્મ અને કર્તા ગુણભેદ પ્રમાણે ત્રણ પ્રકારના છે. તે ગુણ-ગણનામાં જેવા વર્ણવાયા છે તેવા સાંભળ. ૧૯.

જે વડે મનુષ્ય બધાં ભૂતોમાં એક જ અવિનાશી ભાવને અને વિવિધતામાં એકતાને જુએ છે તેને સાત્ત્વિક જ્ઞાન જાણ. ૨૦.

જુદા જુદા (દેખાતા) હોવાથી બધાં ભૂતોમાં જે વડે મનુષ્ય જુદા જુદા વહેંચાયેલા ભાવો જુએ છે તે જ્ઞાન રાજસ જાણ. ૨૧.

જે વડે, કાંઈ કારણ વિના, એક જ વસ્તુમાં બધું આવી જતું માનીને માણસ આસક્ત રહે છે અને જે રહસ્ય વિનાનું અને તુચ્છ હોય છે તે તામસ જ્ઞાન કહેવાય છે. ૨૨.

ફલેચ્છારહિત પુરુષે આસક્તિ અને રાગદ્વેષ વિના કરેલું નિયતકર્મ સાત્ત્વિક કહેવાય છે. ૨૩.

નોંધ : નિયતકર્મ એટલે ઈન્દ્રિયોને મન વડે નિયમમાં રાખી કરેલું કર્મ; જુઓ નોંધ ૩-૮.

ભોગની ઈચ્છા રાખનાર 'હું કરું છું' એવા ભાવથી ધાંધલપૂર્વક જે કર્મ કરે છે તે રાજસ કહેવાય છે. ૨૪.

પરિણામોનો, હાનિનો, હિંસાનો, કે પોતાના ગજાનો વિચાર કર્યા વિના મોહને વશ થઈને માણસ જે કર્મ આરંભે છે તે તામસ કર્મ કહેવાય છે. ૨૫.

[નોંધ : 'અનુબંધ'માં પરિણામ કરતાં વધારે ભાવ છે. એક કર્મનો સંબંધ, સીધો કે આડકતરી રીતે જ્યાં જ્યાં હોય છે અને એની અસર જ્યાં જ્યાં પહોંચે છે, તે આખા વિસ્તારને અનુબંધ કહે છે. -કા૦]

જે આસક્તિ અને અહંકારરહિત છે, જેનામાં દૃઢતા અને ઉત્સાહ છે, અને જે સફળતા-નિષ્ફળતામાં હર્ષશોક

નથી કરતો તે સાત્ત્વિક કર્તા કહેવાય છે. ૨૬.

જે રાગી છે, કર્મફળની ઇચ્છાવાળો છે, લોભી છે, હિંસાવાન છે, મેલો છે, હર્ષ અને શોકવાળો છે તે રાજસ કર્તા કહેવાય છે. ૨૭.

જે અવ્યવસ્થિત, અસંસ્કારી, ઘમંડી, મીંઢો, શઠ, ઘાતકી, આળસુ, ગમગીન અને દીર્ઘસૂત્રી છે તે તામસ કર્તા કહેવાય છે. ૨૮.

હે ધનંજય ! બુદ્ધિના તેમ જ ધૃતિના ગુણ પ્રમાણે વિગતવાર અને નોખા નોખા ત્રણ પ્રકાર કહું છું તે સાંભળ. ૨૯.

પ્રવૃત્તિ-નિવૃત્તિ, કાર્ય-અકાર્ય, ભય-અભય, તથા બંધમોક્ષનો ભેદ જે બુદ્ધિ યોગ્ય રીતે જાણે છે તે સાત્ત્વિક બુદ્ધિ છે. ૩૦.

જે બુદ્ધિ ધર્મ-અધર્મ અને કાર્ય-અકાર્યનો વિવેક અશુદ્ધ રીતે કરે છે તે બુદ્ધિ હે પાર્થ ! રાજસી છે. ૩૧.

હે પાર્થ ! જે બુદ્ધિ અંધકારથી ઘેરાયેલી હોવાથી અધર્મને જ ધર્મ માને છે, ને બધી વસ્તુને ઊલટી રીતે જ જુએ છે તે તામસી છે. ૩૨.

જે એકનિષ્ઠ ધૃતિથી મનુષ્ય મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાનું સામ્યબુદ્ધિથી ધારણ કરે છે તે ધૃતિ હે પાર્થ ! સાત્ત્વિકી છે. ૩૩.

હે પાર્થ ! જે ધૃતિ વડે મનુષ્ય ફલાકાંક્ષી હોઈ ધર્મ, અર્થ અને કામને આસક્તિપૂર્વક ધારણ કરે છે તે ધૃતિ

રાજસી છે. ૩૪.

જે ધૃતિ વડે દુર્બુદ્ધિ મનુષ્ય નિદ્રા, ભય, શોક, ખેદ ને મદ છોડી નથી શકતો તે, હે પાર્થ! તામસી ધૃતિ છે. ૩૫.

હે ભરતર્ષભ! હવે ત્રણ પ્રકારનાં સુખનું વર્ણન મારી પાસેથી સાંભળ.

અભ્યાસથી જ જેનામાં મનુષ્ય રાચે છે, જેનાથી એ દુઃખનો અંત પામે છે, જે આરંભમાં ઝેર જેવું લાગે છે, પરિણામે જ અમૃતના જેવું હોય છે, જે આત્મજ્ઞાનની પ્રસન્નતામાંથી ઉત્પન્ન થયેલું હોય છે તે સાત્ત્વિક સુખ કહેવાય છે. ૩૬-૩૭.

વિષયો અને ઇંદ્રિયોના સંયોગથી જે આરંભમાં અમૃત જેવું લાગે છે પણ જે પરિણામે ઝેર સમાન નીવડે છે તે સુખ રાજસ કહેવાય છે. ૩૮.

જે આરંભમાં અને પરિણામે આત્માને મૂર્છા પમાડનારું છે અને નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી ઉત્પન્ન થયેલું હોય છે તે તામસ સુખ કહેવાય છે. ૩૯.

પૃથ્વીમાં કે દેવોને વિશે સ્વર્ગમાં એવું કંઈ જ નથી કે જે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા આ ત્રણ ગુણોથી મુક્ત હોય. ૪૦.

૫૪

હે પરંતપ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનાં કર્મોના પણ તેમના સ્વભાવજન્ય ગુણોને લીધે ભાગ પાડેલા છે. ૪૧.

શમ, દમ, તપ, શૌચ, ક્ષમા, સરળતા, જ્ઞાન, અનુભવમૂલક વિજ્ઞાન અને આસ્તિકતા એ બ્રાહ્મણનાં સ્વભાવજન્ય કર્મો છે. ૪૨.

શૌર્ય, તેજ, ધૃતિ, દક્ષતા, યુદ્ધમાં પાછા ન હઠવું, દાન, અને પ્રભુત્વશક્તિ એ ક્ષત્રિયનાં સ્વભાવજન્ય કર્મો છે. ૪૩.

ખેતી, ગોરક્ષા, અને વેપાર એ વૈશ્યનાં સ્વભાવજન્ય કર્મો છે. વળી શૂદ્રનું સ્વભાવજન્ય કર્મ ચાકરી છે. ૪૪.

પોતપોતાના કર્મમાં રત રહીને પુરુષ મોક્ષ પામે છે. પોતાના કર્મમાં રત રહેલા માનવીને કઈ રીતે મોક્ષ મળે છે તે હવે સાંભળ. ૪૫.

જેના વડે પ્રાણીઓની પ્રવૃત્તિ ચાલે છે, જેના વડે આ બધું વ્યાપ્ત છે તે પરમાત્માને જે પુરુષ સ્વકર્મ વડે ભજે છે તે મોક્ષ પામે છે. ૪૬.

પરધર્મ સુકર હોય તે છતાં તેના કરતાં વિગુણ એવો સ્વધર્મ વધારે સારો છે. સ્વભાવ પ્રમાણે નક્કી કરેલું કર્મ કરનાર મનુષ્યને પાપ લાગતું નથી. ૪૭.

નોંધ : સ્વધર્મ એટલે પોતાનું કર્તવ્ય. ગીતાશિક્ષણનું

મધ્યબિંદુ કર્મફલત્યાગ છે, ને સ્વકર્મ કરતાં બીજું ઉત્તમ કર્તવ્ય શોધતાં ફલત્યાગને સ્થાન નથી રહેતું; તેથી સ્વધર્મને શ્રેષ્ઠ કહ્યો. બધા ધર્મનું ફળ તેના પાલનમાં આવી જાય છે.

હે કૌંતેય ! સહજ પ્રાપ્ત થયેલું કર્મ સદોષ છતાં ન છોડવું. જેમ અગ્નિની સાથે ધુમાડો રહ્યો છે તેમ સર્વે કર્મોની સાથે દોષ રહેલ છે. ૪૮.

જેણે બધેથી આસક્તિ ખેંચી લીધી છે, જેણે કામનાઓ છોડી છે, જેણે પોતાની જાતને જીતી છે તે સંન્યાસ વડે નૈષ્કર્મ્યરૂપ પરમસિદ્ધિ પામે છે. ૪૯.

હે કૌંતેય ! સિદ્ધિ મળ્યા પછી મનુષ્ય બ્રહ્મને કેવી રીતે પામે છે તે મારી પાસેથી ટૂંકામાં સાંભળ. તે જ જ્ઞાનની પરાકાષ્ઠા છે. ૫૦.

જેની બુદ્ધિ શુદ્ધ થયેલ છે એવો યોગી દૃઢતાપૂર્વક પોતાની જાતને વશ કરીને, શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને, રાગદ્વેષને જીતીને, એકાંત સેવીને, આહાર અલ્પ કરીને, વાચા, કાયા ને મનને અંકુશમાં રાખીને, ધ્યાનયોગમાં નિત્ય પરાયણ રહીને, વૈરાગ્યનો આશ્રય લઈને, અહંકાર, બલ, દર્પ, કામ, ક્રોધ અને પરિગ્રહનો ત્યાગ કરીને, મમતારહિત અને શાંત થઈને બ્રહ્મભાવને પામવાયોગ્ય થાય છે. ૫૧-૫૨-૫૩.

આવી રીતે બ્રહ્મભાવને પામેલો પ્રસન્નચિત્ત મનુષ્ય નથી શોક કરતો, નથી કંઈ ઇચ્છતો; ભૂતમાત્રને વિશે

સમ-ભાવ રાખીને મારી પરમ ભક્તિને પામે છે. ૫૪.

હું કેવડો છું અને કોણ છું એ ભક્તિ વડે એ યથાર્થ જાણે છે અને એમ મને યથાર્થપણે જાણ્યા પછી મારામાં પ્રવેશ કરે છે. ૫૫.

મારો આશ્રય લેનાર સદાય સર્વ કર્મ કરતો છતો મારી કૃપા વડે શાશ્વત, અવ્યયપદને પામે છે. ૫૬.

૫૫

મનથી બધાં કર્મોને મારે વિશે અર્પણ કરી, મારામાં પરાયણ થઈ, વિવેકબુદ્ધિનો આશ્રય લઈ નિરંતર મારામાં ચિત્ત પરોવ. ૫૭.

મારામાં ચિત્ત પરોવવાથી મુશ્કેલીઓ રૂપી બધા પહાડો મારી કૃપાથી તું ઓળંગી જઈશ, પણ જો અહંકારને વશ થઈ મારું નહીં સાંભળે તો નાશ પામીશ. ૫૮.

અહંકારને વશ થઈ 'નહીં લડું' એમ તું માને તો એ તારો નિશ્ચય મિથ્યા છે. તારો સ્વભાવ જ તને તે તરફ બળાત્કારે ઘસડી જશે. ૫૯.

હે કૌંતેય ! સ્વભાવજન્ય પોતીકા કર્મથી બંધાયેલો તું, મોહને વશ થઈ જે કરવા નથી ઇચ્છતો, તે પરાણે કરીશ. ૬૦.

હે અર્જુન ! ઈશ્વર બધાં પ્રાણીઓનાં હૃદયમાં વાસ કરે છે; અને પોતાની માયાને બળે તેમને, ચાક ઉપર

ચડેલા ઘડાની જેમ ચકરચકર ફેરવે છે. ૬૧.

હે ભારત ! સર્વભાવથી તું તેનું જ શરણ લે. તેની કૃપા વડે તું પરમ શાંતિમય અમરપદને પામીશ. ૬૨.

આમ ગુહ્યથી ગુહ્ય જ્ઞાન મેં તને કહ્યું. એ બધાનો સારી રીતે વિચાર કરીને જેમ તને ઠીક લાગે તેમ કર. ૬૩.

વળી બધાથી પણ ગુહ્ય એવું મારું પરમવચન સાંભળ. તું મને બહુ વહાલો છે તેથી હું તને મારું હિત કહીશ : ૬૪.

મારી લગની લગાડ, મારો ભક્ત થા, મારે અર્થે યજ્ઞ કર, મને નમન કર. તું મને જ પામીશ એ મારી સત્ય પ્રતિજ્ઞા છે. તું મને પ્રિય છે. ૬૫.

બધા ધર્મોનો ત્યાગ કરીને એક મારું જ શરણ લે. હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. શોક કરીશ મા. ૬૬.

૫૬

જે તપસ્વી નથી, જે ભક્ત નથી, જે સાંભળવા ઇચ્છતો નથી અને જે મારો દ્વેષ કે અદેખાઈ કરે છે તેને આ (જ્ઞાન) તારે કદી ન કહેવું. ૬૭.

પણ આ પરમગુહ્ય જ્ઞાન જે મારા ભક્તોને આપશે તે મારી પરમભક્તિ કરવાથી નિ:શંક મને જ પામશે. ૬૮.

તેના કરતાં મનુષ્યોમાં મારો કોઈ વધારે પ્રિય સેવા કરનારો નથી, અને આ પૃથ્વીને વિશે તેના કરતાં કોઈ મને વધારે પ્રિય થનારો નથી. ૬૯.

નોંધ : આમાં તાત્પર્ય એ છે કે આ જ્ઞાન જેણે અનુભવ્યું છે એ જ તે બીજાને આપી શકે. જે કેવળ શુદ્ધ ઉચ્ચારણ કરીને અર્થ સહિત ફક્ત સંભળાવી જાય તેને વિશે ઉપલા બે શ્લોક નથી.

આપણી વચ્ચેના આ ધર્મ્ય સંવાદનો જે અભ્યાસ કરશે તે મને જ્ઞાનયજ્ઞ વડે ભજશે એવો મારો અભિપ્રાય છે. ૭૦.

વળી જે મનુષ્ય દ્વેષરહિત થઈને શ્રદ્ધાપૂર્વક માત્ર સાંભળશે તે પણ પાપ-મુક્ત થઈને પુણ્યવાન જ્યાં વસે છે તે શુભ લોકને પામશે. ૭૧.

હે પાર્થ ! શું તેં આ એકાગ્ર ચિત્તથી સાંભળ્યું ? હે ધનંજય ! અજ્ઞાનને લીધે જે મોહ તને થયો હતો તે શું નાશ પામ્યો ? ૭૨.

અર્જુન બોલ્યા :

હે અચ્યુત ! તમારી કૃપા વડે મારો મોહ નાશ પામ્યો છે. મને ભાન આવ્યું છે, શંકાનું સમાધાન થવાથી હું સ્વસ્થ થયો છું. તમારું કહ્યું કરીશ. ૭૩.

સંજય બોલ્યા :

આ પ્રમાણે વાસુદેવ અને મહાત્મા પાર્થ વચ્ચેનો આ રૂવાં ઊભાં કરે એવો અદ્‌ભુત સંવાદ મેં સાંભળ્યો. ૭૪.

વ્યાસજીની કૃપા વડે યોગેશ્વર કૃષ્ણના શ્રીમુખથી મેં

આ ગુહ્ય પરમયોગ સાંભળ્યો. ૭૫.

હે રાજન્! કેશવ અને અર્જુનની વચ્ચેનો આ અદ્‌ભુત અને પવિત્ર સંવાદ સંભારી સંભારીને હું ફરી ફરીને હરખાઉં છું. ૭૬.

વળી હે રાજન્! હરિનું તે અદ્‌ભુત રૂપ ખૂબ સંભારતો સંભારતો મહાઆશ્ચર્ય પામું છું; ને વારંવાર હરખાયા કરું છું. ૭૭.

મારો સ્પષ્ટ અભિપ્રાય છે કે જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે, અને જ્યાં ધનુર્ધારી પાર્થ છે ત્યાં શ્રી છે, વિજય છે, વૈભવ છે અને અવિચળ નીતિ પણ છે. ૭૮.

નોંધ : યોગેશ્વર કૃષ્ણ એટલે અનુભવસિદ્ધ શુદ્ધ જ્ઞાન અને **ધનુર્ધારી** અર્જુન તદનુસારિણી ક્રિયા, આ બેનો સંગમ જ્યાં હોય ત્યાં સંજયે કહ્યું તે સિવાય બીજું શું પરિણામ હોઈ શકે ?

ॐ तत्सत्

જે બ્રહ્મવિદ્યા પણ છે તેમ જ યોગશાસ્ત્ર પણ છે એવી આ શ્રીભગવાને ગાયેલી ઉપનિષદમાં આવેલા શ્રીકૃષ્ણાર્જુન વચ્ચેના સંવાદનો 'સંન્યાસયોગ' નામનો અઢારમો અધ્યાય અત્રે પૂરો થાય છે.

અનાસક્તિયોગ પણ અત્રે પૂરો થાય છે.

ॐ शान्तिः

આ અનુવાદની પાછળ આડત્રીસ વર્ષના આચારના પ્રયત્નનો દાવો છે. આ કારણે હું એમ ઈચ્છું ખરો કે પ્રત્યેક ગુજરાતી ભાઈબહેન જેમને ધર્મને આચારમાં મૂકવાની ઈચ્છા છે તેઓ એ વાંચે, વિચારે ને તેમાંથી શક્તિ મેળવે.

- ગાંધીજી

૩. ૮-૦૦ ISBN 81-7229-148-5

W9-CEX-749